**સમાનો મન્ત્રઃ** (ઋગ્વેદ) **સમાની પ્રપા** (અથર્વવેદ)

# પરબ

## ઓનલાઇન


સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૪ ઑક્ટોબર : ૨૦૦૯ અંક : ૪



**: પરામર્શનસમિતિ :**

| **નારાયણ દેસાઈ** | **ભોળાભાઈ પટેલ** | **ભારતી ર. દવે** |
|---|---|---|
| પ્રમુખ | વરિષ્ઠ કાર્યવાહકસમિતિ સભ્ય | પ્રકાશનમંત્રી |

**: તંત્રી :**

યોગેશ જોષી

**: સહતંત્રી :**

પ્રફુલ્લ રવલ



**ગુજરાતી સાહિત્ય પરિષદ**

**મેઘાણી જ્ઞાનપીઠ ▯ ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ,
'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન અને ફૅક્સ : ૨૬૫૮૭૯૪૭
E-mail : gspamd@vsnl.net
Web-site : www.gujaratisahityaparishad.org
www.gujaratisahityaparishad.com





## અ નુ ક્ર મ


| | |
|---|---|
| **પરિષદ-પ્રમુખનો પત્ર** | નારાયણ દેસાઈ |
| **કવિતા** | બોન્શાઈ કાવ્યો ● શ્રીકાન્ત શાહ, શબ્દો ● યૉસેફ મૅકવાન, ફિનિક્સ મંગળ પર ઊતર્યું… ત્યારે… ● યૉસેફ મૅકવાન, ઓકળીમાં દાણો ● રાધેશ્યામ શર્મા, ચાર ગઝલ ● રાજેશ વ્યાસ 'મિસ્કીન' |
| **વિશેષ** | ગાંધીનું વિજ્ઞાન ● ડૉ. પંકજ જોષી |
| **અભ્યાસ** | અસલ જીવનછબી ઉપસાવતી જીવનકથા : તરસ્યા મલકનો મેઘ ● અજયસિંહ ચૌહાણ |
| **સમીક્ષા/ગ્રંથાવલોકન** | 'આવાગમન' : ટૂંકીવાર્તાનું કળામય વાસ્તવ વિજય શાસ્ત્રી દ્વારા ● સેજલ શાહ , નારીવાદના સાદ્યંત નિદર્શનની સશક્ત કૃતિ – 'શોષ' ● ડૉ. કેસર મકવાણા, મેળાથી મોબાઇલ સુધી વેરાયેલી બાળઊર્મિઓ ● નટવર પટેલ, "તુલસી ઇસ સંસાર મેં ભાત ભાત કે લોગ" ● મંજુલા ડી. છેડા |
| **પરિષદવૃત્ત** | સંકલન : અનિલા દલાલ |
| **સાહિત્યવૃત્ત** | સંકલન : પ્રફુલ્લ રાવલ |
| **આવરણચિત્ર** | મનહર કાપડિયા |

# પરિષદ-પ્રમુખનો પત્ર

કેટલાક શબ્દોની કાળક્રમે અર્થછાયા બદલાતી હોય છે, દેશ કાળનો સંદર્ભ બદલાય તે મુજબ વાપરનારનું વ્યક્તિત્વ પણ કેટલીક વાર શબ્દમાં અર્થ ભરી દે છે. દાખલા તરીકે અસ્મિતા શબ્દ સંસ્કૃત કોશ મુજબ અહંતા સૂચવતો નકારાત્મક અર્થ ધરાવે છે, પણ ક. મા. મુનશીએ 'ગુજરાતની અસ્મિતા' કહી એ શબ્દને ગર્વને બદલે ગૌરવ સૂચવતો કરી દીધો. ચિંતકો અને દાર્શનિકો પોતાના જીવનના અનુભવો અને ચિંતનનો ઉમેરો કરીને શબ્દોને નવો ઓપ પણ ચડાવતા હોય છે. ગાંધીજીએ અને ખાસ તો વિનોબાજીએ ગીતામાં વપરાતા યજ્ઞ, દાન, તપ વગેરે શબ્દોમાં ઊંડો અર્થ ભરી દીધો. શંકરાચાર્યે દાન શબ્દનો અર્થ જ સમ્યક્ વિભાજન કરી દીધો. ભાષાના વપરાશથી જેમ ઘણી વાર તે વાપરનારાનું ગૌરવ વધે છે, તેમ કેટલીક વાર વાપરનારનાં તપ ને પુણ્યનો લાભ કેટલાક શબ્દોને પણ ગૌરવાન્વિત કરે છે.

વૉરરેઝિસ્ટસે ઇન્ટરનૅશનલનો હું પ્રમુખ હતો તે વર્ષો દરમિયાન મારા કેટલાક શાંતિવાદી મિત્રોને અમારા વિદ્યાલયનું નામ ઇન્સ્ટિટ્યૂટ ફૉર ટોટલ રેવોલ્યુશન સાંભળીને નવાઈ લાગી. આન્તરરાષ્ટ્રીય રાજકારણ સમજનાર કેટલાક શાણા લોકોએ તો ભામાશાહી વલણો ધરાવનાર દેશો સાથે પત્ર-વ્યવહાર કરતી વખતે અંગ્રેજી નામને બદલે સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય શબ્દ વાપરવાની સલાહ આપેલી કે જેથી 'આ કાંઈક સ્થાનિક શબ્દ છે' એમ ધારીને ચતુર રાજકારણીઓને એનાથી ચોંકતા રાખી શકાય ! અરે, આપણે ત્યાં આચાર્ય કૃપાલાણી જેવા ક્રાંતિકારી આગેવાનોને સુધ્ધાં 'ટોટલ' શબ્દમાં ટોટાલિટેરિયન (એકહથ્થુ સત્તા) શબ્દની ગંધ આવતી જોઈ છે !

જયપ્રકાશજીએ ૫ મી જૂન ૧૯૧૪ને દિને પટનાના ગાંધી મેદાનમાં લાખોની મેદની સામે 'આપણું ધ્યેય તો સંપૂર્ણ ક્રાંતિનું છે' એમ કહ્યું ત્યારે સંભવ છે કે એનાથી ઉલ્લસિત થઈ તાળીઓ પાડનાર જુવાનોને મન ક્રાંતિ શબ્દનું આકર્ષણ સંપૂર્ણ શબ્દની સમજ કરતાં વધારે હોય. પણ જયપ્રકાશજીએ એક સમજુ લોકશિક્ષક તરીકે, તે સભામાં સંપૂર્ણ ક્રાંતિ શબ્દ અંગે સમજૂતી આપવા માંડી તે ત્યાર પછીના દિવસોમાં યુવકોના મસ્તિષ્કમાં ક્રમશઃ વધુ ઊંડી ઊતરતી ગઈ.

હજુ હમણા ગયે અઠવાડિયે એક આન્તરરાષ્ટ્રીય બૌદ્ધ સંગઠનના મહામંત્રી ભદંત જી. જગતે સંપૂર્ણ ક્રાંતિ શબ્દો પાછળના અમારા આશયને વધુ ફોડ પાડીને સમજાવવા આગ્રહ કર્યો ત્યારે મારા મનમાં આ બધો સંદર્ભ તાજો થયો. મેં તેમની આગળ જે નમ્રભાવે રજૂઆત કરી તેમાં વાક્ અર્થમાં રસ ધરાવતા અને સમાજના પ્રશ્નો અંગે નિસ્બત ધરાવતા 'પરબ'ના પાઠકોને પણ રસ પડે એમ માનીને મારા એ લગભગ એકપક્ષી 'સંવાદ'ને થોડા સુધારાવધારા અને ઉમેરાઘટાડા સાથે નીચે આપું છું.

ક્રાંતિ એટલે સામાન્ય રીતે ઝડપી ફેરફાર એટલો અર્થ સૌ કરે. થોડો વધુ વિચાર કરનારા ફેરફાર એટલે ઉપરછલ્લો ફેરફાર નહીં, પણ ધરમૂળથી ફેરફાર એવો અર્થ પણ કરે. દુનિયાના ઇતિહાસમાં ઔદ્યોગિક ક્રાંતિ, અમેરિકન ક્રાંતિ, ફ્રેંચ ક્રાંતિ, રૂસી ક્રાંતિ પછી પ્રતિક્રાંતિનાં બી વવાય છે. આ મનોભાવોનું પરિવર્તન પણ માત્ર ક્ષણિક ન રહે, તે રૂઢ થાય અને તેમાંથી એ વ્યક્તિના સ્વભાવનો એક ભાગ બની જાય એ જરૂરી છે.



ક્રાંતિ શબ્દનો અર્થ નવા નવા સંદર્ભ મુજબ વધુ ને વધુ ઊંડો થતો ગયો. ભારતમાં જયપ્રકાશજી પહેલાં પણ એ શબ્દ વપરાયો છે. ડૉ. રામમનોહર લોહિયાના સપ્તક્રાંતિ શબ્દમાં સંપૂર્ણ ક્રાંતિ શબ્દ સાથે ઘણું અર્થસામ્ય હતું.

વ્યક્તિગત રીતે હું સંપૂર્ણ ક્રાંતિ શબ્દોને માણસજાતના બે મહાન સાંસ્કૃતિક પ્રવાહોના સંગમના અર્થમાં સમજુ છું. એક પ્રવાહ છે ચિત્તશુદ્ધિ માટેના પ્રયાસનો, જે કદાચ બીજા દેશો કરતાં પૂર્વમાં અને તેમાંય આપણા દેશમાં વધુ જોરદાર રીતે વહ્યો છે. વ્યક્તિ મોક્ષ કે નિર્વાણ જેવા આદર્શોને આંખ આગળ રાખી પોતાના ચિત્તની શુદ્ધિનો અને ગુણવર્ધનનો પ્રયાસ કરે અને એ લક્ષ સુધી પહોંચવા ચિંતન, મનન, ધ્યાન, તપ, યોગ વગેરે કરે એ આપણે ત્યાં સદીઓ કે સહસ્રાવદીઓથી ચાલી આવતી પરંપરા છે. આમાં ધ્યાન મુખ્યત્વે ગુણવિકાસ તરફ આપવામાં આવે છે.

બીજો મહાન સાંસ્કૃતિક પ્રવાહ મુખ્યત્વે પશ્ચિમમાં વહ્યો છે, તે છે સામાજિક ક્રાંતિનો. ઉપર મેં જે ક્રાંતિઓનો ઉલ્લેખ કર્યો તે મુખ્યત્વે આ બીજા પ્રકારની ક્રાંતિ. સામાન્ય રીતે કેટલીક મોટી ઘટનાઓ ઘટતી હોય અથવા એને અંતે જે (ઘણે ભાગે મોટાં મોટાં) પરિણામો આવે તેને ક્રાંતિ તરીકે ઓળખવામાં આવે છે. સંપૂર્ણ ક્રાંતિની પાછળ માનવના આ બંને સાંસ્કૃતિક પ્રવાહોના સંગમની અવધારણા છે. સંપૂર્ણ ક્રાંતિ પાછળની કલ્પના એ છે કે માત્ર વ્યક્તિની ચિત્તશુદ્ધિ એ ગમે તેટલો ઊંચો કૂદકો હોય તો પણ અધૂરો છે. ક્રાંતિનું પરિણામ સમાજ પર પડેલું પણ દેખાવું જ જોઈએ. બીજી બાજુ વ્યક્તિની શુદ્ધિનો વિચાર કર્યા વિનાનું સમાજ-પરિવર્તન પણ અધૂરું છે. સંપૂર્ણ ક્રાંતિનો વિચાર એવો છે કે ચિત્તશુદ્ધિનું પરિણામ સમાજક્રાંતિ અને સમાજક્રાંતિનું માધ્યમ વ્યક્તિઓની ચિત્તશુદ્ધિ એ હોવું જોઈએ.

સાધારણપણે ક્રાંતિનો અર્થ ઝડપી ફેરફાર કરવામાં આવે છે, તે ફેરફાર અંગે ઊંડા ઊતરવાથી આપણે સંપૂર્ણ ક્રાંતિના સમગ્ર અર્થ સુધી પહોંચી શકીશું.

ક્રાંતિમાં સૌથી અગત્યનો ફેરફાર થતો હોય તો તે જીવનમૂલ્યો (વૅલ્યૂઝ) અંગેનો છે. એ મૂલ્યોને આધારે જ વ્યક્તિના જીવનમાં અને આખા સમાજની રચનામાં ફેરફાર થતા હોય છે. સ્વાર્થ અથવા લોભ અને સ્પર્ધાનાં મૂલ્યો પર મૂડીવાદી સમાજ ખડો થાય છે, તો સમાજહિત અને પરસ્પર સહકારનાં મૂલ્યો પર બીજા પ્રકારનો સમાજ રચાય. જ્યારે આખા સમાજમાં નવાં મૂલ્યો પ્રતિષ્ઠિત થાય ત્યારે ત્યાં ક્રાંતિ થયેલી ગણાય. લોભને બદલે ઉદારતા, દ્વેષની જગાએ પ્રેમ, અમર્યાદ ઉપભોગને બદલે વિવેકસરનો ઉપભોગ જેવાં મૂલ્યો સમાજમાં સ્થપાય ત્યારે સંપૂર્ણ ક્રાંતિની દિશામાં આપણે આગળ વધ્યા કહેવાઈએ.

મૂલ્યો પછી બીજો વિચાર મનોભાવ (એટિટ્યૂડ)નો કરવો રહ્યો. વ્યક્તિને જો પોતાનું જીવન અમુક જીવનમૂલ્યોને અનુરૂપ કરવું હોય તો તેણે પોતાના મનોભાવને પણ તે દિશામાં જ વહેતા કરવા જોઈએ. તમે મનમાં ક્રોધ કે દ્વેષભાવ રાખીને સમાજમાં પ્રેમ કે સૌહાર્દનો ફેલાવો નહીં કરી શકો. પરસ્પર સદ્ભાવવાળો સમાજ સ્થાપવો હોય તો એ સમાજનું સૌથી નાનું ઘટક એટલે વ્યક્તિ, તે સ્નેહભાવથી ભરેલી હોવી જોઈએ. સંપૂર્ણ ક્રાંતિનો વિચાર સમાજના નાગરિકોનાં વલણો પણ ક્રાંતિ જે મૂલ્યો સ્થાપિત કરવા માગે છે તે તરફ ઢળવાં જોઈએ એમ નિશ્ચિતપણે માને છે. મોટી મોટી ક્રાંતિ પછી પણ એ સમાજના સભ્યોના મનોભાવ એ ક્રાંતિનાં મૂલ્યોથી જુદાં હોય તો તે ક્રાંતિ ઝાઝું ટકી શકતી નથી. એમાંથી

સંપૂર્ણ ક્રાંતિમાં ત્યાર પછી ત્રીજો વિચાર કરવાનો છે સંબંધો-રિલેશનશિપ્સનો. સમાજના જુદા જુદા એકમો અથવા જુથો વચ્ચેના સંબંધો પણ ક્રાંતિની દિશામાં બદલાવા જોઈએ. દાખલા તરીકે સંપૂર્ણ ક્રાંતિમાં સ્ત્રી પુરુષના સંબંધો જૂના સમાજમાં જે પ્રકારના બંધાયેલા છે, તેવા નહીં રહે – સંપૂર્ણ ક્રાંતિનું એક મૂલ્ય સ્ત્રીપુરુષ સહનારા ગરિકત્વનું છે. આજકાલના પુરુષપ્રધાન સમાજમાં પુરુષનું વર્ચસ્વ અને સ્ત્રીનું સ્થાન ગૌણ હોય છે તે નહીં રહે. એને બદલે પરિવારમાં અને સમાજમાં સ્ત્રી અને પુરુષને સરખી સ્વતંત્રતા, કામ કરવાની સરખી તક અને પરસ્પર સહકારથી સરખો વિકાસ કરવાનો મોકો મળશે. આવું જ પિતા-પુત્ર, સાસુ-વહુ, શ્રમિક અને મૂડીવાન, ગણોતિયા-જમીન માલિક વગેરે સંબંધો વિષે પણ કહી શકાય.

મૂલ્યો, મનોવૃત્તિઓ અને સંબંધો બદલાશે એની સાથે સાથે સમાજની સંસ્થાઓ (ઇન્સ્ટિટ્યૂશન્સ)માં પણ પરિવર્તન આવશે. સંસ્થાઓ એટલે માત્ર ઈંટ-ચૂનાના મકાનોની બનેલી સંસ્થા નહીં. પણ સમાજે પોતાના ધારણ સારુ જે સંસ્થાઓ ઊભી કરી છે તેની ગુણવત્તામાં ફેરફાર કરવા પડશે. દાખલા તરીકે વિવાહ સંસ્થા હજારો વર્ષોથી ચાલતી આવેલી છે. એને અંગે જુદા જુદા સમાજોએ જુદા જુદા કાયદાઓ પણ ઘડ્યા છે. જો સંસ્થામાં સમાજનાં બંને અંગોને સરખો ન્યાય અને સરખી તક મળી રહે એ રીતે કાં સંસ્થામાં ફેરફાર કરવા પડશે કાં પરંપરાઓ બદલવી પડશે. એક જમાનામાં સંયુક્ત કુટુંબો હતાં. આજકાલ એ પ્રમાણમાં ઘટી ગયાં છે – તથા થોડા વર્ષો પહેલાં થતા એના પ્રમાણમાં આજકાલ છૂટાછેડાનું પ્રમાણ વધી ગયું છે. સંપૂર્ણ ક્રાંતિમાં લગ્નવિચ્છેદની આવશ્યકતા અને તેની પરંપરામાં કરવા લાયક કોઈ ફેરફારો કરવા ઘટે કે નહીં તેનો વિચાર પણ સમાજે કરવાનો રહેશે. આ મુજબ વારસાના અધિકારો, ધર્મ પસંદ કરવા અંગે વ્યક્તિના અધિકારો, વૃદ્ધાવસ્થામાં પહોંચેલ લોકોનાં હિતો જળવાય, બાળકો કે કાચી વયના કિશોરો પાસે નિષ્ઠુર મજૂરી ન કરાવાય, રોગ થયા પછી એને મટાડવાના ઉપાયો યોજનાર ઇસ્પિતાલો રોગ થાય જ નહીં એવું શિક્ષણ આપતી થાય, આજકાલ કોર્ટો સાચીખોટી દલીલ કરી સજાઓ ફરમાવતી અથવા એમાંથી છટકતી છે, તેને બદલે ઝઘડા-ટંટાઓ જ કેમ ઘટે એનું આયોજન અને એનો પ્રયાસ ન્યાય વ્યવસ્થા કરતી થાય. આવા આવા કાંઈ કાંઈ ફેરફારો સંપૂર્ણ ક્રાંતિની સંસ્થાઓ મારફત જોવા મળે અને છેવટે આ બધાં પરિવર્તનને પરિણામે સમાજના આખા માળખા સ્ટ્રિક્ચરમાં જ ધરમૂળથી પરિવર્તનો થાય. આજે તો સત્તા, ઉદ્યોગ, અરે, વિદ્યા પણ જાણે થોડા લોકોના હાથમાં સમાજના મોટાભાગના લોકોનું ભવિષ્ય સોંપી દે છે. તેને બદલે સમાજનું માળખું કાંઈક એવી રીતે ઊભું થાય કે જેમાં નાના નાના સમૂહો – દાખલા તરીકે ગામડાં કે મહોલ્લાઓ પોતાનું વ્યવસ્થાતંત્ર પોતે ઊભું કરી લે અને પોતે ચલવે, વિકાસની યોજનાઓનું આયોજન નીચેથી ઉપર તરફ ગતિ કરે અને આખો સમાજ એવાં લાખો સ્વાયત્ત તંત્રોને બરાબરીને દરજ્જે ગૂંથતાં તંત્ર બને, વ્યક્તિ પોતાની જવાબદારી પૂરી કરવી એ પોતાનું પ્રથમ કર્તવ્ય માને, પણ પોતાના મંડળ કે જૂથને પ્રત્યે એ વફાદાર હોય. જૂથ પણ વ્યક્તિની કાળજી રાખે અને એનો દરેક રીતે વિકાસ થાય એ જોવાની જવાબદારી પોતાની સમજે – આવા સમાજનું માળખું આજની માફક નીચે વિશાળ સમાજના ખભા પર ઊભેલા પિરામિડ જેવું છે તેને બદલે સંપૂર્ણ ક્રાંતિનો સમાજ ગાંધી જેને નિત્ય વિકસિત થતાં જતાં વર્તુળો જેવો વર્તુળાકાર જળતરંગો સમ બને એવી કલ્પના છે.

અલબત્ત આ આખી કલ્પના કાંઈ પ્રત્યક્ષ પ્રયોગ કરીને સિદ્ધ થયેલી નથી. અમારા વિદ્યાલયનું નામ સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય રાખ્યું છે તે પણ અમારી આકાંક્ષા સૂચવે છે, અમારી સિદ્ધિ નહીં.

સંપૂર્ણ ક્રાંતિની અવધારણાનો ઝાંખો ઝાંખો પણ વિચાર કરતી વખતે તે લક્ષ સુધી પહોંચવાનાં સાધન વિષે અમારા મનમાં એક વાત સ્પષ્ટ છે એ તો અહીં જ જણાવી દેવું જોઈએ. જેમ લક્ષ શુદ્ધ છે, ઉચ્ચ છે કે પવિત્ર છે, તેમ એને પ્રાપ્ત કરવાનું સાધન પણ એટલું જ શુદ્ધ અને પવિત્ર હોવું જોઈએ. ઝડપી પરિણામોના લોભમાં ઘણી વાર માણસ ગમે તે સાધન વાપરીને લક્ષ સુધી પહોંચવાના ટૂંકા રસ્તા શોધતો હોય છે. પણ સંપૂર્ણ ક્રાંતિના ચાહકો આ બાબત પૂરેપૂરા આગ્રહી છે કે સમાજપરિવર્તનનાં સાધનો શુદ્ધ જ હોવાં જોઈએ. જેનું એક એક ડગલું – આડુંઅવળું ચાતર્યા વિના લક્ષની દિશા તરફ જ મંડાવું જોઈએ. શાંતિમય સમાજ સ્થાપવો હોય તો તેવો સમાજ સ્થાપવા સારુ શાંતિભંગ કરે તેવાં સાધનો તો ન જ વપરાય. અલબત્ત સંપૂર્ણ ક્રાંતિ એ એક આદર્શ છે, અને આદર્શ કાંઈ હમેશાં સાધકની પકડમાં નથી હોતો. આદર્શ હમેશાં એવો હોય છે કે જે સાધકની પહોંચમાં હોય, પણ પકડમાં ન એ આદર્શ સુધી પહોંચવા સારુ હમેશાં વ્યક્તિ કે જૂથના પુરુષાર્થની અપેક્ષા રહેલી હોય છે. આદર્શ એટલો ઊંચો હોય કે સાધકને ત્યાં કદી પહોંચાય જ નહીં એમ લાગે તો કદાચ એમ બને કે તે એ આદર્શ સુધી પહોંચવા પ્રયત્ન જ ન કરે. પણ એ આદર્શ એની પહોંચમાં હોય તો એને સારુ પુરુષાર્થ કરવાની એ પ્રેરણા આપી શકે.

સંપૂર્ણ ક્રાંતિ શબ્દ જ્યારે જયપ્રકાશજીએ વાપર્યો ત્યારે તેમણે આ બાબત બીજી પણ બે પ્રકારની ચોખવટ કરી છે, તે પણ આ પ્રસંગે સમજી લેવી જરૂરી છે. તેમણે એમ કહ્યું હતું કે આ ક્રાંતિ સર્વક્ષેત્રીય ક્રાંતિ છે. એટલે કે એને માત્ર રાજકારણ કે અર્થતંત્રના વિષયમાં જ ફેરફાર કરવાથી સમાધાન નહીં થાય. ડૉ. લોહિયાની 'સપ્તક્રાંતિ'ના વિચાર સાથે તે આ બાબત સહમત છે કે તે માત્ર રાજનૈતિક જ નહીં, પણ આર્થિક, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક નૈતિક અને આધ્યાત્મિક ક્ષેત્રોમાં પણ મૂલ્યોમાં ધરમૂળથી ફેરફાર લાવવાની કલ્પના છે.

અને બીજી ચોખવટ પણ જયપ્રકાશજીએ કરી હતી કે તેમની ક્રાંતિ અંગે કોઈ જડ કે સ્થિર કલ્પના નથી એમણે એને સારુ એક પર્યાયવાચી શબ્દ વાપર્યો હતો 'નિરંતર ક્રાંતિ' – એટલે ઇતિહાસને એક તબક્કે અમુક પરિવર્તન કરીને એ ચૂપ નહીં બેસી રહે. પર્વતારોહણ કરનાર વ્યક્તિ જેમ એક પછી એક ટૂંક ચડતો આગળ નવાં નવાં શિખરો જોઈને તે સર કરવાને આગળ ડગલાં ભરે છે, તેમ જ ક્રાંતિકારીને પણ ક્રાંતિના ઉદ્દેશો અને તેની વિગતો પણ એની નજર આગળ ઊઘડતાં જશે અને તેને માટે ક્રાંતિકારી સતત પ્રયત્ન કરતો રહેશે. ક્રાંતિની કલ્પના કાંઈ સ્થિર કે જડ નથી. તે ગત્યાત્મક અને વિકાસશીલ છે.

**નારાયણ દેસાઈ**

# કવિતા

## બોન્શાઈ કાવ્યો | શ્રીકાન્ત શાહ

(૧) ઘરના દરવાજે એક દિવસ એક
વૃક્ષ આવીને... તમને કહેશે.
''હું જ તમારો દરવાજો છું.
હું જ તમારું ઘર.''

(૨) એ જ ખુરસી, એ જ છાપું
એ જ ચશ્માં... એ જ ચુપકીદી.
માત્ર ફળિયું થઈ ઊગેલા લીંબડે...
એક પક્ષીની અવાચક પાંખમાં...
આછીઅધૂરી
સાંજ છલકી...

(૩) સાવ અમસ્તું એક તણખલું ઊગે.
સાવ અમસ્તું એક કબૂતર ઊડે.
સાવ અમસ્તી
એક લ્હેરખી, એક માછલી
એક પાંદડી, એક ડાળખી
ઝલમલ ઝલમલ કૂદે.
લાગે... જાણે બધું અમસ્તું લાગે.
તેમ છતાં... આ એક કબૂતર ઊડે
આ એક તણખલું ઊગે...
એની સહીથી
કૈંક અગોચર દસ્તાવેજો
ખીલે... પાંગરે...

(૪) તડકાનાં છબછબિયાં લઈને
સૂરજ... મારા કમાડ-વાસ્યા
ઘરમાં થઈને...
મને પલાળે.

(૫) આ સાવ સુક્કી સાંજ ને
ભોંઠપ અનુભવતી સવાર,
આ વાંઝિયા કોલાહલો ને
એક લકવાગ્રસ્ત ડોસાની થથરતી
આંખ જેવું આ શહેર.

(૬) વૃક્ષ ઉપર બેઠેલી
કાબર
જોતાં જોતાં...
થાય મને કે...
કાબર ક્યાંથી શરૂ થાય છે
અને વૃક્ષ ક્યાંથી ?

(૭) એક અર્થહીન સવારને
ચાના કપમાં ઝબોળી...
છઠ્ઠા માળની તડકાની બાલ્કનીમાં
સૂકવવા મૂકું છું ત્યારે...
સવારનું બપ્પોરમાં અને મારું
બાલ્કનીમાં રૂપાંતર થાય છે.

(૮) આલ્બમમાં ગોઠવેલા ફોટા જેવા
એક ફક્કી એક વર્ષને... ઓળખવા
તમે જ્યારે ચશ્માં શોધતા હશો
ત્યારે...
ભાંખોડિયા ભરતો એક ચહેરો
આલ્બમની બહાર નીકળી...
તમારામાં પ્રવેશી જશે.

(૯) પડાવ નાંખી બેઠેલા વણઝારા જેવો હું...
ને મારી પડખે
નીંદર ઓઢી... ગોટમોટ સૂતેલી રાત.
એકલપેટો મરક મરકતો ચૂલો.
ઊંઘમૂંધ થઈ પડી રહેલા
થાક નીતરતા જોડા.
સુક્કીભઠ્ઠ બે-પાંચ લાદનો રઝળપાટ
ને ધૂળ મઢેલા ચહેરા પરથી
ખરી પડેલી
સપનાંઓની એક વસાહત.

(૧૦) રાઘવજી દરજી...
સીવેલ કપડું સીવતાં સીવતાં
જીવેલ જીવતર જીવતાં જીવતાં
કીધેલ વાતું કહેતાં કહેતાં
લીધેલ શ્વાસો લેતાં લેતાં...
રાઘવજી દરજી...
થયું કશું કે... પોષ વદિ આઠમને દિવસે
પરસેવાનાં ચશ્માં ઉપર પહેરણ લૂછી...
મશીન-સીવણ... ઊંજણની બદમાસ જિંદગી
વેંચી – સાટી...
નકરે નકરો પહેરવેશ થઈ
ટાંકા-ટેભા-થીગડાં-લૂગડાં દૂર ફગાવી
નકરેનકરો પહેરવેશ થઈ...
રાઘવજી દરજી...
ઈશ્વરની મરજી.

(૧૧) મકાનો વચ્ચે ચગદાયેલાં
પોતાનો જ છાંયડો વલૂરતા
વૃક્ષો
પડછાયા વગરની હાંફતી ડામરની સડક.
ભોંય ખોતરતી
ધરધરાવ મરજાદી બોગનવેલ.
ચની, દાના ઘરડા રોગી જેવી
અથડાતી-કુટાતી કોકાકોલાની
એક ખાલી બૉટલ.
અને ઘૂંટણિયે પડી
ફૂટપાથ ચાટતા... ખાંસતા
ગલૂડિયા જેવું આ નગર...

(૧૨) ઘાસ
લીલું.
પાંદડાં
પીળાં.
અને
આકાશ
ભૂરું.
પક્ષીનો
સંબંધ
ક્યાંથી
ક્યાં સુધી ?

(૧૩) પડછાયાની તરડ સાંધવા બેઠો
ત્યાં તો...
લોહીનીંગળતો માણસ... આખ્ખો
આખ્ખેઆખ્ખો... વહેતો વહેતો...

(૧૪) ઠેસ વાગતાં... ઉઘાડપગ્ગું ગામ,
ગામનો ચબૂતરો ને –
કૂવે બાંધ્યા સીંચણિયાને વળગી પડતા
પડઘાઓનું બચપણ...
લોહીના ટશિયા સાથે
પગરવ થઈને... ટહુકી ઊઠ્યું.

(૧૫) નકટો આ વરસાદ ને એનાં
નકરાં ફોરાં.
ભીંજવે મારી ગટક ગટક રાતને
મારા વણબોટેલા શ્વાસ... ને...

## શબ્દો | યોસેફ મૅકવાન

શબ્દો ઊતરી આવે છે... ત્યારે...
હું કઈ દિશામાં મુખ રાખી બેઠો છું
તે શબ્દ જાણતો નથી
કે નથી જાણતો હું...
આકાશમાં વાદળાં ધસે
એમ કશુંક ધસતું હોય છે ભીતરમાં
ઢળી પડતી ભેખડ જેમ પડતું હોય છે કશુંક
વ્હેણમાં વહી જતું
ને હું શબ્દની ટોચ પર
ઊભો ઊભો જોયા કરતો હોઉં
છતાં ક્યાંક ચાલ્યો જતો હોઉં
એવું અનુભવું...
જે ન થવું તે થાય
શબ્દાર્થો આવી મારા કાનમાં ગાય
ભાઈ ! ભિન્ન ભિન્ન ફૂલોમાં
ભિન્ન ભિન્ન રંગકણો
શી રીત ગોઠવાય
થાય... ફૂલો તો ધરતીની કવિતા છે !
તે પર્ણોમાંય હરિત કણોનુંય વિશ્લેષણ
થાય... પર્ણો એનાં ગીતો છે !
વ્હાય... વ્હાય ધિસ આર...
એમ એ જ બધાં મને
મારા અસ્તિત્વમાં માળા કરી પૂછે !
મારી હર પરિસ્થિતિમાં પાછાં
મારાં આંસુ લૂછે... ને હાય !
હાવ આર યુ ? કરી સૂર્ય વહેલી સવારે
મને કિરણોનો એસએમએસ કરે
લખું... મજામાં... તુંય મજામાં ને ?
આમ જ ચાલે છે અનંત
એ જ શાશ્વત...
તોય... શબ્દો સતત ઊતરી આવે છે... ત્યારે...

## ફિનિક્સ મંગળ પર ઊતર્યું... ત્યારે... | યોસેફ મૅકવાન

(શિખરિણી – સૉનેટ)

બધાં ક્ષેત્રોમાંહે સમયસમયે ફાળ ભરતો
વિકાસો સાધીને મનુજ અવ ક્યાં ક્યાં સરકતો !
પહેલાં ચંદ્રે, ને અવ દૂર ગયો મંગળ પરે –
વિચારે પૃથ્વી-શું જીવન યદિ ત્યાં પાંગરી શકે...!

અરે ! આ પૃથ્વી-શું જીવન તહીંયે આવું રચવું ?
ગરીબો નિર્દોષો અવઢવમહીં, કેમ જીવવું ?
બધે શો ફાલ્યો છે નવલરૂપમાં ત્રાસ પ્રસરી,
કુટુમ્બો સ્વાર્થોમાં ગરક ધરતી, દોજખ બની !

બધાંને પોતાની મમત બસ, ધાર્યું જ કરતાં –
બની સાધુસંતો જનસકલને જાય હરતા !
બધાંયે મૂલ્યોનો મૂળ થકી જ પિંડો વળી ગયો
સદી આવી કેવી... મનુજ અવળી ચાલ રમી રહ્યો !

વિચારે આ મારું મન કરી રહ્યું ગુપ્ત બળવો,
બધું આ લૈ જૈ ત્યાં, ગ્રહ અવરનેયે ખરડવો ?

## ઓકળીમાં દાણો | રાધેશ્યામ શર્મા

લીંપણની પાંપણ પર
એક ઓકળી
સ્ત્રીની હથેળીના જાદુથી
મઘમઘતી નીકળી
અર્ધ ચન્દ્રની આકૃતિ
સરજતી
ગરજતી ઝળકાવે ત્યાં
ગ્રામજગતની સંસ્કૃતિ
લીંપણની એક
ઓકળીમાં ચંપાયેલો
દાણો
બાવળના ઉદરમાંથી
પ્રગટેલો
પા'ણો
એ અહલ્યા નથી
રામ આવવાની રાહ
તે જોતો નથી
તેથી તો તે
    રોતો નથી
કે
    મોહતો નથી
માત્ર દાણાના પોતને
માણસ દબાવી જુએ
એટલું પૂરતું છે...

# ચાર ગઝલ | રાજેશ વ્યાસ 'મિસ્કીન'

## ૧. વૃદ્ધ દંપતી...

ઊંચકી બચપણ – યુવાનીનાં સ્મરણ બેસી રહ્યાં,
સાંજ લંબાતી ગઈ ને બેઉ જણ બેસી રહ્યાં.

કે પવન આવે હલે ડાળી ને ખરવાનું બને,
કઈ હદે ? કઈ આશમાં ? પીળાં પરણ બેસી રહ્યાં.

પ્હોંચવું જો હોય તો ક્યાં કૈં જ પણ આઘું હતું,
શુંય ઘૂંટાતું રહ્યું ભીતર ? ચરણ બેસી રહ્યા.

આવતાતાં આંખને તો રોજ અંધારાં છતાં,
ખૂબ મોંઘી ઊજળી લઈ એક ક્ષણ બેસી રહ્યાં.

પુત્ર ઓચિંતો કદી આવી જશે પરદેશથી,
કોઈ પણ સાંજે ન નીકળ્યા ક્યાંય પણ, બેસી રહ્યાં.

૨૯-૬-૦૮
સાંજના ૬.૦૦

## ૨. લખાવે છે મને

કોઈ મધરાતેય ઢંઢોળી લખાવે છે મને,
તેજમાં – ઝળહળમાં ઝબકોળી લખાવે છે મને.

સ્પર્શતું આ કોણ ? જાણે પાત્ર સોનાનું થતો,
ને કશું કેસર સમું ઘોળી લખાવે છે મને.

શાંત સઘળું શાંત એકાકાર અંદર-બ્હાર ત્યાં,
રંગ-ખૂશ્બુ ચોતરફ ઢોળી લખાવે છે મને.

જાણતાં-અણજાણતાં જે કૈં અડે છે સોંસરું,
એ બધું કૂંપળસમું કોળી લખાવે છે મને.

બાળપણમાં માના હાથે પેટભર ખાધી હતી,
એ જ હા ચાંદો અને પોળી લખાવે છે મને.

૧-૧૦-૦૮
રાત્રીના ૩.૦૦

## ૩. ધબકાર નીકળ્યો

આધાર સર્વનોય નિરાધાર નીકળ્યો,
મિસ્કીન નિરાલંબ નિરાકાર નીકળ્યો.

જે પાડતો રહ્યો જગતમાં સૌને એકલા,
એ કોઈ નહીં માત્ર અંધકાર નીકળ્યો.

હું કોણ છું એ શોધવાનું મન થયું અને,
પ્રત્યેક શ્વાસ મોતનો પડકાર નીકળ્યો.

બાળક બનીને જોયું જો વિસ્મયથી ચોતરફ,
કણકણમાં એ જ કરતો ચમત્કાર નીકળ્યો.

લાગ્યો બહાર કેદ જે પથ્થરના રૂપમાં,
ભીતર બનીને એ જ તો ધબકાર નીકળ્યો.

૩૦-૭-૦૮
સાંજના ૭.૧૫

## ૪. ઊભો છું અદબ વાળી

ભલે લાગું અતિ મગરૂર ઊભો છું અદબ વાળી,
જઈને પંડથીયે દૂર ઊભો છું અદબ વાળી.

અચાનક હાથ શું લાગી ગયું ? આ શુંય અંજાયું ?
બધે દેખાય છે એ નૂર ઊભો છું અદબ વાળી.

જવા દે વાત બળની છે અજબ મસ્તીની આ આલમ,
ઢળેલી પાંપણે ચકચૂર ઊભો છું અદબ વાળી.

સતત ખાલીપણાનું ધ્યાન ધરવાનું મળ્યું આ ફળ,
હવે હર શ્વાસ છે ભરપૂર ઊભો છું અદબ વાળી.

તણાતું જાય છે મિસ્કીન બધુંયે મૂળિયાસોતું,
ગજબનું ઊમટ્યું છે પૂર ઊભો છું અદબ વાળી.

૬-૯-૦૮
રાત્રીના ૯.૪૭
નોર્થ બ્રુન્સવીક

# વિશેષ

# ગાંધીનું વિજ્ઞાન

**ડૉ. પંકજ જોષી**

ગાંધી અને વિજ્ઞાન ? ગાંધી સંત હતા, મહાત્મા હતા એ બધું સાચું, પણ તેઓ અને વિજ્ઞાન એ બંને વચ્ચે વળી શું સંબંધ ? દેશના બુદ્ધિશાળી વર્ગમાં આજે પણ આવો પ્રશ્ન પુછાયા કરે છે. મહાત્મા ગાંધી લોકોને ભેગા કરી જાણતા, ભારતની આઝાદી લાવવામાં તેમણે મદદ કરી, પણ એમની વિચારવાની પદ્ધતિ તો ઘણી અવૈજ્ઞાનિક હતી અને તેઓ તો વિજ્ઞાનના વિરોધી હતા, આવું વિધાન પણ અવારનવાર સાંભળવા મળે છે, ખાસ કરીને દેશના ભણેલાગણેલા અને બુદ્ધિપ્રધાન લોકોમાં. તેઓ એક ધાર્મિક વ્યક્તિ જરૂર હતા પણ વૈજ્ઞાનિક અભિગમવાળા નહિ, અને આથી જ આજના વિજ્ઞાન યુગમાં તેઓ ઘણા અંશે અપ્રસ્તુત પણ ખરા એવું પણ કહેવાય છે. એટલું જ નહિ, ઘણા લોકો તો ગાંધીના વિચારોને આધુનિક વિજ્ઞાનના સંદર્ભમાં સાવ પછાત પણ ગણે-ગણાવે છે.

આજે પણ આવા વિચારો અને છાપ ભારતના બુદ્ધિશાળી વર્ગમાં વ્યાપક છે. પછી સંત મહાત્મા તરીકે તેઓ ભલે ગાંધીજીને માન અને આદર આપતા હોય, પણ એ તો અલગ વાત છે. આઝાદી પછી આ વિચાર અને છાપ એટલી હદે વ્યાપક થયાં છે કે કરવામાં આવ્યાં છે કે આપણા દેશના ભાવિ ઘડતરના કે આર્થિક આયોજનોની વાત આવે ત્યારે, અથવા વિજ્ઞાનવિષયક નીતિઓની વાત આવે ત્યારે સરકાર, નીતિઓ અને આયોજનો ઘડનારા તથા વિજ્ઞાનીઓ દ્વારા ગાંધીનું ભાગ્યે જ નામ લેવાય છે. ખરેખર તો એ બધાં કાર્યોમાં ગાંધીને પ્રસ્તુત મનાયા જ નથી, અને આ રીતે, દેશની બૌદ્ધિક તથા વિજ્ઞાન નીતિઓ તથા દેશનાં ભાવિ આયોજનો અને દૃષ્ટિમાં ગાંધી જાણે ગેરહાજર જ રહે છે. આ જ રીતે બીજી બાજુએ જો ગાંધી વિષેના અભ્યાસો અને ગાંધી-સાહિત્ય જોઈએ તો તેમાં પણ વિજ્ઞાન વિષેની કોઈ પણ વાતનો મોટા ભાગે અભાવ જોવા મળે છે.

દેશના કે દુનિયાના તંદુરસ્ત, બૌદ્ધિક કે સાંસ્કૃતિક વિકાસ માટે કદાચ આ પરિસ્થિતિ ફાયદામાં નથી એમ થોડું વિચારતાં અવશ્ય જણાશે. ખરેખર તો આલ્ડુસ હકસલીએ સૌથી પહેલાં એવું કહ્યું હતું કે ગાંધી અને તેમની ચળવળો 'અવૈજ્ઞાનિક' છે. તેમણે કહ્યું, ''તોલ્સતોય અને ગાંધીવાદીઓ કહે છે કે વિજ્ઞાનનો ત્યાગ કરીને કુદરત ભણી પાછા વળો, અને આદિ-માનવની જેમ જીવો. આ સલાહની તકલીફ એ છે કે તે અમલમાં મૂકી શકાય તેવી નથી... શું અર્ધી માનવજાતિનો આપણે વિનાશ કરવો છે ?'' જવાહરલાલ નેહરુએ એનો જવાબ આપતાં હક્સલીને લખ્યું કે ''ગાંધીનું આ વલણ યોગ્ય નથી અને તેમાં ભૂલો હોવાનો સંભવ છે...'' પછી તો ભારતના વિજ્ઞાન નીતિ બનાવનારાઓએ તથા આયોજનકર્તાઓએ આ વાત ઉપાડી લીધી અને આ બધા વિષયોમાં ગાંધીને સાવ અસ્પૃશ્ય કરી મૂક્યા. દાખલા તરીકે, વિજ્ઞાની મેઘનાદ સાહાએ આઝાદી પછી દેશનાં આયોજનોની ચર્ચા કરતી વખતે રશિયાને લખેલું કે, ''તમને જેટલો આદર તોલ્સતોય માટે છે એટલો જ આદર અમને પણ ગાંધીના આર્થિક અને સામાજિક વિચારો માટે છે.'' ટૂંકમાં ગાંધીને ગેર-વૈજ્ઞાનિક અને પછાત વલણ ધરાવતા ચીતરવામાં આવ્યા, અને દેશની આઝાદી પછીના કાળમાં આ છાપ બુદ્ધિશાળી વર્ગ અને નીતિના ઘડવૈયાઓમાં મજબૂત જ થતી કે કરાતી ગઈ છે.

પણ શું આ સાચી વાત છે ? શું ગાંધી અવૈજ્ઞાનિક અને વિજ્ઞાન વિરોધી હતા ? આધુનિક સમયમાં ગાંધી સામેની આ મોટામાં મોટી ટીકા છે. આ પ્રશ્ન વિષે અહીંયાં કૈંક વિચાર કરીશું. શું ગાંધી હંમેશાં અને દરેક વખતે યંત્રો અથવા ઔદ્યોગિકીકરણની વિરુદ્ધ જ હતા ? અલબત્ત એ તો જાણીતું છે કે શીવવાના સંચાને ગાંધીએ 'સહુથી ઉપયોગી શોધોમાંનું એક' ગણાવેલ. વળી તેમનો રેંટિયો પણ એક યંત્ર જ હતું જેનો તેઓએ આખી જિંદગી પ્રચાર અને પ્રસાર કર્યો. આમ એમ તો નહિ કહી શકાય કે તેઓ સંપૂર્ણ યંત્ર વિરોધી હતા. સ્વાભાવિક રીતે જ, તેમનું કહેવાનું એ હતું કે યંત્રો કેવળ સાધનો છે અને તે આપણા માલિક બની જવા જોઈએ નહિ. આ વાત કહેવાની તેમણે કદી છોડી નહોતી.

વળી, પોતાના આખાયે જીવન દરમિયાન પણ અનેકવિધ યંત્રો, જેવા કે ટેલિફોન, ટેલિગ્રાફ, રેલવે, મોટરકાર, મુદ્રણકળા વગેરે, અને અનેક ઉદ્યોગોનો પણ ગાંધી ઉપયોગ કરતા જ રહ્યા છે. તો પછી તેમની આવી વિજ્ઞાન વિરોધી હોવાની છાપ કેવી રીતે જન્મી અને વૃદ્ધિ પામી ? કદાચ આનો જવાબ તેમના પુસ્તક 'હિન્દ-સ્વરાજ' દ્વારા મળી આવે, જેને હમણા જ ૨૦૦૯માં એકસો વર્ષ પૂરાં થયાં છે. તેમાં તેમણે જે વાત કરી છે, અને જેવી રીતે કરી છે, તેને કારણે તેઓ વિજ્ઞાન વિરોધી હોય તેવી છાપ ઊભી થઈ હોય તેવું બને.

ઘણી વાર લોકો એ નથી સમજતા કે ગાંધી ખરેખર તો આધુનિક સંસ્કૃતિના મોટા ટીકાકાર હતા, વિજ્ઞાન કે વૈજ્ઞાનિક વિચારપદ્ધતિના નહિ. કાળજીપૂર્વક જોઈએ અને તેમનાં લખાણો વાંચીએ તો તરત સ્પષ્ટ થશે કે તેમણે પશ્ચિમના વૈજ્ઞાનિક અભિગમ કે જુસ્સાની ટીકા ક્યારેય નથી કરી, પણ વિજ્ઞાનની શોધોના માનવતાની વિરોધમાં ઉપયોગની જ તેઓ વિરુદ્ધ હતા.

આ જ વાતને થોડી વિશેષ સમજવા માટે એ પ્રશ્ન કરીએ કે ખરેખર તો વિજ્ઞાન એટલે શું ? વિજ્ઞાન એટલે બ્રહ્માંડની રચના અને તેના મૂળભૂત નિયમોને સમજવાનો પ્રયત્ન. તેમાં વિશ્વ પણ આવી જાય અને આપણે પોતે પણ આવી જઈએ. વિજ્ઞાન એટલે વિશ્વના પાયામાં રહેલા સત્યની શોધ. ગાંધીજીએ તો વારંવાર અનેક જગ્યાએ સ્પષ્ટ કહ્યું જ છે કે તેમનું જીવન એ સત્યની શોધના અનેકાનેક પ્રયોગો સિવાય અન્ય કંઈ જ નથી. હવે આ દૃષ્ટિએ જોતાં તો ગાંધી વિજ્ઞાન વિરોધી હતા એમ કહેવાનો પ્રશ્ન જ આવતો નથી, સીધી અને મૂળભૂત વ્યાખ્યાની દૃષ્ટિએ જ. પછી દરેકની પ્રયોગવિધિ તો જુદી જુદી હોય, તેમાં કોઈ વિરોધાભાસ નથી. વિજ્ઞાનમાં પણ અનેક વિજ્ઞાનો છે અને અનેકાનેક પ્રયોગવિધિઓ છે, વિવિધતાનો પાર નથી. મૂળ વાત એ છે કે હેતુ શુદ્ધ હોવો જોઈએ, સત્યની શોધનો જ. એમાં તો ગાંધીની બાબતમાં કોઈ શંકા છે જ નહિ.

ગાંધીએ અનેક વાર સ્પષ્ટ જ કહ્યું છે કે એક વિજ્ઞાનીની ચોકસાઈથી તેઓ પોતાનું દરેક કર્મ અને કાર્ય કરવા અને તપાસવા માંગે છે. તેમના સત્યના પ્રયોગો માટે તેમણે વિજ્ઞાની પોતાના પ્રયોગ માટે માંગે તેટલી જ સૂક્ષ્મતા, આગળનો વિચાર તથા આયોજન

માગ્યાં છે અને કર્યાં છે. વળી પરિણામો વિષે છેવટનો કોઈ દાવો નથી અને ખુલ્લા મન અને વિચાર રાખવાની આવશ્યકતા સદૈવ બતાવી છે. તેમણે અંતર-નિરીક્ષણ અને પરીક્ષણ પર વારંવાર અત્યંત ભાર મૂક્યો છે અને કહ્યું છે કે હું મારી જાતને તથા કાર્યોને સતત અને ઘણા ઊંડાણથી તપાસતો રહ્યો છું અને પ્રત્યેક પરિસ્થિતિનું સૂક્ષ્મ વિશ્લેષણ કરતો રહ્યો છું. વિજ્ઞાનની પણ આ જ પદ્ધતિ અને કાર્યશૈલી હોય છે.

ખરેખર તો, અતિ સૂક્ષ્મ આંતર-નિરીક્ષણ અને નાનામાં નાની વિગતોમાં જવાની તૈયારી અને ટેવ એ ગાંધીની મોટામાં મોટી શક્તિ હતી. જો તેમનાં વિચારો, કાર્યો અને લખાણો જોઈએ તો દેખાઈ આવે છે કે કેવી સૂક્ષ્મતાથી તેઓ દરેક પરિસ્થિતિનું વિશ્લેષણ કર્યા પછી જ કોઈ પણ નિર્ણય લેતા.

ગાંધીનું મગજ અને વિચારશૈલી અતિ તર્કયુક્ત હતી તેમાં શંકા નથી. અને તર્ક તો વિજ્ઞાનનો પાયો છે. તેમની આત્મકથામાં તેઓ ભૂમિતિના વિષય વિષે એક સરસ વાત કરે છે. તેઓ કહે છે કે ભૂમિતિનો નવો વિષય ભણવાનો આવ્યો અને તે તેમને બહુ આવડતો નહિ. વળી અંગ્રેજી માધ્યમે પણ મુશ્કેલીઓ કરી હતી. પણ જ્યારે તેઓ બહુ પ્રયત્ને યુક્લીડના તેરમા પ્રમેયે પહોંચ્યા ત્યારે આ આખોયે વિષય કેટલો સરળ અને મઝાનો છે તે તેમને અચાનક જ સ્પષ્ટ થઈ ગયું ! જે વિષયમાં કેવળ અને સાદો તર્ક જ વાપરવાનો હોય તે મુશ્કેલ કેવી રીતે હોય, આવો તેમને પ્રકાશ થયો. અને પછી તેઓ કહે છે કે ત્યારથી ભૂમિતિ એ હંમેશ મારા માટે સરળ અને રસનો વિષય બની ગયો !

આ સાથે જ, માતૃભાષા વિષે પણ તેઓએ એક ઘણી વૈજ્ઞાનિક સ્પષ્ટ વાત કરી છે, પોતાનો વ્યક્તિગત અનુભવ ટાંકીને. તેઓ કહે છે કે ચોથા ધોરણથી માધ્યમ અંગ્રેજી થયું અને હું જાણે અચાનક જ દરિયામાં ફંગોળાયો ! જો આપણી કેળવણી કૈંક વ્યવસ્થિત ઢબે અપાતી હોય અને વિદ્યાર્થીઓ ઉપર વિદેશી માધ્યમ દ્વારા શીખવાનો બોજો ન નખાતો હોય તો મોટી રાહત અને સુધારો થાય. તેમણે સમજાવ્યું કે એક ભાષાનું સારું અને વૈજ્ઞાનિક જ્ઞાન હોય તો પછી બીજી ભાષાઓ શીખવામાં મોટી મુશ્કેલી રહેતી નથી અને એ કામ પ્રમાણમાં સરળ બની જાય છે. કાયદાની વકીલાત ભલે તેમણે છોડી હોય પણ માતૃભાષાની વકીલાત તો ગાંધી આખી જિંદગી કરતા રહ્યા હતા ! દેશના જાણીતા વૈજ્ઞાનિકો સાથે તેમને ઓળખાણ અને સંબંધ હતાં, અને તેમાં ડૉ. જગદીશચંદ્ર બોઝનો પણ સમાવેશ થાય છે. એક પ્રસંગે ગાંધીએ કહ્યું હતું કે, ‘‘આવતી કાલે ડૉ. બોઝ બોલવાના છે. જો તેઓ બંગાળીમાં બોલે તો મારે તેમની સાથે કોઈ ઝઘડો નથી, પણ તેઓ અંગ્રેજી વાપરશે તો અમારે જરૂર ઝઘડો થશે !’’ ગાંધી જેવી વ્યક્તિ જ્યારે ‘ઝઘડો’ શબ્દનો પ્રયોગ કરે ત્યારે માતૃભાષાનું તેમને મન કેવું અને કેટલું મહત્ત્વ હશે તે સ્પષ્ટ થાય છે !

ગાંધી અને વૈજ્ઞાનિક અભિગમની વાત કરીએ ત્યારે એ જાણવું ઉપયોગી થશે કે તેમના સમયના મોટા ભાગના દેશના ઉત્તમ વિજ્ઞાનીઓ સાથે તેમનો સારો પરિચય અને સંપર્ક હતા. ડૉ. બોઝ તેમને આવીને ૧૯૨૪માં મુંબઈમાં મળ્યા હતા. એ પહેલાં ૧૯૧૭માં ગાંધી બોઝ ઇન્સ્ટિટ્યૂટના ઉદ્‌ઘાટન પ્રસંગે હાજરી આપવા ખાસ કોલકાતા ગયા હતા. સી. વી. રામન તથા તેમનાં પત્ની તેમને ચર્ચાઓ માટે ૧૯૩૬માં મળ્યાં હતાં. બોઝ, રામન તથા ડૉ. પ્રફુલ્લ ચંદ્ર રાય ખાદી ડેવલોપમેન્ટ બોર્ડના સભ્યો પણ હતા.

ગાંધી સંશોધન અને વિચારના મહત્ત્વને પાકું સમજતા હતા તેવા સંકેતો પણ ઘણા છે. એક દાખલો લઈએ તો, ૧૯૩૫માં તેમણે ‘ગાંધી સેવા સંઘ’ની સ્થાપના કરી, અને તેનો મૂળ હેતુ અને ઉદ્દેશ ‘પોસ્ટ-ગ્રૅજ્યુએટ’ અભ્યાસ, વિચારણા અને સંશોધનનો જ હતો. ગાંધીએ સમજાવ્યું કે બીજી બધી સંસ્થાઓ, જે મોટા ભાગે વિવિધ કર્મોમાં જ લાગેલી છે, તેમના પાસે વિચાર અને સંશોધનનો પૂરતો સમય નહિ રહેવાનો. આથી આ કાર્ય માટે એક વિશેષ સંસ્થાની આવશ્યકતા છે, જે ‘ખાદી’, ‘ચરખો’, ‘એકાદશ વ્રતો’ વગેરે અનેકવિધ સંકલ્પનાઓ વિષે ઊંડો વિચાર કરી તેની સાચી અને ઊંડી સમજણ કેળવે, અને તેના પાયાના સિદ્ધાંતો વિષે સંશોધન કરે. આમ, અભ્યાસ, વિચાર તથા સંશોધન, તથા પાયાની પરિકલ્પનાઓ તથા સિદ્ધાંતોના વિશ્લેષણ ઉપર ગાંધીએ સમયે સમયે અત્યંત ભાર મૂક્યો જ છે.

તેમનું જીવન અલબત્ત એટલાં બધાં મહાકર્મોથી ભરપૂર અને વેગયુક્ત હતું, અને તેથી સામાન્ય જન તથા મોટા ગાંધીવાદીઓ પણ ઘણી વાર આ હકીકત સમજવાનું ચૂકી જાય, અને ચૂક્યા પણ છે તે સ્વાભાવિક સમજી શકાય તેવું છે. ગાંધી પછીના વિચારકો તથા કર્મશીલોમાં વિનોબા ભાવેએ આ બાબત પર વધુ ને વધુ ભાર મૂક્યો છે. ‘હિન્દ-સ્વરાજ’ના ૧૦૦ વર્ષ નિમિત્તે શ્રી કાંતિ શાહે તાજેતરમાં પ્રકાશિત તેમના પુસ્તકમાં પણ આ વિષે સારો એવો પ્રકાશ પાડ્યો છે અને ગાંધીનો વાસ્તવિક અભિગમ સમજાવ્યો છે.

અન્ય દૃષ્ટિકોણથી જોઈએ અને વિશેષ સમજવાનો પ્રયત્ન કરીએ તો એવું પૂછવાનું મન થાય કે શું ગાંધી એમના જમાનામાં થઈ રહેલી ભવ્ય વિજ્ઞાન-પ્રગતિઓથી વાકેફ હતા ? શું અદ્‌ભુત બ્રહ્માંડ અને તેનાં અદ્‌ભુત રહસ્યો વિષે તેમને રસ અને ધ્યાન હતાં ? કેવી અવનવી દિશાઓમાં આપણું જ્ઞાનવિજ્ઞાન આગળ જઈ રહ્યું છે તેની શું તેમને ખબર હતી ?

આજે વિજ્ઞાન જે બ્રહ્માંડનાં રહસ્યો ખોલી રહ્યું છે તે જાણીને આનંદ પમાય તેવું છે. વિશાળ સ્તરે જોઈએ તો બ્રહ્માંડ અબજો તારાવિશ્વોનું બનેલું છે, અને વળી આ દરેક તારાવિશ્વ પોતે ચારસોથી પાંચસો અબજ તારાઓ ધરાવે છે. આપણો સૂર્ય પણ તેમાંનો જ એક નાનકડો તારો છે, જે આપણા આકાશગંગા તારાવિશ્વના એક ખૂણે આવેલો છે. આ બધા તારાવિશ્વો એકબીજાથી દૂર જઈ રહ્યા છે અને સમગ્ર બ્રહ્માંડ ગતિશીલ છે.

ગાંધીના સમગ્ર સાહિત્યના ગ્રંથોની મદદથી મેં એ શોધવાનો થોડો પ્રયત્ન કર્યો કે બ્રહ્માંડ વિષે ગાંધીએ કંઈ વાત કરી છે કે કેમ. અને તેમના પત્રો, લેખો કે વિવિધ લખાણોમાંથી આ વિષેના અનેક સંદર્ભો મળી આવ્યા, જેમ કે, ‘‘આ વિશાળ બ્રહ્માંડમાં આપણી તે શી હસ્તી ? આપણે તો રજકણથીએ નાના છીએ. આ મહાકાય વિશ્વ મંડપનો વિચાર તો કરો...’’, ‘‘જો આકાશી પદાર્થો અને ગ્રહો-નક્ષત્રો યંત્રની નિયમિતતાથી ના ચાલે તો આખુંયે વિશ્વ અટકી પડે’’, ‘‘બ્રહ્માંડના અણુ-પરમાણુઓની જેમ વિશ્વમાં આપણું પોતાનું અસ્તિત્વ પણ સાવ ક્ષણિક જ છે’’, ‘‘જો બ્રહ્માંડનું આપણે કાળજીપૂર્વક અવલોકન અને પરીક્ષણ કરીશું તો આપણને સમજાશે કે...’’, ‘‘જેમ શરીર હંમેશાં મરતું રહે છે અને છતાં જીવે છે તેમ જ વિશ્વમાં પણ સતત વિનાશ ચાલે છે અને છતાંયે તે જીવંત રહે છે’’, ‘‘એ બુદ્ધિશક્તિ જે સમગ્ર બ્રહ્માંડને પરમાણુમાં જુએ છે...’’, ‘‘બ્રહ્માંડમાં એક

એવી નિયમબદ્ધતા છે, એક એવી સુવ્યવસ્થા છે, જે બધા માણસોની ઇચ્છાથી ઉપર છે, અને જેથી આપણે કોઈ વિશ્વને છેતરી શકતા નથી'', ''સૂર્ય આમતેમ ફરવા ચાલ્યો જાય તો શું થાય ? આ એકધાર્યાપણું અને નિયમશીલતા જ વિશ્વને ટકાવી રાખે છે'', ''પાણીમાં રહેલી માછલીને દરિયો અને તેનાં ઊંડાણો કેટલાં સમજાય ? માણસ પણ બ્રહ્માંડને કદાચ એટલું જ સમજી શકે.''

વળી ગાંધી કહે છે, ''બ્રહ્માંડમાં એક નિયમબદ્ધતા અને એક અચલ કાયદો વ્યાપી રહ્યાં છે, જે અસ્તિત્વમાં રહેલી સર્વ વસ્તુઓને અને સર્વ જીવોને નિયમન કરે છે. આ કોઈ આંધળો કાયદો નથી, કારણ કે કોઈ દૃષ્ટિહીન નિયમ જીવંત અસ્તિત્વનું સંચાલન કરી શકે નહિ.'' આ બધાં ઉદાહરણોથી એ સ્પષ્ટ થાય છે કે કદાચ ગાંધી આ બ્રહ્માંડની વિશાળતા, સમગ્રતા અને તેના અદ્‌ભુત પહેલુઓથી કૈંક અંશે પરિચિત અને માહિતગાર હતા.

જો કોઈને આ વિષે વિશેષ રસ હોય અને ગાંધીના સમગ્ર સાહિત્યને વધુ વિગતે જુએ તો અન્ય અનેક સંદર્ભો પણ આ વિષયમાં મળી શકે. વળી અનેક વિજ્ઞાનીઓ સાથેનો તેમનો કેટલોક પત્રવ્યવહાર પણ મારા જોવામાં આવ્યો.

કાકાસાહેબ કાલેલકર, જેમની સ્મૃતિમાં આ વ્યાખ્યાન અપાયું છે, તેઓ તો કુદરત અને વિશ્વના ભારે રસિયા હતા અને તેમણે તો અનેક પ્રવાસવર્ણનો તથા આકાશદર્શન વિષેના લેખો અને વાતો આપ્યાં છે. આ વ્યાખ્યાનના સમાપન સમયે શ્રી નારાયણભાઈ દેસાઈએ વાત કરી કે આકાશ દર્શનના ઘણાંયે પુસ્તકો કાકાસાહેબે ગાંધીજીને લાવી આપ્યાં હતાં અને તેને ગાંધી ભારે રસથી વાંચી ગયા હતા અને તેને સમજવાનો પ્રયત્ન અને ચર્ચા કર્યાં હતાં. આનાથી સ્પષ્ટ થાય છે કે ગાંધી કોઈ એકાંગી વ્યક્તિત્વ તો હતા જ નહિ, અને સમગ્રતામાં તેમને રસ હતો. વૈજ્ઞાનિક વિકાસ અને અભિગમ માટેની આ તો પહેલી શરત છે.

આજે તો હવે વિશ્વદર્શન અને બ્રહ્માંડના અભ્યાસ માટે અવકાશમાં હબલ સ્પેસ ટેલિસ્કોપ મુકાયું છે. આપણને પૂછવાનું મન થાય કે શું ગાંધીને તેમાં રસ પડત ? હવે જુઓ, ગાંધી ટેલિફોનનો ઉપયોગ તો કરતા, વર્ધાથી તેઓ ફોનથી વાત કરે છે તેનો જાણીતો ફોટો કદાચ ઘણાએ જોયો હશે. વળી એક વાર તેમને સૂક્ષ્મદર્શક યંત્ર બતાવવામાં આવ્યું ત્યારે તેમાં પણ તેમને ભારે રસ પડ્યો હતો અને તેના દ્વારા તેમણે સૂક્ષ્મ સૃષ્ટિનું નિરીક્ષણ કરેલું. તેનો પણ ભારે સરસ ફોટો છે જેમાં તેઓ અતિ એકાગ્રતાથી સૂક્ષ્મદર્શકમાં જોઈ રહ્યા છે. આમ આપણે માની શકીએ કે જેવો તેમને સૂક્ષ્મ દર્શનમાં રસ પડ્યો તેવો દૂરદર્શનમાં અને બ્રહ્માંડનાં દૂરનાં અવલોકનોમાં પણ જરૂર પડતો ! આમ પણ તેમનાં લખાણો, વિચાર અને કાર્યમાં લાંબી દૃષ્ટિ તો દેખાય જ છે. આધુનિક સંસ્કૃતિ વિષેના તેમના અભિપ્રાયો, જે દાયકાઓ પહેલાં અપાયેલા તે એમની દીર્ઘદૃષ્ટિ જ બતાવે છે.

આમ આપણે અતિશયોક્તિ સિવાય કહી શકીએ કે ગાંધીને વિજ્ઞાનના વિકાસમાં, બ્રહ્માંડની અજાયબીઓમાં અને તારાસૃષ્ટિમાં સારો એવો રસ હતો. અલબત્ત, તેમની મૂળ નિસ્બત તો માનવકલ્યાણ જ હતી, પણ તેનો અર્થ એમ નહિ કે તેમના મગજના દરવાજા બંધ હતા. ખરેખર તો માનવકલ્યાણ માટે વિજ્ઞાનનો ઉપયોગ થાય તેમાં તેમને પૂરો રસ હતો. રેંટિયામાં અને કાંતણના વિજ્ઞાનમાં વિશેષ અને વિશેષ સુધારાવધારા અને સગવડો કરાવવા માટે તેઓ સતત અનેક યંત્રવિદોની સલાહ લીધા જ કરતા અને તે માટેની અનેક કૉન્ફરન્સ પણ તેઓ કરતા રહેતા.

તેમને ખબર હતી કે બ્રહ્માંડને જોવા-સમજવા માટે નવી દૃષ્ટિ અને નવા ચક્ષુની જરૂર છે. કદાચ તેમને માનવીનું અંતઃકરણ અને વિશ્વ વચ્ચેના ઊંડા સંબંધનો પણ અણસાર હતો. તેમણે કદી એવું નહોતું કહ્યું કે બ્રહ્માંડ વિષે નવું નવું જાણવાની તે વળી શી જરૂર છે; શું પૃથ્વી પર આપણી પાસે ઓછા પ્રશ્નો નથી ?

આ સાથે જ એ નોંધવું જોઈએ કે ગાંધી અંધશ્રદ્ધાના તો પૂરા વિરોધી હતા અને તેને તેમણે ક્યારેય કોઈ પણ પ્રોત્સાહન આપ્યું હોય તેવું જોવા-જાણવામાં આવ્યું નથી. જ્યોતિષ વિષે તો તેમણે સ્પષ્ટ કહેલું, ''જ્યોતિષ વિષે હું કશું જાણતો નથી. અને જો તેને વિજ્ઞાન કહેવાતું હોય તો પણ તે ભારે શંકાવાળું વિજ્ઞાન છે. વળી ઈશ્વરમાં શ્રદ્ધા રાખનારે તો તેનાથી સો યોજન દૂર જ રહેવું.''

સંશોધન અને વિશ્લેષણને તો ગાંધી વારંવાર અતિ મહત્ત્વ આપ્યા જ કરતા, પછી તે ખાદીની વાત હોય કે આયુર્વેદની, કે ભલે બીજો કોઈ અન્ય વિષય હોય. આયુર્વેદમાં સંશોધનની આવશ્યકતા વિષે તેમણે અવારનવાર ખૂબ વજન મૂક્યું છે. ઘણાયે વૈદ્યો સાથેનો તેમનો સંવાદ એક તબક્કે ઘણો લાંબો ચાલેલો, જેમાં તેમણે ખૂબ ભાર દઈને કહેલું કે 'જૂનું' અને 'પ્રાચીન' એટલું બધું સારું અને ઉત્તમ આમ કદી ના માનશો. આ તેમના વૈજ્ઞાનિક અભિગમનો એક પુરાવો છે.

દેશ તથા વિદેશના અનેક વિજ્ઞાનીઓ તથા તત્ત્વજ્ઞાનીઓ સાથે ગાંધીનો જીવંત સંબંધ સતત જળવાયેલો. વિખ્યાત ફ્રેંચ વૈજ્ઞાનિક વિદુષી મેરી ક્યુરીનાં દીકરી ઈવ ક્યુરી, જે જાણીતાં પત્રકાર હતાં તેઓ ૧૯૪૨માં ગાંધીને દિલ્હીમાં મળવા આવેલાં. ત્યારે તેમણે ગાંધીને મેડમ ક્યુરી વિષે એક પુસ્તક ભેટ આપેલું. ગાંધી તે તરત જ અતિ રસથી વાંચી ગયેલા. આ વિષે સુશીલા નય્યર તેમની 'કારાવાસ કી કહાની' પુસ્તકમાં લખે છે કે ગાંધી એ વિષે શું બોલ્યા, ''વોહ તો સચ્ચી તપસ્વિની થી. મુઝે હોતા હૈ પેરિસ જાકે ઉસકા ઘર દેખ આઉં ! હમારે કિસી વિજ્ઞાનીને ઐસા દુખ નહિ ભોગા... હમને તો અંગ્રેજો કી મેહરબાની સે અંગ્રેજો કે ઢંગ સે કામ કરના હી સીખા. શોધ વિભાગ આદિ કે સફેદ હાથી ખડે કર લિયે. ઇતના પૈસા ખર્ચ હોતા હૈ, ઇતની બડી પ્રયોગશાલાએ તાતા ને ખડી કી, મગર વહાં કામ કિતના હોતા હૈ ?'' સુશીલા નય્યર લખે છે, ''ઉસ કિતાબ સે તો બસ બાપુ ચિપક ગયે હૈ... મુઝે શામ કો બોલે, તુઝે ઇસ કિતાબ કા હિન્દી મેં સુંદર અનુવાદ કરના હોગા.''

આ જ રીતે આઇન્સ્ટાઇન સાથે પણ તેમનો પત્રવ્યવહાર થયેલો. આ બંને મહાનુભાવો કદી મળેલા નહિ પરંતુ એકબીજાના કાર્યને સરાહતા પત્રોની તેમણે આપ-લે કરેલી. ગાંધી જ્યારે ઇંગ્લાંડમાં હતા ત્યારે ૧૯૩૧માં આઇન્સ્ટાઇને તેમને લખેલું, ''...તમારું કાર્ય જગતને એ બતાવે છે કે હિંસાનો સહારો લીધા વિના પણ ધ્યેય સિદ્ધિ કરી શકાય છે... હું તમને ભવિષ્યમાં મળવાની આશા રાખું છું...'' આનો જવાબ તેમને ગાંધીએ બર્લિન મોકલી આપ્યો હતો જેમાં તેમણે કહ્યું, ''એ મારા માટે મોટા સંતોષની

વાત છે કે તમને મારું કાર્ય ઉપયોગી જણાયું છે. હું તમને મળવાની રાહ જોઉં છું, અને એ પણ ભારતમાં, મારા આશ્રમમાં.'' આમ આ બંનેને એકબીજા પરત્વે ઘણો આદર હતો તે દેખાઈ આવે છે. ગાંધીના મૃત્યુ સમયે આઇન્સ્ટાઇને તેમને આપેલી ભવ્ય અંજલી તો ઘણી જાણીતી છે.

રવીન્દ્રનાથ ટાગોર સાથેના ગાંધીના સંબંધો પણ સારી રીતે ચર્ચાયા છે. તેઓ બંને ગાંધી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારથી સંપર્કમાં હતા. ચાર્લ્સ એન્ડ્રુઝ તથા પિયર્સન નામના બે અંગ્રેજ મિત્રોને પણ ટાગોરે ગાંધીને તેમના કાર્યમાં મદદ કરવા આફ્રિકા મોકલી આપ્યા હતા.

પરંતુ આ બંને મહાનુભાવો વચ્ચે કેટલીક વાર મોટા વૈચારિક મતભેદો પણ થયા છે. તેમાં એક ઘટના એવી થઈ કે જ્યારે બિહારમાં મોટો ભૂકંપ થયો અને મોટી હાનિઓ થઈ ત્યારે ગાંધીએ એવું કહ્યું કે આ તો આપણા અછૂતોને કરેલા અન્યાયના પાપનું પરિણામ છે. ટાગોર આ સાંભળીને ભારે નારાજ થયા અને તેનો ભારે વિરોધ કરીને તેમણે લખ્યું કે આ તો મોટી અવૈજ્ઞાનિક વાત ગાંધી કરી રહ્યા છે !

અલબત્ત, પોતાનાં સ્વભાવ અને સત્યનિષ્ઠા પ્રમાણે ગાંધીએ તરત આ વાતની જવાબદારી સ્વીકારીને કહ્યું કે હા, મેં જરૂરઆ વું કહ્યું છે, અને હું જે માનું છું તે મેં કહ્યું છે. એટલું જ નહિ, એ તો આગળ વધ્યા અને પૂછ્યું, ''શું તમારું વિજ્ઞાન બધા જ જવાબો જાણે છે ? શું તે બધી રીતે અને બધા પાસામાં સંપૂર્ણ છે ?'' કદાચ કોઈએ તેમને પૂછ્યું હોત કે, એ તો કહો કે તમારી આ વાતની સાબિતી શું ? તો તેમનો એવો જવાબ હોઈ શકત કે, આ તો મારો અંતરનો અવાજ છે અને તેની સાબિતીની મારે જરૂર નથી ! આમ અતિ તર્કયુક્ત ગાંધી ક્યારેક તર્કનો સહારો છોડી દેતા પણ અચકાતા નહિ. 'અંતરનો અવાજ' એ તેમના માટે તર્કથી પણ વિશેષ મોટું પ્રમાણ અને આધાર હતાં.

આ ઘટનામાં ટાગોર અને ગાંધી બંને પોતપોતાની રીતે સાચા હતા. ગાંધી જેવી વ્યક્તિ આવી વાત કરે તેમાં સામાન્ય પ્રજામાં અંધશ્રદ્ધાને જ પોષણ મળે આવી ટાગોરની ચિંતા હતી જે સાચી હતી. બીજી બાજુએ, ગાંધી અતિ તર્કયુક્ત હોવા છતાં હંમેશાં તર્કના બંધનમાં બંધાઈ રહેવામાં માનતા નહોતા. તેમણે તો જે હૃદયથી પોતાને લાગ્યું તે નિખાલસ રીતે વ્યક્ત કર્યું. તેમાં કેવળ તેમના શબ્દોનો અર્થ પકડવાને બદલે તેમના મૂળ ભાવને જોવાની પણ વાત હતી.

ગાંધીની વિચારપદ્ધતિનો તેમના નીચેના વિધાન પરથી ખ્યાલ આવે છે : ''અહિંસા અને જીવનનું વિજ્ઞાન પદાર્થોના વિજ્ઞાન કરતાં અનેકગણું મહાન છે, અને તેમાં ભવિષ્યમાં અનેકગણી મહાન શોધો અને સિદ્ધિઓ આવશે !'' આમ એક 'મિસ્ટિક', એટલે કે આધ્યાત્મિક ગાંધીના વ્યક્તિત્વની અહીં આપણને એક ઝાંખી અને દર્શન મળે છે. બીબીસી રેડિયોએ તેમનું એક રેકોર્ડિંગ કર્યું હતું તેમાં તેમણે કહ્યું છે, ''...એક ગહન અને રહસ્યમય શક્તિ સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપી રહી છે... જો તેને આપણી જાત દ્વારા કામ કરવા દઈએ તો તે અદ્ભુત પરિણામો લાવી શકે છે.'' ગાંધી એક ઊંડા અર્થમાં ધાર્મિક વ્યક્તિ હતા તેમાં કોઈ શંકા નથી.

આ તબક્કે કદાચ આપણને એમ પૂછવાની ઇચ્છા થાય કે બ્રહ્માંડની ફિકર કરવાની આપણે તે વળી શી જરૂર છે ? શું પૃથ્વી પર અહીંયાં જ પૂરતા પ્રશ્નો નથી ? આવા બધા વિચારવમળોની તે વળી શી આવશ્યકતા ? પણ થોડું વિચારતાં જ સમજાશે કે જીવનમાં એક અથવા બીજા તબક્કે આપણે આપણા અસ્તિત્વ વિષે એક અથવા બીજા મૂળભૂત પ્રશ્નો પૂછ્યા સિવાય રહી શકતા નથી. આપણે કોણ છીએ, ક્યાંથી આવ્યા અને ક્યાં જવાના, અને આપણી આજુબાજુનું આ બધું બ્રહ્માંડ તે વળી શું છે ? આ બધા પ્રશ્નોને આપણે અવગણી શકવાના નથી જ. એટલે જ, બ્રહ્માંડને અને આપણી જાતને ક્યારેક ને ક્યારેક તો સમજ્યા વગર ચાલે તેવું નથી જ. આ જ વિજ્ઞાનનું કાર્ય છે, અને એમ ગણો તો તત્ત્વજ્ઞાન પણ આ જ પ્રશ્નોની વાત કરે છે.

આ ઉપરાંત, આવા અભ્યાસના રોજબરોજના જીવન માટેના ઉપયોગો, વ્યવહારિક ફાયદા પણ ઘણા છે. આપણાં કપડાં, ખેતીવાડી, ઘરો અને આવાસો, યંત્ર અને તંત્રવિદ્યા, આ બધું આ અભ્યાસમાંથી ઊભું થયું છે. ખરેખર તો માનવીય સંસ્કૃતિનો ઇતિહાસ જ તેમાંથી પેદા થયો છે. પરમાણુને સમજવાનો પ્રયત્ન આપણને ક્વોન્તમ વિજ્ઞાનમાં દોરી ગયો. અને તેમાંથી જ આધુનિક વીજળીનાં અને ઇલેક્ટ્રૉનિક ઉપકરણો તરફ આપણે દોરાયા. આજના મોબાઇલ ફોન, ટેલિવિઝન વગેરે તેમાંથી જ જન્મ્યાં છે. આજની કમ્પ્યૂટર ક્રાંતિનું જનક પણ પાયામાં તો આ ક્વોન્ટેમનું વિજ્ઞાન જ છે.

આવી જ રીતે, ગ્રહો અને તારાઓને સમજવાનો પ્રયત્ન આપણને ગુરુત્વ બળનાં રહસ્યો સમજવા ભણી દોરી ગયો. તેમાંથી જ આજનું આખુંયે અવકાશવિજ્ઞાન તથા ઉપગ્રહોની ટેક્નૉલોજી પેદા થયાં છે. આજે જે સરળતાથી આપણે સમગ્ર વિશ્વમાં સંપર્ક કરી શકીએ છીએ તે તેના કારણે જ છે. આજે નેનો વિજ્ઞાન પણ તબીબી શાસ્ત્રોમાં તથા જીવવિજ્ઞાનમાં નવી ક્રાંતિ તરફ આપણને દોરી રહ્યું છે. એટલે, મૂળ વાત એ છે કે બ્રહ્માંડ તો એક જ છે અને તેને સમગ્ર રીતે જ આપણે જોવું પડે. તેમાં ભાગલા પાડ્યે નહિ ચાલે, જીવનને સમગ્રતામાં જોવું પડશે, અને ત્યારે વિજ્ઞાન કે તત્ત્વજ્ઞાન કોઈને અવગણી શકાશે નહિ કે એકના ભોગે બીજું ટકી શકશે નહિ.

આજે આટલા વિકાસ પછી પણ વાસ્તવમાં તો અનેક મહાપ્રશ્નો આપણા બ્રહ્માંડના જ્ઞાનના સંદર્ભમાં વણઉકેલાયેલા ઊભા છે. ખગોળમાં આજે એવાં અવલોકનો થઈ રહ્યાં છે જેનો તાળો મળતો નથી. કેટલીક ક્ષણોમાં જ આખા સૂર્યની તેના સંપૂર્ણ જીવનમાં કુલ થાય તેટલી શક્તિ ઓકતા મહાવિસ્ફોટો આપણે બ્રહ્માંડમાં આજે જોઈએ છીએ. એ પણ રોજના લગભગ એકના હિસાબે, વિશ્વમાં એક અથવા બીજી દિશામાં. તેમને ગામા કિરણ વિસ્ફોટો કહેવાય છે. આટલી શક્તિશાળી વિસ્ફોટ-ઘટનાઓ કેવી રીતે બને છે તેની આપણને આજે કલ્પના પણ નથી. વળી એક બાજુએ આ મહાવિશ્વ છે અને બીજી બાજુએ અણુ-પરમાણુનું સૂક્ષ્મ જગત છે. આ બંને વચ્ચે શો સંબંધ હશે ? વીજચુંબકીય બળો, પરમાણુની અંદર કામ કરતાં બળો, ગુરુત્વ, આ બધાં એકબીજા સાથે કેવી રીતે સંકળાયેલાં હશે ? તેમને એકસાથે અને સમગ્ર રીતે સમજી શકાય ખરાં ? આપણે તારા તથા તારાવિશ્વો તો બ્રહ્માંડમાં જોઈ અને અવલોકન કરી શકીએ છીએ, પણ તેના ઉપરાંત જોવાતું નથી તેવા અદૃશ્ય દ્રવ્યનું પણ વિશ્વમાં અસ્તિત્વ જણાય છે. તે શું હશે ? આવા તો બ્રહ્માંડ વિષેના અનેક અતિ રસપ્રદ પ્રશ્નોની હારમાળા વર્ણવી શકાય. આપણે જે જાણીએ છીએ

તેના કરતાં અજ્ઞાતનો પ્રદેશ અનેકગણો મોટો છે !

ગાંધીએ બ્રહ્માંડ વિષે જે વિધાનો આપ્યાં છે તે જોતાં એમ કહેવું અતિશયોક્તિ નહિ ગણાય કે તેમને જ્ઞાનની આ વિશાળ અને વ્યાપક ક્ષિતિજોનો કૈંક અંદાજ અને આભાસ તો જરૂર હતા. એમના યુગના વિજ્ઞાનીઓ સાથેના એમના સંપર્કો, સંવાદો, તથા વૈજ્ઞાનિક પદ્ધતિ વિષેનાં તેમનાં વિધાનો પરથી પણ આવો અણસાર મળે છે. બ્રહ્માંડની વિશાળતા અને તેના વિષેનું આપણું અજ્ઞાન આ બંનેનું તેમને ભાન હતું તે વાત અનેક જગ્યાએથી ગાંધીનાં લખાણો જોતાં જણાઈ આવે છે. તેઓ વિશ્વને એક સંકુચિત દાયરામાં જોવા નહોતા માંગતા એ તો સ્પષ્ટ જ છે. ગાંધીને ખગોળનાં પુસ્તકો જોવા-સમજવામાં જે રસ હતો તેનાથી ખ્યાલ આવે છે કે મનુષ્ય અને બ્રહ્માંડના સંબંધમાં તેમને ઊંડો રસ હતો.

ગાંધીના જીવનની શરૂઆતથી જ કેટલીક ઘટનાઓ અને તેમનાં કાર્યોને જોઈશું તો આ વાત વિશેષ સ્પષ્ટ થશે. તેમના યુવાનીના દિવસોમાં જ તેમનો શ્રીમદ્ રાજચંદ્ર સાથે મેળાપ થયેલો. ત્યારે ગાંધીએ તેમને જે અનેક પ્રશ્નો કર્યા છે તેમાં બ્રહ્માંડ અને પોતાની જાતને સમજવાની તેમની તીવ્ર જિજ્ઞાસા તરત જ દેખાઈ આવે છે. આ પ્રશ્નોની હારમાળામાં જીવ અને જગત વિષેના અનેક પ્રશ્નો છે, જે જોવા જેવા અને વિચારવા જેવા છે. આ પછી વિનોબા ભાવે સાથે પણ ગાંધીના અનેકવિધ સંવાદો ચાલ્યા જ કરતા, જે લડત તથા રચનાત્મક કાર્યો વગેરેથી અલગ વિષયો પર હતા, જેને હું સૃષ્ટિરચના અને જાતને સમજવાનો સંવાદ અને પ્રયત્ન જ ગણું છું. આ સિવાય, તેમના સમયના અનેક તત્ત્વજ્ઞાનીઓ, વિજ્ઞાનીઓ સાથે ગાંધીનો જીવંત સંપર્ક જીવનભર ચાલુ જ રહ્યો હતો. આનંદમયી માતા, રમણ મહર્ષિ તથા સ્વામી યોગાનંદ જેવાં આધ્યાત્મિક વ્યક્તિત્વો સાથે પણ ગાંધીને મુલાકાત અથવા સંપર્કો થયેલાં. આમ તરત જ સ્પષ્ટ થાય છે કે ગાંધી કોઈ સંકુચિત રસ્તાના માણસ નહોતા, જ્યાંથી મળે ત્યાંથી સત્યને સમજવાની તેમની તીવ્ર જિજ્ઞાસા હતી અને પ્રયત્ન હતો.

આપણે આગળ વાત કરી ગયા તેમ, જગદીશચંદ્ર બોઝ અને એમના સમયના અન્ય ભારતીય વિજ્ઞાનીઓનાં કાર્યમાં ગાંધીએ ઊંડો રસ લીધેલો. બોઝની સંસ્થાના તો ઉદ્ઘાટનમાં પણ તેઓ ખાસ કોલકાતા ગયેલા. આટલું જ નહિ, ગૂજરાત વિદ્યાપીઠના ઉદ્ઘાટન ખાતમુહૂર્ત માટે તેમણે ડૉ. પ્રફુલ્લચંદ્ર રાયને ખાસ અમદાવાદ આમંત્રિત કરેલા.

આ બધી હકીકતો પરથી એક વાત તો સાવ સ્પષ્ટ થાય છે કે ગાંધી વિજ્ઞાનના વિરોધી હોવાનો તો કોઈ પ્રશ્ન જ રહેતો નથી. દેશનાં બૌદ્ધિક વર્તુળોમાં આજે પણ આ પ્રકારની જે છાપ છે તે કોઈક અજ્ઞાન અથવા અણસમજનું જ પરિણામ છે, અને તેને સત્વરે દૂર કરી નાખવામાં જ આપણને ફાયદો છે. વિજ્ઞાનની સત્યને પામવાની અને શોધવાની પદ્ધતિના તો તેઓ ચાહક હતા, અને પોતાનાં બધાં કાર્યોમાં તેમણે તેનો ઉપયોગ કર્યો છે. તેમનું પોતાનું વ્યક્તિત્વ અતિ તર્કયુક્ત હતું, વિચારને તેઓ કર્મની સાથે એટલું જ મહત્ત્વ આપતા, અને વૈજ્ઞાનિક વિચારપદ્ધતિ તથા સંશોધનને તેમણે હંમેશાં ઘણું આદરપૂર્વકનું મહત્ત્વ અને સ્થાન આપ્યાં છે તે અનેક દાખલાઓ પરથી સ્પષ્ટ થાય છે. આ પછી, આધુનિક સંસ્કૃતિમાં વિજ્ઞાનનો ઉપયોગ અને વિનિમય વિષે તેમણે અવશ્ય વિરોધ કર્યો, પણ એ તો જુદી જ વાત છે અને તેના પાયામાં એ મહત્ત્વનો મુદ્દો છે કે માણસ યંત્રનો ગુલામ ન બની જાય. આનું ધ્યાન જો આપણે નહિ રાખીએ તો અનેકવિધ કરુણ પરિસ્થિતિઓના ભોગ આપણે બનવું જ રહ્યું, જે આજના આધુનિક જગતમાં હવે વિશેષ અને વિશેષ સ્પષ્ટ થતું જાય છે.

જો આ બધામાંથી ભવિષ્યને માટે આપણે કૈંક શીખવું-મેળવવું અને કરવું હોય તો એ વિચારવું જોઈએ કે આજે જો ગાંધી આપણી વચ્ચે હોત તો તેમનાં કાર્યો અને અગ્રતાક્રમો શું હોત. આજનું વિજ્ઞાન જે એકાંગી દિશાઓમાં જઈ રહ્યુંછે, માનવ અને માનવતાની પરવા કર્યા સિવાય, તેના વિષે ગાંધીએ શું કહ્યું અને કર્યું હોત તે આપણા વિચાર અને ચિંતનનો વિષય હોવો જોઈએ. જો એ વિચાર કરીએ અને તેના આધારે આપણો ભાવિ કાર્યક્રમ ઘડીએ તો જ ગાંધીવિચાર અને વિજ્ઞાનની એકાત્મતા તરફ આગળ વધી શકાય, જે આજના યુગની અને સમયની માગ છે. અને તે જ વિશ્વની સમગ્ર માનવતાને તેના કલ્યાણ ભણી દોરી શકશે તેવું મને તો લાગે છે.

એમના પોતાના સમયમાં વિજ્ઞાનના આવિષ્કારોનો ગાંધીએ જે સંકોચ સિવાય પોતાના કાર્ય અને ધ્યેય માટે ઉપયોગ કર્યો હતો તેવું તેઓ આજે પણ કરત તેમ મને લાગે છે. પોતાના સમયમાં તેમણે આઝાદીના ઉપલક્ષમાં ભારતવ્યાપી કાર્ય કર્યું અને આંદોલનો ચલાવ્યાં અને તે માટે તેમણે વિજ્ઞાને જે સગવડો આપી તેનો પૂરો ઉપયોગ કર્યો. આજે હવે આઝાદીનું કાર્ય પૂરું થતાં ગાંધી કદાચ વિશ્વવ્યાપી કાર્ય કરત. તેમાં તેઓ આજની કમ્પ્યૂટર તથા મોબાઇલ ટેક્નૉલોજીનો પણ એટલી જ સહજતા અને સરળતાથી ઉપયોગ કરત. આજના પ્રાણપ્રશ્નો વિષે વિશ્વવ્યાપી જાગૃતિ અને આંદોલન જગાડવા ગાંધી જેવી કલ્પનાશીલ વ્યક્તિના હાથમાં આ સાધનો કેવાં અદ્ભુત ઓજારો થઈ પડત તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે !

આજનો પર્યાવરણનો પ્રશ્ન તેમણે કદાચ પોતાના નિત્ય નવીન અભિગમથી જુદી રીતે જ ઉપાડ્યો હોત. અર્થકારણ, ટકે તેવી માનવીય પાયા પરની પ્રગતિ, અને શક્તિના સ્રોતો પર તેમણે ખાસ ધ્યાન પોતાની લાક્ષણિક અદાએ આપ્યું હોત. ગાંધીએ પોતાના જીવનકાળમાં 'પર્યાવરણ' એવો શબ્દ ખાસ વાપર્યો નહોતો પણ વાસ્તવમાં તો પર્યાવરણની કાળજી તેમનાં પ્રત્યેક કાર્ય, વિચાર અને વાણીમાં ટપકતી હતી. કુદરત સાથેની તેમની એકાત્મતા નમૂનારૂપ હતી અને શરીરની કાળજી તથા તેના રોગો મટાડવા માટે પણ તેઓ હંમેશાં કુદરતનો સહારો લેવાનું જ પસંદ કરતા. કુદરતી ઉપચાર વિષે તેમણે ઘણું કાર્ય કર્યું હતું એ તો જાણીતું છે.

પર્યાવરણ સંદર્ભે આજે તો ગાંધીએ પ્રદૂષણ ફેલાવતાં આધુનિક સંસ્કૃતિનાં અનેકવિધ સાધનોની અતિ ઘોર ટીકા કરી હોત અને તેના સામે જંગ છેડી દીધો હોત. કુદરતના રક્ષણનું સંપૂર્ણ રીતે આંતરરાષ્ટ્રીય મહા-અભિયાન શરૂ કરીને તે માટે તેમણે આજનાં બધાંયે સંચારસાધનોનો લોકસંપર્ક માટે ઉપયોગ કર્યો હોત. લોકસંપર્કનાં સાધનો જે વિજ્ઞાને આજે આપ્યાં છે તેને, તથા નેનો વિજ્ઞાનને તેમણે કદાચ 'અહિંસક વિજ્ઞાન' તરીકે બિરદાવ્યાં હોત, રૉકેટ તથા પરમાણુ બૉમ્બના વિજ્ઞાનની સરખામણીએ આવા વિજ્ઞાનનો તેઓ પોતાના કાર્ય માટે પૂરેપૂરો ઉપયોગ પણ કરી લેત.

એક વાર આઝાદીની લડતમાંથી સમય મળ્યો કે તરત જ શિક્ષણશાસ્ત્રીઓ તથા

વિજ્ઞાનીઓ સાથેના તેમના સંપર્કો અતિ વિશેષ સઘન થયા હોત તેમાં મને કોઈ શંકા નથી. પાયાના શિક્ષણને તેમણે જે મહત્ત્વ આપ્યું છે તેવું આઝાદી પછીની કોઈ સરકારોએ આપ્યું નથી, અને આથી જ કેળવણીના ક્ષેત્રે આજે આપણી ઘોર અવદશા છે.

ગાંધીને આપણે ભલે સંત-મહાત્મા તરીકે ખપાવી દીધા, ભલે આપણે તેમનું અનુસરણ કર્યા સિવાય જ તેમની પૂજા કર્યા કરી, પણ વિજ્ઞાની ગાંધીને આપણે આજ સુધી કદી ઓળખ્યો-પિછાણ્યો નથી તે આપણી મોટી કમનસીબી છે. આપણા વિચારકો, વિદ્વાનો અને ખાસ તો બુદ્ધિજીવી વર્ગે આ વિષે ખાસ ધ્યાન આપીને શીખવા-સમજવાની આ વાત છે, જે આજ સુધી આપણે કર્યું નથી. તો જ દેશ તથા દુનિયાનાં ભવિષ્યનાં મોટાં મોટાં આયોજનોમાં ગાંધીની વાતની અસર થવી શરૂ થશે, જે આજે ઘણા અને મોટા ભાગના અગત્યના મુદ્દાઓમાં તો નહીંવત જ હોય છે. આજે તો આપણે ગાંધીની મહાત્મા તરીકે પૂજા કરીને તેને એક બાજુએ મૂકી દઈએ છીએ. જ્યારે કોઈ પણ મહત્ત્વની વાત હોય ત્યારે 'તેમાં ગાંધીનું તત્ત્વજ્ઞાન ન ચાલે' આવી જ આપણી માનસિકતા હોય છે.

ગાંધીનું વિજ્ઞાની વ્યક્તિત્વ ન સમજવું તે માનવતા અને બધા દેશોનું નુકસાન છે. આજે જેની ખરેખર જરૂર છે એ 'ગાંધીયન સાયંસ'ની અને 'ગાંધીયન કોસ્મૉલોજી'ની. એટલે કે વિજ્ઞાનમાં ગાંધીની દૃષ્ટિનો સમન્વય કરીએ, અને ગાંધીની વાત હોય, ગાંધી સાહિત્ય અથવા વિચાર હોય તેને વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોતા-તપાસતા શીખીએ. બ્રહ્માંડને ગાંધીની દૃષ્ટિએ જોતા થવું અને ગાંધીને વિજ્ઞાનની નજરે જોવા એ આજના સમયની માગ છે. આ માટે ઊંડો વિચાર, સંવાદ અને વિચારવિનિમય સંપૂર્ણ રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે કરવાનો સમય પાકી ગયો છે. તો જ ગાંધીનું વ્યક્તિત્વ દેશ તથા દુનિયાનાં કર્મોમાં અને ભવિષ્યમાં પ્રતીબિમ્બિત થવાની શરૂઆત થશે.□

---

□ શ્રી કાકાસાહેબ કાલેલકર વ્યાખ્યાનશ્રેણીનું પ્રથમ વ્યાખ્યાન – તા. ૧૮-૪-૨૦૦૯ના રોજ પરિષદ ભવનમાં આપેલું.

□





# અસલ જીવનછબી ઉપસાવતી જીવનકથા : તરસ્યા મલકનો મેઘ

અજયસિંહ ચૌહાણ

ગુજરાતી સાહિત્યમાં છેક નર્મદના જમાનાથી જીવનકથાઓ લખાતી રહી છે. આમ છતાં કહેવું પડે કે ભારતની બીજી ભાષાઓ તેમજ પશ્ચિમના સાહિત્ય કરતાં ગુજરાતીમાં ઓછી જીવનકથાઓ લખાઈ છે. અને તેમાં પણ અપવાદોને બાદ કરતાં મોટાભાગની જીવનકથાઓ શુષ્ક અને નીરસ બની જતી હોય છે. આવા સમયે મણિલાલ હ. પટેલ આપણી સામે 'તરસ્યા મલકનો મેઘ' નામની પન્નાલાલ પટેલની જીવનકથા લઈને આવે છે. જે ગુજરાતી જીવનકથા સાહિત્યમાં નોખી ભાત પાડે છે.

જીવનકથાની શરૂઆત પન્નાલાલના ગામવર્ણનથી થાય છે :

'ધોળા પથરાળી ટેકરીઓ, વાંકીટેઢી વાટ, સાપ ચાલે ચાલતી સીમવગડાની કેડીઓ. વહેળાં વાંઘાં જીવતાં, વચ્ચે વચ્ચે ઢોળાવે ને મેદાને, લાંબાંટૂંકાં ખેતરો નિશાળિયાં છોકરાંની સ્લેટ જેવી ક્યારીએ ક્યાંક ક્યાંક હોય. ટેકરીએ વળગેલું ગામ ટૂંટિયું વાળી બેઠેલાં કૂતરાં જેવું. માંડ પંદર-વીસ ઘર, મોટા ભાગનાં ગાર-માટીનાં, બે પડાળિયાં, ઢાળિયા, માથે દેશી નળીયાં, ઘર ખાસ્સાં મોટાં. આંગણે ઢોર ને ઘાસની મેડીઓ. વાડામાં ખળું ને ઘાસનાં કૂંધવાં. ઘરમાં અનાજની કોઠીઓ – માટીની. એમાં ઝાઝાં તમસ ને ઓછાં તેજ. પાણિયારાં અને અંધારિયાં તથા ધુમાડે કાળાં કજળેલાં રાંધણિયાં. ઢોરની કોઢને માથે માળા. લાંબી પડશાળો ને મોટી ચોપાડો... ભીંતે ખાટલા ને ફળિયે ગાલ્લાં. ગામમાં ઝાડવાં ઓછાં, સીમ-વગડોય વેરાન. ટેકરીઓ ઊંટોની ખૂંધ જેવી... હજીયે જાણે છપ્પનિયા દુકાળનો પડાવ ઊઠ્યો નથી !' (પૃ. ૧)

જીવનકથાની શરૂઆત જ જાણે કે પન્નાલાલની કોઈ નવલકથાનો ઉઘાડ હોય એ રીતે થાય છે. શરૂઆતના આખાય પ્રકરણમાં લેખક પન્નાલાલનાં પ્રદેશ, જ્ઞાતિ, એમના વટવ્યવહારનું નિરાંતે આલેખન કરે છે. બીજા પ્રકરણમાં પન્નાલાલના જન્મથી એમના જીવનની વિગતોની શરૂઆત થાય છે. બાળ પન્નાલાલથી સર્જક પન્નાલાલ સુધીની જીવનયાત્રા દર્શાવવા માટે લેખક ત્રણ નામોનો ઉપયોગ કરે છે. બાળવયે 'પનો', યુવાન વયે 'પનાલાલ' અને લેખનકાર્ય શરૂ થતાં 'પન્નાલાલ'. આપણે પણ સગવડ ખાતર આ જીવનકથાના બે વિભાગ કલ્પી શકીએ : એક પન્નાલાલના જન્મથી માંડી ભણવાનું છૂટ્યું ત્યાં સુધીનું સંઘર્ષમય જીવન અને બીજો સાગવાડા અને સીમલવાડાની રંગીન જિંદગીથી સાહિત્યલેખન અને મૃત્યુ સુધીનું જીવન.

આપણને હંમેશાં કુતૂહલ રહે છે કે એક અંધારિયા મલકનો છોકરો કઈ રીતે ભારતીય સાહિત્યનો નિર્માતા બન્યો ? એવા કયા અનુભવોએ પન્નાલાલને લખતા કર્યા ? આ બધાના જવાબ આ જીવનકથા આપે છે. પન્નાલાલનો જન્મ નાનાલાલ ખુશાલદાને ત્યાં આંજણા પટેલ જ્ઞાતિમાં માતા હીરાબાની કૂખે થયો. તે સમયે પાટીદારોમાં ખેતીનું મહત્ત્વ ઝાઝું

ને ભણતરનું ઓછું. આમ છતાં પન્નાલાલના પિતા ‘નાનશા’ રાત્રે ચોપાડમાં બેસી કથા-વાર્તાઓ વાંચતા અને ગામલોક એ સાંભળવા આવતું. બાળક પનાને આ કથાવાર્તાઓ અને છપ્પનિયાકાળની વાતો માતા પાસેથી વારસામાં મળેલી. પન્નાલાલ બે વર્ષના હતા ત્યારે જ તેમના પિતાનું અવસાન થયું હતું. પણ તે મરતાં મરતાં મોટા દીકરા હરિભાઈ અને કોદરને કહેતા જાય છે, ‘ઘરમાંથી વિદ્યા જવી જોઈએ નહીં.’ પનો પાંચ વર્ષનો થાય છે. ત્યારે તેને મેઘરાજ બાવજી જોડે ભણવા મોકલવામાં આવે છે. એના મૂળમાં પિતાનાં પેલાં વચન કેન્દ્રમાં છે. મેઘરજ મંદિરમાં પનાને જીવનનાં જૂજવાં રૂપોનાં દર્શન થાય છે. બાવજી મંદિરમાં આવતા અમરસંગ વાણિયા સાથે શરાબ પીએ છે, સ્ત્રીસંગ પણ કરે છે. માનવમનની અકળ લીલા બાળ પનાના મનમાં નોંધાય છે. પછી તો મેઘરજ પધારેલ ઈડરના રાજકુંવર પન્નાલાલે હલકભેર ગાયેલા મધુર ગીતથી અભિભૂત થઈ ‘ટાબરા’ને ઈડર બોર્ડિંગમાં મોકલવાનો હુકમ કરે છે, જ્યાં તેમને ઉમાશંકર જેવા મિત્રો મળે છે. આ બધી ઘટમાળો દરમિયાન બે પ્રસંગો એવા બને છે, જે પન્નાલાલના મન પર જીવનભર અમીટ છાપ છોડી જાય છે. વેકેશન પૂરું થતાં માંડલીથી ઈડર જતાં પન્નાલાલને માતા હીરાબા શીણાવાડ સુધી મૂકવા જાય છે. શીણાવાડથી મોડાસાનો રસ્તો બતાવતાં હીરાબા રુદન ભળેલા અવાજે પન્નાલાલને કહે છે :

‘હવે તો તું મોટો થયો, બેટા ! હવે તારે તારું જાતે સંભાળવાનું છે. આજે જેમ સામે ચાલીને ભણવા નીકળ્યો એમ બધી વાતે કરવું પડશે. મારા જીવને ટાઢક વળી છે, કે તું હવે સમજતો થયો છે. ને જો સાંભળ, બેટા ! આજથી મનમાં ગાંઠ વાળી લે કે ભણતર સિવાય તારું કોઈ નથી.’ (પૃ. ૫૫)

પન્નાલાલ આજીવન આ વાત ગાંઠે બાંધી રાખે છે. મા-દીકરાનું આ છેલ્લું મિલન હતું. પન્નાલાલ ઈડર જાય છે ને થોડા વખત પછી ખબર આવે છે કે હીરાબા આ દુનિયામાં નથી રહ્યાં. દિવસો સુધી કાચી વયનો પન્નાલાલ સોરાતો, મૂંઝાતો ને વલખાતો રહેલો. ‘મરણ શું કામ બનાવ્યું હશે ?’ ‘તો પછી જનમ શું કામ આપતો હશે ?’ આવા તો અનેક પ્રશ્નો પન્નાલાલના મનમાં ઘૂમરાતા રહ્યા. થોડા સમય બાદ બાવજીના કહેણથી પન્નાલાલ તલોદ પાસેના ઇટાડી (?) ગામમાં યોજાનાર યજ્ઞ-મેળાવડામાં જાય છે, ત્યાં એમની મુલાકાત બાઈબા નામની યુવતી જોડે થાય છે. અને પન્નાલાલ તેની સાથે સ્નેહગાંઠે બંધાય છે. ‘મળેલા જીવ’માં આવતી પેલી પંક્તિ ‘નહીં રે ભૂલાય એક આટલું, કોક દન કરી’તી પ્રીત’ની જેમ બાઈબાના પ્રેમને પન્નાલાલ ભૂલી શકતા નથી. ‘મળેલા જીવ’માં તે બાઈબાના પ્રેમને જીવીના પાત્ર દ્વારા અમર કરી દે છે. પછી તો પન્નાલાલ જીવતરની નિશાળમાં પળોટાય છે. વચ્ચે વચ્ચે એવા દિવસો પણ આવે છે, જ્યારે તેમને જીવનમાં એકલા હોવાનો અહેસાસ થાય છે. જાણે કે તેમની સાથે કોઈ નથી. આવા અણીના ટાણે રેવા તેમને સાચવી લે છે. જન્મ પછીના બીજા જ માસે પન્નાલાલની સગાઈ ગામમાં જ રતન નામની છોકરી સાથે થઈ હતી. પછી તેનું અવસાન થયેલું. રેવા એ આ રતનની નાની બેનના નાતે પન્નાલાલની સાળી. આ સગાઈના નાતે રેવા અને પન્નાલાલ પરસ્પરનાં પ્રિયજન બની રહે છે, તે એટલે સુધી કે તલવારથી જખ્મી થયેલા પન્નાલાલનો ઢીંચણ પાક્યો ત્યારે રેવાએ સેવા કરી અને હિંમત બંધાવેલી. ઢીંચણના કજળાઈ ગયેલા ઘા પર શીંગડી મુકાવવાની હિંમત કરતા પન્નાલાલમાં ગૂમડા પર નસ્તર મુકાવતાં સરદાર પટેલ સાંભરી આવે. આ રેવા જ પોતાના જેઠની દીકરી વાલીબહેન સાથે પન્નાલાલની સગાઈ કરાવે છે. સુજ્ઞ ભાવકને તરત સમજાશે આ રેવા પ્રકારાન્તરે ‘માનવીની ભવાઈ’ની ગર્વીલી રાજુ બનીને પ્રગટે છે. પન્નાલાલનું જીવનસંઘર્ષની સાથે સાથે રંગીનીયતથી ભરેલું રહ્યું. સાગવાડામાં પન્નાલાલ ખાવું, પીવું, ગાવું અને મોજમાં રહેવું – એમ લહેરથી જીવે છે. જીવનકથાકારે બતાવ્યું છે તેમ દેવીસિંહ જેવા મિત્રોની રંગીન સોબત ઉપરાંત ઝમકુ તથા અન્ય એકબે બાઈઓ સાથે પન્નાલાલ લાગણીના નાતે જોડાય છે. એમાં ઝમકુ તો પન્નાલાલને ખૂબ ચાહે છે. ‘વળામણાં’ની ઝમકુમાં આ ઝમકુના અંશ જોઈ શકાય છે. અહીં ચરિત્રકાર કથાનાયકની મર્યાદાઓને પણ ઉજાગર કરે છે. કોઈ પણ માણસ માત્ર સદ્‌ગુણો કે દુર્ગુણોનો બનેલો હોતો નથી. બન્ને બાબતો એનામાં રહેવાની અને ચરિત્રકારે આ બંને બાબતોનું તટસ્થતાથી આલેખન કરવાનું હોય છે.

બોર્ડિંગમાં કરેલી ત્રણ રૂપિયાની ચોરી, એક કરતાં વધુ વખત વધારે પૈસા કમાવા માટે દારૂમાં ભેળસેળ કરવામાં પન્નાલાલ જોડાય છે, એ એમની મર્યાદાઓ પણ જીવનકથાકારે દર્શાવી છે. તો વળી, અમદાવાદનિવાસ દરમિયાન સગાં અને મિત્રોને પૈસાની મદદ કરતા પન્નાલાલમાં પ્રગટેલી માણસાઈને પણ લેખક બતાવે છે. પન્નાલાલનો વાચક જે પન્નાલાલને નથી ઓળખતો એવું તેમનું એક જુદું વ્યક્તિત્વ આ જીવનકથામાંથી મળે છે.

અંગ્રેજી ચોથા ધોરણ પછી અધવચ્ચે પન્નાલાલનું ભણવાનું છૂટે છે અને અમદાવાદમાં થોડો સમય મજૂરી કરી તે સીમલવાડા જાય છે, જ્યાં તેમના જીવનના બીજા તબક્કાની શરૂઆત થાય છે. અહીં પન્નાલાલ શરાબ અને સંગીતની દુનિયામાં ખોવાઈ જાય છે. કોઈ કોઈ વખત ખિસ્સું ‘ગરમ’ કરતાં પણ અચકાતા નથી. લેખક આ સમયને પન્નાલાલના ‘રંગીન દિવસો’ કહે છે. અહીં પન્નાલાલના જીવનનો એક સંઘર્ષપૂર્ણ તબક્કો પૂરો થાય છે. સામાજિક, આર્થિક સંઘર્ષોનો અંત આવે છે. સાગવાડાની નોકરી છૂટી ગયા પછી પન્નાલાલ અમદાવાદ આવે છે. અહીં ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં ઉમાશંકર સાથે મુલાકાત થાય છે. ઉમાશંકરના કહેવાથી લખવાનું શરૂ કરે છે, અને સુન્દરમને કવિતાઓ બતાવવા જાય છે. પણ ‘સુન્દરમ્ બોલતા પણ નથી કે ડોલતા પણ નથી.’ સુન્દરમ્‌ના કહેવાથી પન્નાલાલ ‘શેઠની શારદા’ વાર્તા લખે છે. પછી તો ‘વળામણાં’, ‘મળેલા જીવ’, ‘માનવીની ભવાઈ’ જેવી નવલકથાઓ લખાય છે, અને પન્નાલાલનો સર્જક તરીકે વ્યાપક સ્વીકાર થાય છે. જીવનકથા સંદર્ભે આન્દ્રે મોર્વા કહે છે : Biography is the story of the evolution of a human Soul.’ અર્થાત્ જીવનકથા માનવઆત્માના વિકાસને દર્શાવે છે. અહીં પણ બાળક પનો સાહિત્યકાર પન્નાલાલ કઈ રીતે બન્યો તેની વિકાસયાત્રા વિગતે આલેખાઈ છે. ૨૧મો જ્ઞાનપીઠ પુરસ્કાર સ્વીકારવાના પ્રસંગે ‘સાચ્ચું હતું તે આટલાં વર્ષો પછીય બોલ્યું...’ પન્નાલાલે ઉચ્ચારેલા આ શબ્દોમાં તેમની આત્મશ્રદ્ધા અને સચ્ચાઈનો રણકો પારખી શકાય છે.

‘મનો તો સાહિત્યપદાર્થ કરતાં જીવનપદાર્થમાં વધુ રસ પડે છે’ (પૃ. ૧૬૬) કહેનાર પન્નાલાલ જીવનલક્ષી સર્જક રહ્યા છે. તેમની આ રગ ચરિત્રકાર મણિલાલે બરોબર પકડી

છે. પોતાને મળેલા સામાજિક માળખાનો વિનિયોગ પન્નાલાલ કથાસાહિત્યમાં કેવી રીતે કરે છે, એ લેખક યથાસ્થાને બતાવતા જાય છે. જીવનકથાને અંતે લેખક પન્નાલાલના સાહિત્યના મૂલ્યાંકન સાથે ભારતીય અને ગુજરાતી સાહિત્યમાં તેમનું સ્થાન દર્શાવી આપે છે. પન્નાલાલની થવી જોઈએ એવી કદર આપણા સાહિત્યમાં કરવામાં આવી નથી એવી હાસ્યાસ્પદ દલીલોને લેખક રદિયો આપે છે.

ઉત્તમ જીવનકથા માટે મુખ્ય ત્રણ બાબતો જરૂરી છે : (૧) નાયકના જીવન અંગેની સંપૂર્ણ સામગ્રી અને એ સામગ્રીનું સત્ય અને વિવેકસભર આલેખન. (૨) લેખકનું તાટસ્થ્ય. (૩) નાયકના જીવનમાં બની ગયેલા મહત્ત્વના પ્રસંગોની ક્રમબદ્ધ વસ્તુગૂંથણી અને તેની સાહિત્યિક રજૂઆત. 'તરસ્યા મલકનો મેઘ' આવી સમૃદ્ધ જીવનકથા બનવા પામી છે, તેનાં કેટલાંક મહત્ત્વનાં કારણો છે. એમાં પહેલું તો એ કે લેખક મણિલાલ પટેલ અને ચરિત્રનાયક પન્નાલાલ પટેલનો વિસ્તાર અને સમાજ લગભગ એક છે. વળી, મણિલાલે જીવનના બે દાયકા પન્નાલાલના પ્રદેશમાં ગાળ્યા છે. આથી એ વિસ્તાર, એની પ્રકૃતિ, સમાજ, રીતરિવાજ, ભાષાથી લેખક પૂરેપૂરા પરિચિત છે. તેથી જીવનકથામાં આવતાં વર્ણનો, ભાષા તેમને સહજસાધ્ય છે. આ કારણે આ પુસ્તકમાં એક પ્રકારની ઑથેન્ટિસિટી આવે છે. બીજું કારણ છે લેખક પન્નાલાલને નજીકથી જાણે છે, એમના જીવનમાં બની ગયેલા પ્રસંગોથી વાકેફ છે. અલબત્ત, પન્નાલાલનું આત્મચરિત્રાત્મક સાહિત્ય તેમની મદદે આવ્યું છે. ઉપરાંત લેખક પન્નાલાલના મોટાભાગના સાહિત્યથી પરિચિત હોવાને કારણે નાયકના જીવન અને સાહિત્ય વચ્ચે રહેલા તંતુને ભાવક સાથે જોડી આપે છે. આ બે વાતો ઉપરાંત ત્રીજું અને મહત્ત્વનું કારણ એ છે કે, લેખક સારા નવલકથાકાર છે. એટલે પન્નાલાલના જીવનમાં બનેલા પ્રસંગોને નવલકથાની જેમ ગૂંથી લઈ ક્રમબદ્ધ રીતે મૂકી આપે છે. અહીં ઈશાનિયા મલકની ભાષા પરનું પ્રભુત્વ લેખકની મદદે આવે છે. આથી આ જીવનકથા શુષ્ક કે નીરસ ન બનતાં વાચકને નવલકથા વાંચવાનો આનંદ આપે છે. જાણે કે પન્નાલાલ, બાવજી, રેવા, બાઈબા વગેરે નવલકથાનાં પાત્રો બની જાય છે. આ બધી જ વસ્તુઓ મળીને આ જીવનકથાને નવું પરિમાણ બક્ષે છે.

શ્રી ધીરુભાઈ ઠાકર પ્રસ્તાવનામાં નોંધે છે તેમ, 'ગુજરાતી સાહિત્યમાં એક છેડે કલ્પનાનો મુક્ત વિનિયોગ કરનાર ચરિત્રસર્જક કનૈયાલાલ મુનશી છે અને બીજે છેડે સત્ય – નિર્ભેળ સત્યના વિનિયોગથી રસ જમાવનાર ચરિત્રકાર નારાયણ દેસાઈ છે. બંનેએ પોતપોતાની રીતે સફળતા હાંસલ કરી છે. મણિલાલે આ બંનેય ચરિત્રકારોની ચરિત્રલેખનની ખૂબીઓનો લાભ લીધો છે.' 'તરસ્યા મલકનો મેઘ' માત્ર ઈશાનિયા મલક કે ગુજરાતી સાહિત્ય પર વરસતો મેઘ ન રહેતાં જીવનકથાસાહિત્યનો મેઘ પણ બની રહે છે.

---

□ મુંબઈ ખાતે ગુજરાતીના અધ્યાપકો સામે વાંચેલ અભ્યાસલેખ સુધારા-વધારા સાથે.

□



# સમીક્ષા/ગ્રંથાવલોકન

## 'આવાગમન' : ટૂંકીવાર્તાનું કળામય વાસ્તવ વિજય શાસ્ત્રી દ્વારા

સેજલ શાહ

[આવાગમન (ટૂંકીવાર્તાસંગ્રહ) : વિજય શાસ્ત્રી, પ્રકાશક : ગૂર્જર, અમદાવાદ, પ્ર. આ. ૨૦૦૮, પૃ. ૮+૧૪૨ = ૧૫૦, કિં. રૂ. ૭૫/-]




ચેખોવે 'Short Story is a shce of life' એવી વ્યાખ્યા બાંધીને ટૂંકીવાર્તામાં જીવન સમગ્રનું નહીં પણ જીવનના કોઈ ખંડનું, ક્ષણનું નિરૂપણ થતું હોય છે, એ વાત પર ભાર મૂક્યો છે. વિજય શાસ્ત્રીની દૃષ્ટિ જીવનના આવા જ બનાવોને તાકવામાં અને પકડવામાં સફળ રહી છે. અહીં 'આવાગમન' વાર્તાસંગ્રહમાં દરેક વાર્તાનું મુખ્ય પાત્ર મનુષ્ય છે, મનુષ્યના જીવનની એક ક્ષણ, મનુષ્યની પોતાની ઘટના અને પછી ભાવક એમાં તણાય છે. 'આવાગમન' ભાવનામય સફર કરાવતો ૧૪ વાર્તાઓનો સંગ્રહ છે.

વિજય શાસ્ત્રી ગુજરાતી ભાષાના જાણીતા, લોકપ્રિય અને પારિતોષિક-વિજેતા [illegible]ંત નિબંધકાર, નવલકથાકાર, વિવેચક, વિચારક છે. ૧૯૭૧માં એમનો પહેલો વાર્તાસંગ્રહ 'મિસિસ શાહની એક બપોર' અને ૨૦૦૮માં એમનો આઠમો વાર્તાસંગ્રહ 'આવાગમન' આવ્યો. 'આવાગમન'ની સૃષ્ટિ એ આમ તો સામાન્ય કથાવસ્તુને જ તાકે છે પરંતુ મનુષ્યસંવેદનની તીવ્રતમ ક્ષણને પકડવામાં આ સંગ્રહ સફળ રહ્યો છે.

'આવાગમન'માં કુલ ૧૪ વાર્તાઓ છે જેમાં વિષયવૈવિધ્ય, સંવેદનની વિવિધ તરાહો, રહસ્યસ્ફોટ જેવી શૈલી કે આલેખન કે નિરૂપણશૈલી પસંદ કરવામાં આવી છે. સંગ્રહની મજા એ છે કે મોટાભાગના ભાવકોને આ પોતાની વાત જ લાગે, આપણા જ જીવનની કોઈ ઘટના, આપણા જ પરિસરનું નિરૂપણ લાગે 'જીવ તો બળે છે ને !' વાર્તામાં આમ તો સાસુ-વહુના પરંપરાગત સંબંધોની તાણ અને એમાં પિસાતા દીકરાની ભાવનાની વાત કરી છે. પિતાના મૃત્યુ પછી મા અચાનક અવારનવાર ગુમ થઈ જાય છે અને ત્યારે વહુ આવતી પૂનમે માના ઓરડાને આગળિયો મારી દેવો, એવો ઉપાય સૂચવે છે જે દીકરા કરસનને ગળે નથી ઊતરતો પણ વિરોધ પણ નથી કરી શકતો. બીજી તરફ માનું પેન્શન પણ એક આકર્ષણ હતું. કરસને પહેલી વાર માને રૂમમાં પૂરતી વખતે ચચરાટ નહોતો અનુભવ્યો પણ બીજી વાર એ ચચરાટ અનુભવે છે. પોતાને દુઃખ થાય છે એની ખાતરી થતાં જ કરસન સંતોષ અને છૂપો હરખ અનુભવે છે. કરસન માની ચિંતામાંથી પોતાની ચિંતામાં ક્યારે સરી પડે છે એની ખબર જ ભાવકને પડતી નથી. અહીં મહત્ત્વ એનું છે કે 'મારો જીવ બળે છે ને !' બસ તો પછી બધું બરાબર ! કરસનના મનોભાવનું આલેખન

અને પોતાનો જ માંહ્યલો જાગ્રત છે. એની ખાતરી કરસન માટે મહત્ત્વની છે, નહીં કે મા ! બીજી વાર્તા 'ભાર'માં 'મા' માટે પુત્ર કેન્દ્રબિંદુ છે, ખૂબ જ ચિંતા કરે છે પણ દીકરાની ચિંતા કરવાની જરૂર જ નથી કારણ એ પોતાની જરૂરિયાત પ્રમાણે જ માને બોલાવે છે. પણ મા આ સત્યને સ્વીકારવા તૈયાર નથી. આજના વૃદ્ધાવસ્થાના પ્રશ્નો, તેમની અવગણના વગેરે અહીં જોવા મળે છે, આ જ વિષયની આસપાસ, ફરતી અન્ય એક વાર્તા 'આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે !'માં પતિના અચાનક મૃત્યુને કારણે અરુણા જે સ્વૈચ્છિક નિવૃત્તિ લેવાની હતી તે નથી લેતી પણ નિયત સમયની નિવૃત્તિ પછી તેની એકલતા તો તેને સતાવે છે જ અને જીવન દરમ્યાન અનેક પ્રસંગોનો સામનો કરતાં કરતાં પૈસા પણ ખરચાઈ ગયા છે; પૈસાની સાથે લાગણી પણ બચી નથી, જે છે તે યંત્રવત્ જીવન – આમાં લાગણીની અપેક્ષા ક્યારે પૂરી થશે ?

ઑફ-બીટ કહી શકાય એવી જો કોઈ વાર્તા હોય તો તેમાં 'સ્વામી ચંદ્રકાન્ત'નો ખાસ ઉલ્લેખ કરવો પડે. વાર્તાનો નાયક મનસુખ સુખ અને પરમસુખની અપેક્ષાની ખેવના સાથે માયા-મુક્તિના રસ્તે ચાલે છે. આ સાધનાના માર્ગ પર તેને પરમ સંતોષની લાગણી થાય છે કે તેણે બધું જ પ્રાપ્ત કરી લીધું છે. પરંતુ પત્ની રમીલાના મૃત્યુ પછી પોતાનો આ ભ્રમ તૂટી પડે છે, પોતે કરેલો ત્યાગ, પોતાનું સુખ રમીલા માટે કેવી દુઃખદ પ્રક્રિયા બની રહે છે, તેનો તેને ખ્યાલ આવે છે. 'દુઃખને પ્રવેશવાનો એક માર્ગ બળજબરીથી બંધ કરી દીધો તો દુઃખ પૂરનાં પાણીની જેમ બીજા માર્ગે મનમાં, જીવનમાં પ્રવેશી ગયું હતું.' (પૃ. ૬૫) સુખની આવી ભ્રમણા તો તૂટે જ છે પણ હવે તેને બાજી સુધારવાનો પણ સમય મળે તેમ નથી, આથી મોટી કરુણતા કઈ હોઈ શકે ?

'ગંગા નાહ્યાં'માં લેખકે નિબંધ રૂપે કથા આલેખી છે, એમ શરૂઆતમાં લેખકે નોંધ્યું છે પરંતુ પછી તે વાર્તામાં પરાવર્તિત થઈ જાય છે. અહીં મનુષ્યની હંમેશ માટેની એક ઇચ્છા હોય છે કે તેને તેના મૃત્યુ પછી બધાં યાદ કરે, કોણ તેની કેટલી કાળજી – ચિંતા કરે છે, તેને વિશે મનુષ્યને ખબર પડે વગેરે. અહીં નાયક 'કાકા' વિશે પણ એવું મનાય છે કે એમને કંઈ થઈ ગયું છે, અને બધા જ એમની ચિંતા કરે છે, ત્યારે મનોમન તે ખુશ થાય છે અને અંતે તો પાડોશી રમાબહેનનું પણ પોતાના તરફ ધ્યાન ગયું હતું, એ જાણે છે એટલે તો તેમને 'ગંગા નાહ્યાં !' જેટલો આનંદ થાય છે.

વિજય શાસ્ત્રીની ટૂંકીવાર્તામાં સ્ત્રી અને પુરુષ બંનેના મનોભાવ વ્યક્ત થયા છે, માત્ર પુરુષકેન્દ્રી દૃષ્ટિકોણથી તેમની વાર્તા દબાતી નથી. રહસ્યસ્ફોટનું શસ્ત્ર પણ વાર્તામાં સફળતાપૂર્વક ઉગામ્યું છે. 'બાબુજી ધીરે ચલના' વાર્તામાં કંઈક આવો જ ઘટસ્ફોટ થાય છે પણ ત્યાં સુધી મોડું થઈ ચૂક્યું હતું. અહીં મિત્રતાના સંબંધને પણ તાગવામાં આવ્યો છે. વાર્તા પ્રથમ પુરુષ એકવચનના કથાકેન્દ્રમાં લખાઈ છે. નાયક અને બાબુ આમ તો રોજ સાંજે સાથે જ ફરવા જતા, પણ એક દિવસ બાબુ વહેલો નીકળી જાય છે, નાયક તે જ રસ્તે બાબુની પાછળ જાય છે અને દૂરથી બાબુ 'પોતાના મિત્રને' જળસમાધિ લેતો જુએ પણ છે, પરંતુ છતાં તેનું ભીરુ મન એ અંગે કંઈ કરતું નથી અને ઘરે આવીને કોઈને જાણ સુધ્ધાં નથી કરતો કારણ સ્વાર્થી મન પોલીસના નામે ડરી જાય છે. મૃત્યુનું રહસ્ય તો બાબુને પત્ર ચાર દિવસ પછી આવે છે એટલે ખૂલે છે અને વાર્તા પછી ખરા અર્થમાં તો ત્યારે નીપજે છે જ્યારે સુમિત્રા પણ બાબુ સાથેના પ્રેમનો એકરાર કરે છે, જેનો હવે કોઈ અર્થ નથી. અહીં વાર્તાકળા ઘટનાના વિકાસ દ્વારા સિદ્ધ થઈ છે. ભાવક આ વાર્તા પોતાનાથી જુદી કરી નહીં પરંતુ પોતાના જીવનના એક ભાગ રૂપે વાંચી શકે એવી છે.

વિજય શાસ્ત્રી વાસ્તવિક જીવનના પ્રશ્નોને એ જ રીતે તાકતા રહ્યા છે. ઘટના એ એમની વાર્તાની મૂળ ભૂમિ છે અને પછી... એનો સંવેદના, વર્ણન, ક્યારેક પ્રતીક દ્વારા વિસ્તાર કરે છે. ભાવકને સ્પષ્ટ કરી આપી દેવાની તેમની શૈલી છે, જરૂર પડે ત્યારે કૌંસમાં મૂકી કે પછી એ અંગેની સૂચના પણ આપીને તેઓ સ્પષ્ટ તો કરે જ છે. ભાવક સર્જકના દૃષ્ટિકોણને ચૂકી શકે નહીં, એ બાબતે તેમની સ્પષ્ટતા ખૂબ જ છે. વાર્તાનાં શીર્ષકો કાવ્યમય છે. ક્યાંક લોકબોલીના પ્રયોગ અને એ પણ શિષ્ટ ભાષા સામે ઓગળી જઈ સુંદર રીતે આવ્યા છે. મોટાભાગની વાર્તાઓ 'નવનીત-સમર્પણ'માં પ્રગટ થઈ ચૂકેલી છે. અનુઆધુનિક સમયમાં મનુષ્યની વાત માત્ર કોઈ પણ લેબલ કે બેનર વગર કરવાની ભૂમિકા આ સંગ્રહમાં જોવા મળે છે. સામાન્ય કથાવસ્તુને કળાનું પરિમાણ અપાયું છે. મોટાભાગનાં કથાવસ્તુ પ્રચલિત હોવા છતાં તાજપ અનુભવાય છે, કારણ નર્મ, મર્મ, ઉપહાસ, વિડંબના એ જ એમની સિદ્ધિ બની રહ્યાં છે. વાર્તામાં એમણે આ સાધનો દ્વારા માનવીના વ્યવહાર અને માનસિકતાને તાગ્યાં છે. જ્યાં જરૂર પડે ત્યાં વિધાન અધૂરું મૂકીને ભાવકને વિચારતા પણ કર્યા છે, છતાં હજુ થોડી ઓછી સ્પષ્ટતા સાથે ભાવક માટે વધુ અવકાશ સર્જી શક્યા હોત તો કળાનાં વધુ ઊંચાં પરિમાણ તાકી શકાયાં હોત. ખેર, છતાં ગુજરાતી વાર્તાની તાજપ અને મરોડને એમણે વધુ સમૃદ્ધ કર્યાં છે જ – 'આવાગમન' દ્વારા એ તો નિશ્ચિત જ.

## નારીવાદના સાદ્યંત નિદર્શનની સશક્ત કૃતિ – 'શોષ'

ડૉ. કેસર મકવાણા

['શોષ' (નવલકથા) : દક્ષા દામોદરા, રન્નાદે પ્રકાશન, પ્ર.આ. ૨૦૦૩, પૃ. ૧૭+૧૪૮, રૂ. ૮૪]

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કૃત 'શોષ' નવલકથા દક્ષા દામોદરાની પ્રથમ નવલકથા છે. લેખિકાના નિવેદન પરથી પણ સ્પષ્ટ થાય છે કે 'શોષ'નું ગૌત્ર 'નારીવાદ'માં રહેલું છે. એ ખરું કે 'નારીવાદ'ના મુખ્ય ઘટકની સાથે દલિત સમસ્યાના ઉપઘટકને પણ તેમાં સૂક્ષ્મતાથી વણી લેવાયો છે. એટલે આ કૃતિ આમ બંને અભિગમથી માણી-પ્રમાણી શકાય એમ છે. અહીં કૃતિના નારીવાદી અભિગમને ઉજાગર કરવાનો ઉપક્રમ છે.

આપણાં શાસ્ત્રોમાં ને સાહિત્યમાં માતૃત્વનો ને એ નિમિત્તે સ્ત્રીત્વનો મહિમા ખૂબ ગવાયો છે. એનો હવાલો આપતાં લેખિકા નિવેદનમાં કહે છે : ''હા... મહિમા ગવાયો છે.

શાસ્ત્રોમાં...

સાહિત્યમાં...

જ્યારે વાસ્તવમાં...?

... ભ્રૂણહત્યાથી જાન બચી તો શારીરિક, સામાજિક, જાતીય અત્યાચારોની લાખો સમસ્યાઓ વચ્ચે જીવન પૂરું કરતી નારી. આ છે સાંપ્રત સંસ્કૃતિની છબિ.''[1]

લેખિકાએ ઝાંખેલી આપણી સાંપ્રત સંસ્કૃતિની છબિને ‘શોષ’ નવલકથામાં કલાત્મક રીતે કંડારી આપી છે. કોઈ ‘વાદ’ કે ‘વિચાર’ ગમે તેટલા ઉન્નત હોય તો પણ તેનું કલાકૃતિમાં રૂપાંતરણ એ સાહિત્યકલાની પ્રથમ શરત છે, ને એ રીતે કૃતિના વિવિધ ઘટકોમાં એ કેટલો એકરસ થઈને આસ્વાદ્ય ભૂમિકાને પામે છે એ જ આપણા માટે રસનો વિષય હોય છે.

સાહિત્યમાં બુદ્ધિમાન, સ્વાવલંબી કે વિદ્રોહી નારીપાત્રો જૂના જમાનાથી આલેખાતાં રહ્યાં છે. પણ એ નારીવાદી અભિગમની નીપજ નથી. એ જ રીતે જ્યાં નારીચરિત્રો કેન્દ્રમાં હોય તેવા સર્જનને પણ નારીવાદી દૃષ્ટિએ મૂલવવા ઉચિત નથી. કેમ કે – ‘‘નારીવાદી અભિગમ એટલે કશા ભેદભાવ વગર એક નારીની વ્યક્તિ તરીકે પ્રતિષ્ઠા.[૨] જોકે ‘નારીવાદ’ દોઢ-બે સદીની યાત્રા કરીને જુદા જુદા પ્રાંત-પ્રદેશ ને સ્થળ-કાળ પ્રમાણે પોતીકા રંગરૂપ ધરીને – ક્યારેક લૈંગિક ભેદને આધારે થતા અન્યાય સામેના ઊહાપોહ રૂપે, ક્યારેક પુરુષકેન્દ્રી સંસ્કૃતિ સામેના વિદ્રોહ રૂપે, બંડ રૂપે, મતાધિકારથી સમાન માનવઅધિકાર અને વિશેષાધિકાર સુધી પ્રગટ્યું – પ્રવર્ત્યું છે. આ બધાં આંદોલનોનો મૂળાધાર છે : નારીની વ્યક્તિ/મનુષ્ય તરીકેનો સ્વીકાર.

‘નારીવાદ’ની આ કેન્દ્રીય વિચારધારા અને એના વિવિધ ‘શેડ્સ’ના પરિપ્રેક્ષ્યમાં ‘શોષ’ને જોતાં – મૂલવતાં તેને હાડોહાડ નારીવાદી નવલકથા કહી શકાય તેમ છે. ‘શોષ’માં સંમિલિત ‘નારીવાદ’ એ આ પૂર્વે ગુજરાતી સાહિત્યમાં ‘બત્રીસ પૂતળીની વેદના’ (ઈલા આરબ મહેતા)માં જોવા મળેલો ‘મૂક નારીવાદ’ કે ‘સાત પગલાં આકાશમાં’ (કુન્દનિકા કાપડિયા)માં જોવા મળેલ ‘પ્રચ્છન્ન નારીવાદ’ કે આધુનિક યુગમાં આધુનિકતાને ઉપકાર અસ્તિત્વવાદી અભિગમે નીપજેલી સ્ત્રીની બૌદ્ધિકતા અને જાતીયતાની છબિ પૂરતો સીમિત નારીવાદ નહીં પણ ‘શોષ’માં તો આવા ઉતારચઢાવભર્યા વહેણ પછીનો – નીતર્યા નીર જેવો ‘વિશદ નારીવાદ’ કથાત્મક-કલાત્મક રૂપેરંગે અવતર્યો છે. એ ખરું કે ‘સાત પગલાં આકાશમાં’માં બૃહદ્ નવલકથાની વ્યાપકતા જ તેની પ્રભાવકતા બની હતી, જ્યારે ‘શોષ’માં લઘુનવલની ઘનતા છે ને એ ઘનતાને લીધે જ ‘નારીવાદ’ની સઘનતાનો કલાત્મક આવિષ્કાર તેમાં થવા પામ્યો છે.

‘શોષ’ નવલકથા બે ભાગમાં વિભક્ત છે : પહેલા ભાગનો આરંભ કથા કેન્દ્રીય દંપતી – માધવી-પુરંદરના કચ્છ પ્રવાસના આયોજનથી થાય છે. ને બીજો ભાગ આ દંપતીના કચ્છના – ઐતિહાસિક – પ્રાકૃતિક સ્થળોના પ્રત્યક્ષ પ્રવાસનો છે. બંને ભાગમાં કથાની નાયિકા માધવીની મનોદશાને કથાપ્રવાહ સાથે સૂક્ષ્મતાથી સંયોજી આપી છે. કથાપ્રવાહ અને કેન્દ્રીયપાત્રના મનોપ્રવાહને આમ ઉચિત આયોજનાથી સંઘટિત કરી આપવામાં કર્તાની વસ્તુસંકલના (પ્લૉટ)ની સંપૂર્ણ સૂઝનાં દર્શન થાય છે. બંને ભાગના ભૌગોલિક સીમાડા ઓગાળી દેતી કથાની આંતરિક સંઘટના સરાહનીય છે.

પ્રથમ ભાગના પ્રારંભે આવતું ‘કચ્છ પ્રવાસ’નું આયોજન પતિ પુરંદરના નાટ્યાત્મક વળાંકનો હિસ્સો છે. નાયિકા માધવીના મનોપ્રદેશની વિક્ષુબ્ધ દશા અને કચ્છ-આકર્ષણની રોમહર્ષિતા – ઝંખના એ બેવડી અનુભૂતિની દોલાયમાન ભીંસ અનુભવતી નાયિકા એની આવી દશા-દિશા માટે જવાબદાર પૂર્વઘટનાની પ્રસંગમાળા – પીઠઝબકાર રૂપે – માધવીના મનોપ્રદેશમાંથી સ્મૃતિ સહારે જીવંત થઈ ઊઠી છે. એના જન્મથી લઈ પતિ પુરંદર સાથેના વિક્ષિપ્ત દામ્પત્યજીવન સુધીની એની મનોગતિએ એને કેવી રીતે ‘સ્કિઝોફ્રેનિયા’નો ભોગ બનાવી છે ? એની ત્રૂટક ત્રૂટક પ્રસંગમાળા ઊઘડતી – ગૂંથાતી આવે છે. એ ‘સ્કિઝોફ્રેનિયા’થી ઊગરવા કે પુરંદરની અન્ય કોઈ ગણતરી – માધવી વિમાસે છે. ‘‘પુરંદરે માધવીના માથાને હળવેથી પોતાના ખભે ટેકાવતાં કહ્યું ત્યારે માધવીને ઓચિંતો જ ઉબકા જેવો વિચાર આવી ગયો, ‘લગ્ન સમયે હતી... એવી માંસલ કાયા તો કદાચ રહી નથી. પણ... બાપુની મિલકત હતી એથી ઘણીયે વધી ગઈ છે, ગઈ કાલે સવારે ડાઇવોર્સની વાત કરતી વખતે વજ્ર બની ગયેલ પુરંદરને રાત સુધીમાં મીણ બનાવી દેનાર... શું... એ જ કારણ ?’થી કચ્છ પ્રવાસે જઈ રહ્યા છે એ બધાની ઝીણવટપૂર્વકની વિગતથી અવગત કરાવતો પહેલો ભાગ છે.

બીજો ભાગ માધવીએ કોઈ આંતરિક લગાવથી ઝંખેલી કચ્છભૂમિના પ્રત્યક્ષ પ્રવાસનો છે. માધવીના કચ્છદર્શનનો રોમાંચ, ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેતાં એ સ્થળ સાથે જોડાયેલી લોકકથા – પ્રેમકથાનાં પાત્રો સાથે વ્યામોહ રૂપે તાદાત્મ્ય અનુભવતી પરાકાષ્ઠાએ પહોંચે છે. પુરંદર જેનાથી બચવા-બચાવવા માધવીને અહીં લાવ્યો હતો એમાં જ માધવી ખૂંપીને રહે છે. પૂર્વજીવનનો લાગણીનો અભાવ માધવીના મનોપ્રદેશને એ દિશામાં સહજ ખેંચી જાય છે. તૃષાતુર કચ્છની રણભૂમિ અને એમાં જાતિભેદને કારણે પ્રેમનું બલિદાન લેનારી દેશળ-રાજલની પ્રેમકથામાં માધવી સ્વજીવનની એકરૂપતા જુએ છે. માધવીના પૂર્વજીવનનુ – રાજેન્દ્ર મકવાણા – સહપાઠી-ચિત્રકાર સાથેના નાજુક-સુષુપ્ત પ્રણયઆકર્ષણના આકસ્મિક અંતના પ્રસંગોના રાજલ- દેશળના પ્રસંગ સાથે અંકોડા જોડતી માધવી આખરે ન્યૂરેરિક હરકતો કરતી ‘કોમા’માં સરી પડવા સુધી પહોંચે એવી માધવીની કરુણ અવગતિ સાથે કથા વિરમે છે.

માધવીની આવી અવગતિનાં બીજ તો છેક એના જન્મ-ઉછેરથી જ નંખાયાં હતાં. પિતાની પુત્રૈષણા પર પાણી ફેરવી બીજી દીકરી તરીકે જન્મેલી માધવી બાળપણથી જ પિતાના સ્નેહથી વંચિત રહે છે. પિતાના રુક્ષ વલણ તળે ઉછેર પામેલી માધવી ભણવા સાથે ચિત્ર-કાવ્ય આદિ કલા તરફ વિશેષ લગાવ દાખવે છે જે પિતાને માન્ય નથી. ત્યાં જ માધવીની મોટી બહેન પરજ્ઞાતિના છોકરા સાથે પ્રેમલગ્ન કરી ભાગી જાય છે. આ બનાવથી કુરાઘાત પામેલા પિતાના રોષનો ભોગ વળી માધવી બને છે. ક્રુદ્ધ થયેલ પિતા કહે છે – ‘બની શકીશ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તું ?’ ને માધવી આર્ટ્સમાંથી કૉમર્સના થોથાંમાં અટવાઈ પડે છે. રસનાં ક્ષેત્રોથી વિમુખ થયેલી માધવી કૉમર્સમાં માંડ પાસીંગ માર્ક્સ લાવે છે ને પિતાની ઇચ્છા પર પાણી ફેરવે છે. પિતાની અપેક્ષાએ ખરી ન ઊતરેલી માધવીમાં અપરાધભાવ ઘર કરી જાય છે. પિતાના શબ્દો સતત એના મનોપ્રદેશમાં ગુંજ્યા કરે છે. બી.એ.માં ભણવા તો બેસે છે પણ એની વિક્ષુબ્ધ મનોદશા વ્યાકુળ થઈ વિહ્વળતામાં પરિણમે છે. મનોચિકિત્સક પાસે લઈ જવાતાં માધવી ‘સ્કિઝોફ્રેનિયા’નો ભોગ બન્યાનું નિદાન થાય છે. ને ઉપચારમાં ‘એને રંગોમાં ઢોળાવા દેવાનું’ કહ્યું ત્યારે પિતાનું ગણિત ઊંધું પડ્યાનું ને ‘સ્કિઝોફ્રેનિયા’ની વાત ફેલાય એ પહેલાં માધવીને ઠેકાણે પાડવા પિતાએ પ્રયત્નો આદર્યા ને એમાં એ સફળ પણ થયા. દેખાવડા, સુડોળ અને વેલસેટ મુરતિયા

– પુરંદર સાથે માધવીને પરણાવી દેવાઈ.

કેટલાય કોડ આંખે આંજીને સાસરવાસમાં પગ મૂક્યો એ રાતે જ હૃદય અભિહત થઈ ગયું હોય એવું માધવીને લાગેલું. પોતે જે ઓરતા ઓઢી-સેવી આવી હતી એમાંનું કશું જ ન પામતાં – પોતે જ પોતાની સામે જાણે ક્ષોભિત થઈ ગઈ. – 'તારા જેવી છોકરીથી બીજું થાય પણ શું ? બસ.... પરણી ગયાં.' માધવીનું અંતર રડી પડ્યું. પિતૃસ્નેહના અભાવને પૂરવા મથતી માધવી પુરંદર સાથેના સહશયનમાં પણ સ્નેહતરસી રહે છે. સહશયન પછીની પુરંદરની નિર્લેપતા, માધવીના મનોવલણ તરફની એની બેદરકારી વગેરે એના એકત્વ ઇચ્છતા ભાવમાં – દ્વૈત ઊભો કરે છે. માધવીને લાગે છે કે પુરંદર માત્ર તેના દેહને સત્કારે છે, પણ વ્યક્તિ તરીકે તેની અવહેલના કરી રહ્યો છે. આ તુમૂલ માધવીના મનોપ્રદેશમાં સતત ચાલતું રહે છે. એ માટે એ પુરંદર સાથે વાદવિવાદ પણ કરે છે. પણ રૂડો-રૂપાળો ને વેલસેટ પુરંદર માધવીની અપેક્ષાએ – સર્વ પુરુષ જેવો જ શરીરવાદી 'પઝેસિવ' નીવડે છે. સામાજિક રીતે મોભાવાળું ને 'વેલસેટ' દેખાતું માધવીનું દાંપત્યજીવન ઉત્તરોત્તર 'અપસેટ' થતું જાય છે. લેખિકાએ દાંપત્યજીવનના નાજુક પ્રસંગને એના સૂક્ષ્મ-સંકુલ રૂપમાં આલેખી નક્કર ફિલોસૉફિકલ ભોંય પર નિખાર્યું છે. જેમાં 'નારીવાદ'નો અસ્સલ મિજાજ સ્ફુટ થતો આવે છે. એવા કેટલાક સંવાદો-વિવાદો ઉદાહરણ રૂપે જોઈએ તો –

– 'પુરંદર... શરીરની ગરમી મારી અંદરની એકલતાના બરફને પિગળાવી શકતી નથી...!' (પૃ. ૨૧)

– 'પતિ-પત્નીનો સંબંધ એટલે નેતા-મતદાતાનો સંબંધ ? સમાગમરૂપી ચૂંટણી પ્રત્યે નેતાને શો મતલબ મતદાતાના અસ્તિત્વ સાથે ?' (પૃ. ૨૧)

– 'અંતરની તૃષા છીપાવે નહીં એવા ઝાંઝવાનું જ નામ શું દાંપત્ય છે ? આવા પ્રશ્નની ટાંચણી ખૂંચાડી દઈ પુરંદરના પ્રેમાળ અને શૃંગારિક વર્તનના ફૂલેલા ફુગ્ગાને ફોડી નાખવાની અદમ્ય ઇચ્છાને માધવી રોકી શકતી નહીં... જેની ઉત્કંઠા પ્રેમતત્ત્વની છે... એની પરિતૃપ્તિ માત્ર શરીરાશ્રિત હોતી નથી !' (પૃ. ૨૩) – કે –

– 'મારું વૈચિત્ર્ય એ જ છે ને પુરંદર કે હું હૃદયપૂર્વક જીવવા માગું છું, માત્ર શરીરપૂર્વક નહીં...!' (પૃ. ૨૮)

માધવીના મનોલોકમાં ઊઠતા આવા પ્રત્યાઘાતો માત્ર તર્કપૂત વિચારો ન રહેતાં દાંપત્યજીવનની નક્કર દાર્શનિક ભૂમિકા સુધી વિલસે છે. 'પ્રેમ' અને 'સેક્સ'ને એક જ સિક્કાની બે બાજુ ગણાવતા પુરંદરને માધવી આવો જવાબ આપે છે – 'હા... પુરંદર... 'પ્રેમ' અને 'સેક્સ' એક સિક્કાની બે બાજુ છે. એ ક્યારેય 'એક' ન જ હોઈ શકે.' (પૃ. ૨૩) આવા બુદ્ધિગમ્ય સંવાદો સ્ત્રીપુરુષની સમજણને તો વિશદ કરે જ છે. વળી એ પ્રક્ષેપણ આયાસપૂર્ણ ઉમેરણ રૂપે નહિ પણ કથાના ભાગ રૂપે થતું આવતું હોઈ આસ્વાદ્ય નીવડે છે.

'નારીવાદ'માં નિહિત 'નારી'ના 'સેક્સ' અને 'જેન્ડર'ના સૂક્ષ્મ તફાવતને ઉજાળતા પણ ઘણા પ્રસંગો અહીં હાજર છે. સેક્સ (બાયોલૉજિકલ) છે. જ્યારે જેન્ડર (સોસિયો-કલ્ચરલ-કોનસ્ટ્રન્ટક) છે. 'શોષ'ની નાયિકાના બાળઉછેરના પ્રસંગો આ સંદર્ભમાં તપાસવા જેવા છે. પુત્રૈચ્છાની જગાએ પુત્રીનો જન્મ થતાં પિતાના મનોવલણને વ્યક્ત કરતા વર્તન-સંવાદને ધ્યાનથી જોતા કે 'દીકરો-દીકરી શો ફેર પડે છે ?' એવા વિધાનની ઓથે બોલનારની માનસિકતા શું હોય છે ? એને કળતા; માધવીના ભણતર બાબતે ઊભી થતી હાલક-ડોલક સ્થિતિમાં; પરિણામ નબળું આવતાં માધવીને પરણાવી દેવાની પિતાની પેરવીમાં કે પરણ્યા પછી માધવીની વિહ્વળતાને 'ચિત્તભ્રમ'નો સરપાવ આપતા ફોઈબાના વિધાનમાં દેખીતી રીતે જ 'સોસિયો-કલ્ચરલ-કોન્સેપ્ટ'નું જ પ્રવર્તન છે. 'શોષ'ની નાયિકાની 'એબનોર્માલિટી' જન્મજાત નથી. એની આવી અવદશા એની આસપાસના સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણને આભારી છે. સિમોદ દિ બૂવાએ કહેલું 'A women is not born but made'[3] – વિધાન 'શોષ'ની નાયિકાના સંદર્ભે સાદ્યંત ચરિતાર્થ થાય છે. નાયિકા-કેન્દ્રી આ નવલકથા આથી જ 'ચરિત્રકથા' ન બની રહેતાં 'સમાજકથા' બને છે. 'શોષ' નવલકથાની પ્રસ્તાવનાના શીર્ષક 'સમાજના કંઠે વળગેલા શોષની કથા'માં પ્રસ્તાવનાકારે[4] 'સમાજ'ને ઔચિત્યપૂર્વક યોજ્યો છે. સામાજિકતાનું ચરિત્ર સાથેનું આવું સૂક્ષ્મ ગ્રથન-પ્રવર્તન 'શોષ'ની આગવી વિશેષતા છે.

પોતાના બહિર્‌વર્તનનું ગૌરવ લેતો પુરુષ સ્ત્રીના મુક્ત વર્તનને સાંખી શકતો નથી. પુરુષની આ સંકીર્ણ માનસિકતાને ઉદ્‌ઘાટિત કરતા પ્રસંગો પણ અહીં મોજૂદ છે. માધવીના રાજેન્દ્ર મકવાણા સાથેના પરિચય પ્રસંગે પુરંદરના ભાવ-પ્રતિભાવમાં અકારણ અણગમો ઊભરાય છે. એ જ પુરંદરના રશ્મિ મહેતા સાથેના વર્તન-વલણમાં પુરુષસહજ લોલુપતા ડોકાય છે. પરસ્પર વિરોધી વલણ પ્રગટાવતા આ પ્રસંગો પુરુષના બેવડા ધોરણની સહજ ચાડી ખાય છે. આ બધા પ્રસંગો આખરે પિતૃસત્તાક સંસ્કૃતિના વિવિધ આયામો જ પ્રગટાવે છે.

એ જ રીતે સ્ત્રીનો નિજી અનુભવ નિજી ભાષાભિવ્યક્તિમાં પ્રગટાવવાની નારીવાદી 'નેમ' પણ અહીં ઘણા પ્રસંગે મોજૂદ છે. આમ તો આખી કથા જ એક નારીના સ્વાનુભવની નીપજ છે. છતાં એક બૌદ્ધિક વ્યક્તિથી અલગ સ્ત્રીસહજ સ્વાયત્ત સંવેદ્ય વિશ્વ જે પુરુષ માટે કાયમી અનુમાનનો જ વિષય છે – એવા શરીરી – નારીદેહીસંવેદ્ય વિશ્વને ઉજમાળતા પ્રસંગો પણ હાજર છે.

''એના નાજુકડા હોઠ વચ્ચેથી માધવીએ પોતાના ઉરમંડલને ક્યારનુંય હળવેથી ખસેડી લીધું હોવા છતાં, ગુલાબની પાંદડી હવાની હળવી લહેરખીથી હળુહળુ કંપે, એમ એના નાજુક ઓષ્ઠ ઉરજ વિનાય ઉરપાન કરવામાં લીન હતા !'' (૩૦) કે ''ફઈબાના આદેશના પાલન અર્થે અથવા તો માત્ર એમને સારું લગાડવા માટે જ પુરંદરે કરાવેલી મુસાફરીઓમાં બાકાત ન રહેવા પામેલા રજોદર્શનના કષ્ટદાયી દિવસોમાં ગુહ્યાંગ પર ચીપકાવેલ કપડું સાથળ સાથે ઘસાવાથી પડતા હતા... ઘા... વિદાયક...!'' (૮૬) જેવી સ્ત્રીની સ્વાનુભવમૂલક સંવેદનસંપદાને ચીંધે છે. એ જ રીતે સહશયનનાં એકાધિક વર્ણનોમાં પુરુષ (લેખક)ની પ્રગલ્ભ ભાષાભિવ્યક્તિ નહિ પણ સ્ત્રીસહજ સંયત ભાષામાંય ધારદાર અભિવ્યક્તિ સધાઈ છે. ''વરસાદ થંભી ગયો હોય અને ધરતી પર ઢોળાયેલાં પાણી ઢાળ ભણી દદડી ગયાં હોય, રહી ગયો હોય તો માત્ર કીચડ...' (પૃ. ૩૬) કે પૃ. ૧૨૬ પરનું – ''મૈથુનમગ્ન ગરોળીનું યુગ્મ જોયું... અને જોરદાર ઊબકા જેવું થઈ આવ્યું.'' જેવા અનેક નાના-નાના પ્રસંગોમાં સ્ત્રીસહજ અનુભૂતિ અને અભિવ્યક્તિ બન્નેનો સાદ્યંત અનુભવ થાય છે.

'નારીવાદ'ના પ્રણેતા વર્જિનિયા વુલ્ફે 'A Room of Onces Own'માં નારીલેખન-

ની હિમાયત કરી છે. ''સ્ત્રી શા માટે કલાના ક્ષેત્રે કશું કરી ના શકી ?'' એવો પ્રશ્ન ઉઠાવી વુલ્ફ કહે છે કે વૈચારિક સ્વાતંત્ર્ય વગર, પોતીકી આવક વગર અને અલાયદા ઓરડા વગર કવિતા રચાવી શક્ય જ નથી.''[૫] વુલ્ફના આ ચિંતનનો વિનિયોગ 'શોષ'ની કથામાં પણ સમાંતરે ગૂંથાયો છે. સ્ત્રીલેખનની અડચણો અહીં કથારંભેથી જ પ્રવૃત્ત છે. સહપાઠી રાજેન્દ્રને બતાવવા માધવીએ લખેલી કવિતાની નોટ બાપુના હાથમાં આવી જતાં ખિન્ન નજરે બાપુ કહે છે, ''હવે પછી આવું ન લખાય એની કાળજી રાખજે. ધ્યાન પરોવવાનું છે ભણવામાં – માત્ર ભણવામાં જ. રીમેમ્બર ઇટ ઓલ્વેઝ !'' (પૃ. ૯) કલા પ્રતિ આરંભનો આ વિરોધ પરણ્યા પછી પણ પુરંદરના અણગમા રૂપે લંબાતો આખરે દામ્પત્યમાં વિખવાદનું નિમિત્ત બને છે. ત્યારે માધવીની કલાપ્રતીતિ આવા નૈરાશ્યમાં પરિણમે છે. ''હું... કલાકાર ક્યારે હતી ? મારું ચિત્ત તો મારી કલાને જન્મતાં જ વધેરી નાખવાની વધભૂમિ છે. માતા યે હું ને જલ્લાદ પણ હું ! ઘૂંટી નાંખીશ ગળું મારા ચિત્તોદરમાં અંકુરિત થાય એ પહેલાં જ મારી સિસૃક્ષાના ભ્રૂણનું.'' (પૃ. ૬૭)

આમ, 'નારીવાદ'ની લગભગ તમામ પ્રમુખ લાક્ષણિકતાઓનો 'શોષ'માં કલાત્મક વિનિયોગ સધાયો છે. એટલે 'શોષ'ને નારીવાદના સાદ્યંત નિદર્શનની સશક્ત કૃતિ તરીકે આપણે નિશંક ઓળખાવી શકીએ. વળી 'નારીવાદ'ના પ્રમુખ પ્રવાહની સાથે 'શોષ'માં અન્ય પ્રવાહ – આયામો પણ આસ્વાદ્ય છે; જેવા કે – સંઘટિત વસ્તુસંકલનના દલિત પ્રશ્નોનો સૂક્ષ્મ વણાટ, સંસ્કૃતપ્રચુર અને કલ્પનમંડિત ભાષા, પાત્રોનું મનોવિશ્લેષણાત્મક આલેખન, વાતાવરણનું મનો-ભૌગોલિક ગ્રથન અને એ બધાંનું સહજ સંમિલિત રૂપમાં પ્રસ્ફુટન 'શોષ'ને સંઘેડાઉતાર કૃતિ બનાવે છે. સાહિત્ય પરિષદના એકાદ ઇનામથી પોંખીને વિસારે પાડવા જેવી આ કૃતિ નથી. અલબત્ત અન્ય પુરસ્કારોથી પણ મંડિત થઈ શકે એવી 'શોષ'ની આંતર-બાહ્ય ક્ષમતા છે.

## મેળાથી મોબાઇલ સુધી વેરાયેલી બાળઊર્મિઓ | નટવર પટેલ

[**મમ્મી મમ્મી મોબાઇલ** : ફિલિપ ક્લાર્ક, પ્રકા. પોતે, પ્ર.આ. ૨૦૦૬, પૃ. ૫૪, કિં. રૂ. ૨૬/-]

ફિલિપ ક્લાર્કના આ સાતમા બાળકાવ્યસંગ્રહ પર નજર નાખતાં એક વસ્તુ એ નજરે પડી કે એમનાં કાવ્યોમાં લય, ઢાળ, પ્રાસ વગેરે સહજ રીતે પ્રયોજાય છે. તેઓ વિવિધ વિષયોને બાળકાવ્યોમાં ઢાળવાની ખ્વાહિશ ધરાવે છે. અહીં કવિએ ૪૬ રચનાઓ આપી છે, જેમાં મોબાઇલ વિષય પર બે રચનાઓ છે, તો બે પ્રાર્થનાગીતો પણ છે. તદ્ઉપરાંત કવિએ વરસાદ, ફૂલ, પવન, તારા, મમ્મી, કોયલ, ગામ, શેરી, સવાર, વસંત, ઉનાળો, બોરવાળી શિક્ષિકા, તડકો વગેરે વિષયો પર રચનાઓ કરી છે.

કવિનું કર્મ છે કે તે નવા નવા શબ્દો પ્રયોજી ચમત્કૃતિ સર્જે. 'બંદા' કાવ્યમાં કવિએ શબ્દો પાસેથી આવા પ્રકારનું કામ લીધું છે :

**ફૂલો ફરકે ફરક ફરક**
**બંદા હસતા મરક મરક**
**હૈયું ધબકે ધબક ધબક**
**બંદા ચાલે કડક કડક.** (પૃ. ૧૧)

અહીં શબ્દનું પુનરાવર્તન કાવ્યને લય બક્ષે છે. પરંતુ 'ધબક ધબક'ને બદલે 'ધડક ધડક' પ્રયોજી ના શકાય ?

નાનાં બાળકોને નાની વસ્તુઓ ગમે તેવો ભાવ એક કાવ્યમાં કવિ પ્રગટ કરે છે :

**મોટો લાડવો જોઈએ ના**
**લાડુડી ગમતી નાની,**
**રોટલો મોટો જોઈએ ના**
**ચાનકી ગમતી નાની.** (પૃ. ૧૪)

બાળકોને સહજ પ્રશ્ન થશે કે ચાનકી એટલે શું ? નાના રોટલા કે ભાખરીને ચાનકી કહેવાય. બાળકોને કવિએ આ રચના દ્વારા એક નવો શબ્દ આપ્યો છે, ને તે ઉચિત રીતે પ્રયોજાયો છે. તો વળી, કવિએ ક્યાંક ક્યાંક સરસ કલ્પનો પણ પ્રયોજ્યાં છે; જેવાં કે,

**ચોખ્ખા ઘીનો જાણે વહેંચાતો પરસાદ,**
**એવો આવે છે વરસાદ.** (પૃ. ૧૯)

◻

**ફૂલોના ભારથી નમી છે ડાળીઓ**
**હસીહસીને ઝાડ પાડે છે તાળીઓ.** (પૃ. ૨૩)

◻

**બીજમાંથી વૃક્ષ થાય અચરજ થાય,**
**વૃક્ષ મોટું મોટું થાય અચરજ થાય.** (પૃ. ૫૧)

કવિએ અહીં અંગ્રેજી શબ્દોના પ્રયોગો પણ સહજ પ્રાસમાં વણી લઈને કર્યા છે, જેના અર્થ બાળકોને સમજાય એવા છે. નીચેની પંક્તિઓ જુઓ :

**મમ્મી, મમ્મી, લાવી દે**
**જો તું મને મોબાઇલ**
**બદલાઈ જશે મારી સ્ટાઇલ.** (પૃ. ૨૫)

◻

**ફૂલો ખીલી ખીલી કે'તાં ગુડ મૉર્નિંગ,**
**પાંદડાં ઝાકળ ઝીલી કે'તાં ગુડ મૉર્નિંગ.** (પૃ. ૪૪)

◻

**રોટલા શાક ભૂલી ગયાં**
**આવ્યાં પીઝા બ્રેડ**
**નંબર આપવા ભૂલી ગયા**
**આવ્યા એવરેજ ગ્રેડ.** (પૃ. ૫૦)

અહીં કેટલીક ઉત્તમ રચનાઓ છે. તો સાથે સાથે મધ્યમ કક્ષાની રચનાઓ પણ છે. ફિલિપભાઈ ઘણી રચનાઓ આપે છે તેથી આમ થતું હશે ? બાળકોને સહજ રીતે

હોઠે ચડી જાય એવી રચનાઓ હજી આપવી બાકી હશે ? 'ટરરર ટરરર ઢમઢમઢમ' કે 'રીંછ એકલું ફરવા ચાલ્યું', 'ઊંટ કહે આ સમામાં વાંકા...' 'બા, મને ચપટી વગાડતાં આવડી ગઈ...' જેવી રચનાઓ આજના કવિઓ ક્યારે આપશે ? ઉત્તમ નીવડેલા આજના બાળકવિઓ પાસેથી આજનાં બાળકો આવી અપેક્ષા રાખે એ સહજ વાત છે.

બાળકાવ્યોમાં બોધ સહજ રીતે આવે તો તે ન કઠે પરંતુ કવિ શિક્ષક બની બોધ આપવા બેસી જાય ત્યાં રચના ખોડંગાય છે. વળી, એમાં ક્યાંક ભારેખમ શબ્દો પણ કવિને ખબર ન પડે એમ ઘૂસી જાય છે; જેમ કે,

**મોહ-માયા એક ના અમને**
**વહે અમીનાં ગાન**
**એવું દે વરદાન માતા...** (પૃ. ૯)

અહીં 'મોહ-માયા' એટલે શું ? બાળવાચકોને તે સમજાશે ?

**'દેશના સૌને અક્ષરજ્ઞાન અપાવી**
**ભૂલાવું હું મારું-તારું,**
**સુખના સૂરજ ઊગે ધરતી પર**
**કોઈ રહે ના અહીં દુખિયારું.** (પૃ. ૧૬)

ભાવના સારી છે પરંતુ તે શું બાળકો માટે જ છે ? બાળકોને તો નિર્દોષ ધિંગામસ્તી જ કરવા દઈએ તો ? બાળપણ એ જ સુખનો અવસર ન કહી શકાય ?

ક્યાંક અતિરેકમાં કવિ કૃતકતા ભૂલી ગયા છે; જેમ કે,

**'ફૂલ દેવને શિરે ચડે,**
**કાંટા જોઈને ના એ રડે.** (પૃ. ૨૦)

આપણે જાણીએ છીએ કે ગુલાબ સિવાય અન્ય ફૂલોને કાંટા હોતા નથી. તો વળી,

**'આંબાડાળે કોયલબહેની ટહુકા મીઠા કરતાં'** (પૃ. ૪૧)

જે ટહુકે છે તે કોયલ નહીં પરંતુ કોકિલ છે એ વાત પણ કવિ અહીં ભૂલી ગયા છે. આવો ઉલ્લેખ અહીં ત્રણેક રચનાઓ (કાવ્ય નં. ૨૦, ૨૩, ૩૩)માં થયો છે.

બાળકાવ્યોમાં સરળતા ગુણ છે છતાં ચમત્કૃતિ અપેક્ષિત છે, ને કલ્પનોક્થન પણ અનિવાર્ય છે. એવી રચનાઓ જ બાળકોને સવિશેષ ગમે છે.

અહીં કવિએ ત્રણ હાઈકુ આપ્યાં છે. મારું અંગત મંતવ્ય છે કે બાળકાવ્યોમાં હાઈકુ એ બાળકો માટે ભાવતી વાનગી નથી. લાઘવમાં ઘણું સમાવવાની તાકાત હાઈકુમાં છે ખરી પરંતુ એ લાઘવતા સમજવાની બાળમાનસની તૈયારી કેટલી ? એમને તો કથાકાવ્યો ગમે. જોડકણાં ગમે. ત્રણ લીટીમાં બાળમાનસ શી રીતે રીઝે ? મોબાઇલનાં અહીં આપેલાં જોડકણાં યોગ્ય છે.

આકર્ષક મુખપૃષ્ઠ, દરેક કાવ્યે સુંદર ચિત્ર ધરાવતા આ પુસ્તકમાં ઘણી ગેય રચનાઓ સુંદર બની છે. આ કાવ્યો બાળકોને વાંચવાં-ગાવાં ગમશે એવી શ્રદ્ધા સાથે કવિને અભિનંદન પાઠવી વિરમું છું.



## ''તુલસી ઇસ સંસાર મેં ભાત ભાત કે લોગ'' | મંજુલા ડી. છેડા

[**પાઘડી બંધબેસતી** (વ્યંગ્યાત્મક લેખો) : લેખક : ડૉ. વિજય શાસ્ત્રી, પ્રકાશક : ઇમેજ પબ્લિકેશન, પૃ. ૬૪, કિં. રૂ. ૪૫/-]

આ વ્યંગ્યાત્મક લખાણોમાં કુલ ૨૧ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રથમ લેખનું શીર્ષક છે 'સત્તા વત્તા પરપીડન'. અહીં શૈક્ષણિક સંસ્થામાં ઉપરીઓ દ્વારા ગુજારાતા ત્રાસ વિશેની વાત વિવિધ ઉદાહરણ દ્વારા રજૂ કરવામાં આવી છે.

'ભૂખ વગરનાને જમાડવાનું કામ' આ લેખમાં વિદ્યાર્થીને ભણવું નથી છતાં શિક્ષક જબરજસ્તીથી કોળિયા ભરાવે છે ત્યારે તેની કદર થવાને બદલે ઘણા આક્ષેપોનો સામનો કરનાર શિક્ષકની દયનીય સ્થિતિ હળવી શૈલીમાં વ્યક્ત કરી છે.

'કાલે ને કાલે ૪૦૦ દાખલા કરી લાવજે' લેખમાં દમનનો મહિમા અને દમન કરવાની અલગ રીતો આપી છે. સંસ્થામાં ચાલતા પ્રવેશકાર્ય અને ટ્યૂશનમાં ગયેલા નાના બાળકની દશા પ્રત્યે 'No comments' કહીને વિચારતા કરી મૂક્યા છે.

'કામ બીજાઓથી જે લેતા થાય' શીર્ષક જ લેખની ભૂમિકા બાંધી આપે છે. આ લેખમાં અંતે દક્ષિણ ભારતીય એક સંસ્થાની પત્રિકામાંથી લીધેલો ફકરો ખૂબ જ જીવનસ્પર્શી છે.

''માણસ પોતાની મરજી વગર આ જગતમાં આવે છે અને મરજી વગર જ આ જગત તેણે છોડવું પડે છે. બાળપણમાં તે પ્રભુનો પયગંબર ગણાય છે, યુવાનીમાં શયતાનનો શાગિર્દ અને વાર્ધક્યમાં મૂર્ખ ! ...બધાંને રાજી રાખવા અશક્ય છે. ફરજ બજાવો અને નિર્ભય બનો. અનકૉમન બની રહેલી એવી કૉમન સેન્સનો ઉપયોગ કરો. હસતા રહો, કેમ કે દરેકને પોતાની જ ચિંતા-સમસ્યાઓનો એટલો મોટો ઢગલો હોય છે કે એને તમારી સમસ્યા જાણવા-સાંભળવામાં જરા પણ રસ રહ્યો હોતો નથી. (પૃ. ૭)

'જાણીતા થવું કદાચ સહેલું છે, પણ માનીતા થવું અઘરું છે.' લેખમાં જાણીતા અને માનીતા રહેવા માટે અણમાનીતા ન બની રહીએ એ માટે ઝઝૂમ્યા કરતા માનવીની સ્થિતિ દર્શાવી છે.

'મોટા રમી શકે એવી કેટલીક રમતો' લેખમાં જાસૂસી, કાનાફૂસી, ચાડીચુગલી અને પછી તમાશો જોવો એ માણસની ફિતરતમાં છે અને અજાણતા ટારગેટ બની જતા માણસની જિંદગી બેહાલ કરી મૂકે છે.

'લુચ્ચા શાસકોની મોડસ ઓપરેન્ડાઇન' અને 'તમે ખરાબ છો' એમ કહેનારા કે ''મૈંને તો ઐસે હી રૂટિનમેં ગોલીબાર કિયા થા'' લેખમાં સત્તાધારીઓની, ભ્રષ્ટાચારની વાતો પ્રમાણિકપણે કરનાર પોતે કેવો ભ્રષ્ટાચાર આચરે છે તે જાણીને વાચકને 'રૂટિનનો' ધક્કો અચૂક વાગે છે.

'પોતાનાથી અંજાઈ ગયેલા માણસો'માં માણસનો અહં ડોકાય છે, તો 'એમ તે કંઈ આપી દેવાતું હશે'માં પરપીડનવૃત્તિથી મેળવાતો તામસી આનંદ નજરે પડે છે. 'લેતી વખતે તારીખ અને ટાઇમ' લેખમાં 'એમ તે કંઈ આપી દેવાતું હશે.' લેખના સંદર્ભમાં મળેલા પ્રતિસાદના ચર્ચાપત્રો જેમાં માણસ પોતે ગુનેગાર છે છતાં નિર્દોષ હોવાનો દાવો કરે છે અને પોતાની નિર્દોષતા માટે જસ્ટિફિકેશન આપતો હોય એવું લાગે છે.

‘સો જણ તાળી પાડે, એક જણ ના પાડે’ લેખમાં વસ્તુ, વિવેક કે ચોક્કસ વ્યવહાર ન મળ્યાનો વસવસો અને મળ્યાનો હરખ નથી એ દર્શાવ્યું છે. આ લેખમાં જીવનનું સત્ય જાહેર કરીને આપણને આપણા જ ગમા-અણગમા વિશે વિચારતા કરી મૂકે છે.

‘ચેતવણી : જીવનાર શીખે છે.’ દરેક વ્યક્તિ લાગણીનો મોહતાજ છે. અજાણતાં કરેલી ભૂલ સામી વ્યક્તિને કેટલી હદે નારાજ, અપમાનિત કરી શકે તે તો ભોગવનાર વ્યક્તિ જ જાણે. જીવનમાં કોઈ પણ સ્થાને બિરાજમાન દરેક વ્યક્તિ આ ચેતવણી યાદ રાખી સંબંધ તૂટવાની દુર્ઘટના ટાળી શકે છે.

‘શિક્ષાત્મક નિયમોની લાંબીલચક યાદીમાં પણ લેખકે નિયમની જાળમાં ગૂંચવાવાને બદલે બૉસ બની રહેવાનો સીધો ઉપદેશ આપી દીધો છે.

‘આપણી લડાઈ ‘પણ’...’ લેખમાં હકારાત્મક અભિગમ સૂચવીને ગમે તે કામમાં સફળતા મેળવવાની ચાવી આપી દીધી છે. જુઓ :

‘આમ, ‘પણ’ તમને ઠેર ઠેર નડતાં રહે છે. બંગલો સરસ બાંધ્યો છે પણ દૂર બહુ છે. જગ્યા શાંત છે પણ ચોરીનો ભય બહુ છે. છોકરી સુંદર છે પણ ઘમંડી છે, સાહેબ સારા છે પણ પગાર બહુ ઓછો આપે છે. વાંચવાનો શોખ બહુ છે પણ જોઈએ તે ચોપડી મળતી નથી. વાઇસેવર્સા ચોપડીઓ તો બહુ છે પણ વાંચતા નથી. કેમકે દાનત નથી. દાનત હોય તોપણ સમય નથી. માણસ લાગણીવાળો છે પણ મિજાસી છે. વિદ્વાન છે પણ આપવડાઈ બહુ કરે છે.

આવી યાદી વ્યક્તિએ વ્યક્તિએ જુદી જુદી અને નાની-મોટી બને તેમ છે. જીવન જેમ જેમ આગળ વધે તેમ તેમ એ લંબાતી જાય છે. ઘરડાં થયાં પણ ચાકરી કરનાર કોઈ નથી. છોકરાંઓ છે પણ બધાં બહાર છે. પૈસા ખરચીએ પણ માણસ મળતો નથી. ચોપડી ભેટ મોકલે તો છે પણ પછી સમીક્ષા લખવાનું કહે છે.

આમ, આપણી પ્રસન્નતાનો ભાંગીને ભુક્કો કરવા જાતજાતનાં ‘પણ’ તૈયાર ટાંપીને ઊભાં જ હોય છે. આવાં ‘પણ’ નડતાં હોય ‘તોપણ’ તેને જે ગણકારે નહીં તે સાચો મર્દ ! ‘પણ’ની સામે જરૂર છે ‘તોપણ’ની !

‘કેમ બહુ સુકાઈ ગયાં’, ‘ન દીઠાનું દીઠું – ગોળ કરતા ગાજર મીઠું’, ‘સૈયા ભયે કોટવાલ’ લેખોમાં મનુષ્યના સ્વભાવની બીજી બાજુને વ્યક્ત કરી છે. ‘પ્રાણીઓની જીભમાં ઘા રુઝાવવાની શક્તિ છે.’ લેખમાં જ્યોતીન્દ્ર દવેના હાસ્યલેખોનો ઉલ્લેખ કરીને તેમના પ્રત્યેનો આદરભાવ વ્યક્ત કર્યો છે.

ડૉ. વિજય શાસ્ત્રીનું ક્ષેત્ર વાર્તા, નવલકથા, વિવેચન અને વ્યંગ લખાણોનું છે. આ પુસ્તકના વ્યંગાત્મક લેખો ડંખીલા, મર્માળુ હાસ્ય નિપજાવતા, રસિક, હાસ્યની હળવાશવાળા છે. આ લેખોમાં વિવેચકમાં હોવી જોઈએ તેવી ચોકસાઈ છે, સત્યનિષ્ઠા છે, તટસ્થતા છે. આ લેખોનો વ્યંગ સમજણમાંથી પ્રગટેલો હોઈ, ક્યાંય આક્રમકતા, ઉપાલંભ, મહેણા જેવા ઉપચારોનો આશ્રય લીધો નથી.

‘પાઘડી બંધ બેસતી’ પુસ્તકની ભાષા સરળ છે. ટૂંકાં ટૂંકાં વાક્યો છે, પણ પ્રસંગનો મર્મ તરત સમજાઈ જાય છે.

આ પુસ્તક પરપીડનવૃત્તિ ધરાવનાર લોકોને ઉઘાડા પાડે છે. ▯







# પરિષદવૃત્ત

**સં. અનિલા દલાલ**

તા. ૨૨-૨૩-૨૪-૨૫ ઑગસ્ટ-૦૯ – આ દિવસો દરમ્યાન **સાહિત્ય-યાત્રા** – ‘કચ્છ’ – નું આયોજન થયું. તે યાત્રામાં પ્રમુખશ્રી નારાયણ દેસાઈની ઉપસ્થિતિ પ્રેરક રહી. યાત્રા ભુજ, માંડવી, અંજાર, ગાંધીધામ વગેરે સ્થળોએ યોજાયેલી. શૈક્ષણિક, સાહિત્યિક સંસ્થાઓ તેમજ જુદાં જુદાં શહેરોના વિદ્યાર્થીઓ – અધ્યાપકો સાથે વિશિષ્ટ મુલાકાતો ગોઠવાઈ હતી. ઉપપ્રમુખ શ્રી હરિકૃષ્ણ પાઠક તેમજ કવિશ્રી રાજેન્દ્ર શુક્લ, કવયિત્રી નયના જાની વગેરેએ સતત હાજરી આપીને દરેક સ્થાનિક સ્થળોના કવિઓ-સાહિત્યકારો સાથે અનુબંધ જોડી એકત્વની ભાવના જગાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંયોજન- આયોજન કોષાધ્યક્ષશ્રી રાજેન્દ્ર પટેલે સંભાળ્યું હતું.

## ‘સર્જકો સાથે સંવાદ’

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા યોજાતા ‘સર્જકો સાથે સંવાદ’ કાર્યક્રમ અંતર્ગત તા. ૨૮-૮-૨૦૦૯ને શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે શ્રી રતિલાલ બોરીસાગરે ‘શુદ્ધ લેખન’ વિશે વિશદ ચર્ચા કરી હતી. તેમાં કયા શબ્દો ભેગા લખાય, કયા શબ્દો છૂટા લખવા, દ્વિરુક્ત પ્રયોગો ભેગા જ લખાય. શું, શા, શોના ઉપયોગથી ભાવમાં કે વાક્યાર્થમાં કેવો ફેરફાર થાય છે તેની અને ‘જ’ના કેટલાક વિશિષ્ટ પ્રયોગોની ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ નોંધપાત્ર હતી.

**શોકસભા :** ૧-૯-૨૦૦૯ના રોજ પરિષદના ગોવર્ધન સ્મૃતિમંદિરમાં પરિષદના ઉપક્રમે એક શ્રદ્ધાંજલિ સભા ગોઠવાઈ. ગુજરાતી સાહિત્યના અગ્રણી વાર્તાકાર-નાટ્યકાર શ્રી હરીશ નાગ્રેચા, ફાર્બસ ‘ત્રૈમાસિક’ના સંપાદક-વિવેચક શ્રીમતી મંજુબહેન ઝવેરી, સમાજશાસ્ત્રનાં ઊંડાં અભ્યાસી અને લેખિકા શ્રીમતી નીરાબહેન દેસાઈ તેમજ કવિ કાન્તનાં અપ્રકાશિત ગદ્ય-લખાણોનો સંચય આપનાર, કવિ કાન્તનાં પૌત્રી પલ્લવીબહેન ભટ્ટ – દિવંગત થયેલા ગુજરાતી ભાષાના આ અગ્રણી સર્જકો અને ચિંતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. શ્રી કિરીટભાઈ દૂધાત, શ્રી પ્રકાશ ન. શાહ તેમજ શ્રી ઘનશ્યામ શાહે દિવંગતોનાં કાર્યોને – વ્યક્તિત્વને યાદ કરી પોતાની ભાવના પ્રગટ કરી હતી.

## રવીન્દ્રભવન

રવીન્દ્રભવન, ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા. ૨-૯-૨૦૦૯ના રોજ શ્રી ભોળાભાઈ પટેલે રવીન્દ્રનાથના વિવેચનગ્રંથ ‘પ્રાચીન સાહિત્ય’ પર વક્તવ્ય આપ્યું. તેમણે રવીન્દ્રનાથના લેખ ‘શાકુન્તલ’ને કેન્દ્રમાં રાખી રવીન્દ્રનાથે ‘શાકુન્તલ’ અને ‘ટેમ્પેસ્ટ’ની તુલના કરતાં કરતાં ભારતીય તેમજ પાશ્ચાત્ય દૃષ્ટિકોણમાં રહેલી ભિન્નતા દર્શાવવા જે મુદ્દાઓ ચર્ચ્યા છે તેની સ્પષ્ટતા કરી આપી. દૃષ્ટાન્તો – ઉદાહરણો ટાંકી વાર્તાલાપને રસપ્રદ બનાવ્યો. પછી ‘કાવ્યેર ઉપેક્ષિતા’ લેખમાંથી ઊર્મિલા વિશે રવીન્દ્રનાથે લખેલા એક ખંડનું

પઠન કરી ઊર્મિલાની થયેલી ઉપેક્ષાને ખોલી આપી. આરંભમાં શ્રી શૈલેષ પારેખે ભૂમિકા રજૂ કરી હતી.

### શ્રી વિક્રમ ચૌધરીનું વ્યાખ્યાન

ગુજરાતી સાહિત્ય પરિષદની પી. જે. ઉદાણી વ્યાખ્યાનમાળાનું (લોકસાહિત્ય) આ વર્ષનું વ્યાખ્યાન શ્રી વિક્રમ ચૌધરીએ આપ્યું. શ્રી મોરારજી દેસાઈ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વીરપોર (બુહારી) સંસ્થાનો સહયોગ સાંપડ્યો હતો. સંસ્થાના આચાર્ય ડૉ. જયંતીભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં શ્રી વિક્રમભાઈએ 'આદિવાસી કથા અને કહેવતોમાં લોકસૃષ્ટિ' એ વિષય પર પોતાનું વ્યાખ્યાન આપ્યું હતું.

### 'સર્જક સાથે સંવાદ'માં શુદ્ધ લેખન

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'સર્જકો સાથે સંવાદ' કાર્યક્રમમાં તા. ૧૫-૯-૨૦૦૯ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે શ્રી રતિલાલ બોરીસાગરે 'અનુસ્વાર'ની ચર્ચા કરી હતી. આપણા લખાણમાં 'અનુસ્વાર'ની થતી ભૂલોને કારણે કથયિતવ્ય બદલાઈ જાય તેની વાત કરી, અને અનુસ્વારના નિયમોની ઉદાહરણો સાથે સમજૂતી આપી હતી. સુંદરમ્‌ના 'અનુસ્વાર અષ્ટક'નું ગાન રૂપા શેઠ અને મારુત રાવળે સુંદર રીતે કર્યું હતું. અંતે રતિલાલ બોરીસાગરે આપણા લખાણમાં થતી અનુસ્વારની ક્ષતિઓના નિવારણ માટે અને માતૃભાષાની જાળવણી માટે જાગ્રત થવાની અપીલ કરી હતી. વિવિધ કૉલેજોના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં  હાજર રહી આ વક્તવ્યનો લાભ લીધો હતો. ઇતુભાઈ કુરકુટિયાએ સૌનો આભાર માન્યો હતો. આરંભમાં પારુલબહેન દેસાઈએ પરિચય તેમજ ભૂમિકા આપ્યાં હતાં.

### શ્રી નટવર પટેલનું વ્યાખ્યાન

ગુજરાતી સાહિત્ય પરિષદનું 'બાલ-કિશોર સાહિત્ય વ્યાખ્યાનશ્રેણી'નું વ્યાખ્યાન શ્રી નટવર પટેલે ચૌધરી મહિલા અધ્યાપન કૉલેજ, ગાંધીનગરના સહયોગમાં તા. ૧૭-૯-૦૯ના રોજ કૉલેજમાં આપ્યું હતું. 'ગુજરાતી મૌલિક બાળવાર્તાઓમાં જોડકણાં અને સંવાદોનું નિરૂપણ' એ વિષય પર ઉદાહરણો સાથે વિશદ વ્યાખ્યાન રજૂ કર્યું. શ્રી ઈશ્વર પરમારની અધ્યક્ષતામાં અને શ્રી રમેશ ત્રિવેદી (કડી)ના અતિથિવિશેષપદે વિદ્યાર્થીઓની નોંધપાત્ર હાજરીમાં આપેલું આ વ્યાખ્યાન સૌએ માણ્યું હતું. શ્રી પ્રજ્ઞાબહેન પટેલે સંચાલન કર્યું હતું – આચાર્યશ્રી આર. એન. પટેલે સૌનું ભાવભીનું સ્વાગત કર્યું હતું.

### 'પાક્ષિકી' : શ્રી સતીશ વ્યાસના નાટક 'ધૂળનો સૂરજ'નું પઠન

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'પાક્ષિકી' અંતર્ગત તા. ૧૭-૯-૦૯ના રોજ સાંજે ૬ વાગ્યે શ્રી સતીશ વ્યાસ લિખિત જયંત ખત્રીના જીવન આધારિત નાટક 'ધૂળનો સૂરજ'નું શ્રી પ્રવીણ પંડ્યા અને તેમના સાથી કલાકારોએ નાટ્યાત્મક પઠન કર્યું હતું. પ્રવીણ પંડ્યાએ જયંત ખત્રીનાં વ્યક્તિત્વ અને સર્જનને વ્યક્ત કરતા નાટ્યઅંશો પસંદ કર્યા હતા. નાટ્યાત્મક પઠનની વચ્ચે વચ્ચે પ્રવીણ પંડ્યાની પૂર્તિરૂપ વિગતોથી સમગ્ર નાટક ઉપસ્થિત ભાવકો સુધી સમુચિત રૂપે પહોંચ્યું હતું. ત્યારબાદ સતીશ વ્યાસે નાટ્યલેખનપ્રક્રિયા વિશે





વાત કરી હતી. ત્યારબાદ ચર્ચામાં રઘુવીર ચૌધરી, મહેન્દ્રસિંહ પરમાર, રાજેન્દ્ર પટેલ, પરેશ નાયકે નાટ્યલેખન અને મંચન વિશેના અનેક મુદ્દાઓ ખોલી આપ્યા હતા.

### મધ્યસ્થ સમિતિની ચૂંટણી : ૨૦૧૦-૨૦૧૩

૧. આજીવન સભ્યોના અને સામાન્ય સભ્યોના મતદાર વિભાગમાંથી ચૂંટાયેલા સભ્યો :

| ક્રમ | ઉમેદવારનું નામ | મળેલા મત |
|---|---|---|
| ૧. | વર્ષા અડાલજા | ૮૨૦ |
| ૨. | રતિલાલ બોરીસાગર | ૮૧૯ |
| ૩. | માધવ રામાનુજ | ૮૦૫ |
| ૪. | પ્રિયકાન્ત પરીખ | ૭૮૭ |
| ૫. | વીનેશ અંતાણી | ૭૮૬ |
| ૬. | નીતિન વડગામા | ૭૭૪ |
| ૭. | અનિલા દલાલ | ૭૭૧ |
| ૮. | હરિકૃષ્ણ પાઠક | ૭૭૧ |
| ૯. | ઉષા ઉપાધ્યાય | ૭૬૮ |
| ૧૦. | ભોળાભાઈ પટેલ | ૭૬૭ |
| ૧૧. | જનક નાયક | ૭૫૦ |
| ૧૨. | રવીન્દ્ર પારેખ | ૭૩૪ |
| ૧૩. | યોગેશ જોષી | ૭૨૮ |
| ૧૪. | સતીશ વ્યાસ | ૭૨૭ |
| ૧૫. | નિરંજન ત્રિવેદી | ૭૨૬ |
| ૧૬. | ભારતી ર. દવે | ૭૨૩ |
| ૧૭. | પ્રકાશ ન. શાહ | ૭૨૦ |
| ૧૮. | જલન માતરી | ૭૦૨ |
| ૧૯. | જયેન્દ્ર શેખડીવાળા | ૬૮૯ |
| ૨૦. | પ્રફુલ્લ રાવલ | ૬૮૫ |
| ૨૧. | ઊજમશી પરમાર | ૬૮૪ |
| ૨૨. | પરેશ નાયક | ૬૮૦ |
| ૨૩. | નિરંજન રાજ્યગુરુ | ૬૭૭ |
| ૨૪. | મહેશ દવે | ૬૭૩ |
| ૨૫. | યશવંત કડીકર | ૬૭૨ |
| ૨૬. | રતિલાલ નાયક | ૬૬૮ |
| ૨૭. | નરોત્તમ વાળંદ | ૬૪૨ |
| ૨૮. | કીર્તિદા શાહ | ૬૨૯ |
| ૨૯. | પ્રજ્ઞા પટેલ | ૬૧૪ |
| ૩૦. | બકુલેશ દેસાઈ | ૫૯૫ |
| ૩૧. | પ્રફુલ્લ દેસાઈ | ૫૮૯ |
| ૩૨. | અજય પાઠક | ૫૮૧ |
| ૩૩. | ડાહ્યાભાઈ પટેલ 'માસુમ' | ૫૮૧ |
| ૩૪. | ફિલીપ ક્લાર્ક | ૫૬૪ |
| ૩૫. | ધ્વનિલ પારેખ | ૫૬૩ |
| ૩૬. | અજયસિંહ ચૌહાણ | ૫૪૮ |
| ૩૭. | ભરત મહેતા | ૫૪૮ |
| ૩૮. | પીંકી પંડ્યા | ૫૨૬ |
| ૩૯. | મનોહર ત્રિવેદી | ૫૨૩ |
| ૪૦. | મોહન પરમાર | ૫૨૩ |

નોંધ : ૫૨૩ અને તેથી વધુ મત મેળવતા ઉમેદવારોને ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે.

૨. સભ્ય સંસ્થાઓના મતદાર વિભાગમાંથી નીચેના ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે.

(૧) પ્રકાશચંદ્ર આર. પંડ્યા (અસાઈન સાહિત્ય સભા, મહેસાણા)
(૨) પ્રફુલ્લ ભારતીય (સંકલ્પ પરિવાર, નડિયાદ)
(૩) રમેશચંદ્ર જી. ઓઝા (નર્મદ સાહિત્યસભા, સુરત)

(૪) ડૉ. વિરંચી ત્રિવેદી (પ્રેમાનંદ સાહિત્યસભા, વડોદરા)

૩. સંવર્ધકોના મતદાર વિભાગમાંથી નીચેના ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે.

(૧) કલ્પના પી. પરીખ (૩) રાજેન્દ્ર બી. પટેલ

(૨) મનસુખ સલ્લા (૪) રૂપા શેઠ

૪. દાતાઓના મતદાર વિભાગમાંથી નીચેના ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે.

(૧) ચિમનલાલ ત્રિવેદી

(૨) જયંતિ એમ. દલાલ

૫. મધ્યસ્થ સમિતિના કાયમી સભ્યો :

**ટ્રસ્ટીઓ :** (૧) પ્રફુલ્લ અનુભાઈ (૪) શ્રેણિકભાઈ શેઠ

(૨) બળવંત પારેખ (૫) રઘુવીર ચૌધરી (પૂર્વ પ્રમુખ)

(૩) વિનોદ ભટ્ટ (પૂર્વ પ્રમુખ) (૬) નિરંજન ભગત (પૂર્વ પ્રમુખ)

૬. પૂર્વ પ્રમુખો : (૧) કુમારપાળ દેસાઈ (૪) નટવરલાલ પંડ્યા 'ઉશનસ્'

(૨) ધીરુભાઈ ઠાકર (૫) નારાયણ દેસાઈ

(૩) ધીરુબહેન પટેલ (૬) રાજેન્દ્ર શાહ

૭. સન્માન્ય સભ્યો :

૧. ચંદ્રકાંત શેઠ ૪. કુલીનચંદ્ર યાજ્ઞિક

૨. દુષ્યંત પંડ્યા ૫. નરોત્તમ પલાણ

૩. મોહનલાલ પટેલ

ગુજરાતી સાહિત્ય પરિષદના બંધારણ અનુસાર સાત સન્માન્ય સભ્યો હોય છે. તા. ૧-૧-૨૦૧૦થી અમલમાં આવનાર સભ્યો મુજબ હાલમાં પાંચ સન્માન્ય સભ્યો છે :

(૧) ચંદ્રકાંત શેઠ (૨) દુષ્યંત પંડ્યા (૩) મોહનલાલ પટેલ (૪) કુલીનચંદ્ર યાજ્ઞિક (૫) નરોત્તમ પલાણ

ખાલી રહેલી બે જગ્યાઓ ભરવા માટે નામ સૂચવવા મધ્યસ્થ સમિતિના સભ્યોને વિનંતી છે.

વર્તમાન પ્રમુખ, સાહિત્ય પરિષદના વરાયેલા પ્રમુખ, અને એક પૂર્વ પ્રમુખ મળીને સૂચવાયેલાં નામોમાંથી બે સન્માન્ય સભ્યોની પસંદગી કરશે.

**વહીવટી મંત્રી**

▯



# સાહિત્યવૃત્ત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

## સુન્દરમ્‌ની પ્રતિમાનું અનાવરણ

૨૩ સપ્ટેમ્બરના રોજ કવિશ્રી સુન્દરમ્‌ની પ્રતિમાનું અનાવરણ કવિના વતન માતર ખાતે થયું. આ કાર્યક્રમના અધ્યક્ષ સાંસદ અહમદભાઈ પટેલ હતા અને મુખ્ય મહેમાન શંકરસિંહ વાઘેલા હતા તેમજ કુમારપાળ દેસાઈ, મણિલાલ હ. પટેલ અને સુધા સુન્દરમ્ ઉપસ્થિત હતા.

## આજના વાર્તાસ્વર

સાહિત્ય અકાદમી અને સાહિત્યવર્તુળ, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, ભાવનગર યુનિવર્સિટી દ્વારા 'આજના વાર્તાસ્વર' કાર્યક્રમમાં મોહન પરમાર (વરસાદ), અજિત ઠાકોર (ખીજડિયા દાદા), માય ડિયર જયુ (છકડો), કિરીટ દૂધાત (બાયું) અને નવનીત જાની (સંપર્ક)એ પોતાની વાર્તાઓનું પઠન કર્યું હતું. વિનોદ જોશીએ આ વાર્તાકારોનો પરિચય આપ્યો હતો. પાંચે વાર્તાકારોની વાર્તાઓના અંશનું મંચન ડૉ. મહેન્દ્રસિંહ પરમારના દિગ્દર્શન તળે થયું હતું.

## 'પ્રિસ્ક્રીપ્શન' નામક સંસ્થાની સ્થાપના

ગુજરાતના ૩૦ તબીબો, જેઓ સાહિત્યમાં પણ કાર્યરત છે તેમનું સંમેલન ડૉ. પ્રદીપ પંડ્યા અને ડૉ. દીના શાહે યોજ્યું હતું અને ત્યારે 'પ્રિસ્ક્રીપ્શન' નામક સાહિત્યિક સંસ્થાની સ્થાપના કરાઈ હતી.

## અલીયાબાડામાં 'મનોજપર્વ'

મનોજ ખંડેરિયાની સ્મૃતિમાં અલીયાબાડા ખાતે 'મનોજ પર્વ'નું આયોજન પૂર્ણિમાબહેન ખંડેરિયાના સહયોગથી નરસિંહ મહેતા સાહિત્યનિધિ અને ગંગાજળા વિદ્યાપીઠના ઉપક્રમે થયું હતું. પહેલા દિવસની પહેલી બેઠકની અધ્યક્ષતા રાજેન્દ્ર શુક્લે કરી હતી. ગઝલ સંદર્ભે મનોહર ત્રિવેદી અને રાજેશ વ્યાસ 'મિસ્કીને' વક્તવ્યો આપ્યાં હતાં. બીજી બેઠકના અધ્યક્ષ ચિનુ મોદી હતા. જયેન્દ્ર શેખડીવાળા અને સ્નેહલ જોશીએ વક્તવ્યો આપ્યાં હતાં. બીજા દિવસની બેઠક રઘુવીર ચૌધરીની અધ્યક્ષતામાં થઈ હતી. નીતિન વડગામા, અશોકપુરી ગોસ્વામી, હર્ષ બ્રહ્મભટ્ટ અને કેસર મકવાણાનાં વક્તવ્યો થયાં હતાં.

## યાસીન દલાલનું નામ લિમ્કા બુક ઑફ રેકોર્ડ્ઝમાં

પત્રકાર ક્ષેત્રે આગવું પ્રદાન કરનાર પ્રા. ડૉ. યાસીન દલાલે વિવિધ માધ્યમો વિશે ૬૫ પુસ્તકો લખ્યાં છે એમના કાર્યની કદર કરીને લિમ્કા કંપનીએ લિમ્કા બુક ઑફ રેકોર્ડ્ઝમાં એમને સ્થાન આપીને એમનું બહુમાન કર્યું છે.

### હરીશ ઠાકરને ગૌરવ પુરસ્કાર

સંગીત, નાટક અને સાહિત્ય ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન માટે નડિયાદના હરીશ ઠાકરને ગુજરાત રાજ્યનો રૂ. ૫૧ હજારનો ગૌરવ પુરસ્કાર જાહેર કરાયો છે. એમને અભિનંદન.

### 'સખી બદલો સમણાં' નવલકથાની લોકાર્પણવિધિ

બનાસ સાહિત્ય કલાસંઘ ને રોટરી ક્લબ, ડીસાના સંયુક્ત ઉપક્રમે કનુભાઈ આચાર્ય લિખિત 'સખી બદલો સમણાં' નવલકથાની લોકાર્પણવિધિ ડીસા ખાતે ૧૦ સપ્ટેમ્બર ...... યોજવામાં આવી. ત્યારે મુશાયરાનું આયોજન પણ થયું હતું.

### ગુજરાતી લેખક મંડળન કેન્દ્રના સ્થાપનાદિન પુસ્તકનું લોકાર્પણ

ગુજરાતી લેખકમંડળના ભાવનગર કેન્દ્રના પાંચમા સ્થાપના દિન નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં કેન્દ્રની પ્રવૃત્તિઓ સાથે નીતિન ત્રિવેદીના વાર્તાસંગ્રહ 'પસંદગીનો દુશ્મન'નું લોકાર્પણ થયું હતું.

### 'લેખિની'ના દશાબ્દી વર્ષની ઉજવણી

૫ સપ્ટેમ્બરના રોજ 'લેખિની' અને મહારાષ્ટ્ર ગુજરાતી સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે 'લેખિની'ના દશાબ્દી વર્ષની ઉજવણી થઈ હતી અને ત્યારે ધીરુબહેન પટેલે 'લેખિની'ના ૪૦મા અંકનું વિમોચન થયું હતું.

### 'સોનલધામ' ખાતે કવિસંમેલન

જામનગર જિલ્લાના ભોગાત ગામના 'સોનલધામ' ખાતે ૧૦ સપ્ટેમ્બરે કવિસંમેલન યોજાઈ ગયું જેનું સંચાલન જીવણભાઈ ગઢવીએ કર્યું હતું.

### શ્રીમદ્ રાજચંદ્રનો મહાત્મા ગાંધી પર પ્રભાવ

શ્રીમદ્ રાજચંદ્ર અને કાનજીસ્વામી સ્વાધ્યાય કેન્દ્ર, પ્રાકૃત – પાલિ વિભાગ, ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે ૨૪ સપ્ટેમ્બરે 'શ્રીમદ્ રાજચંદ્રનો મહાત્મા ગાંધી પર પ્રભાવ' વિષય પર ડૉ. પરિમલ ત્રિવેદીની અધ્યક્ષતામાં કુમારપાળ દેસાઈએ વ્યાખ્યાન આપ્યું હતું.

### ડૉ. કુમારપાળ દેસાઈના 'ધ બ્રેવ હાર્ટસ્' પુસ્તકનું ન્યૂજર્સીમાં વિમોચન

અમેરિકાની ઇન્ડો-અમેરિકન લિટરરી અકાદમીના ઉપક્રમે ન્યૂજર્સીના નોર્થ બ્રન્સવિકના બાર્ન્સ એન્ડ નોબેલ બુકસ્ટોરમાં યોજાયેલા કાર્યક્રમમાં જાણીતા સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈના અંગ્રેજી પુસ્તક 'ધ બ્રેવ હાર્ટ્સ'નું વિમોચન ન્યૂજર્સીના ગવર્નરના ખાસ પ્રતિનિધિ અને ગવર્નર હાઉસના ડિરેક્ટર શ્રીમતી જિજ્ઞા રાવે કહ્યું હતું.



# પરબ

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :

-  'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
-  'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
-  'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
-  વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.
-  ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
-  પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
-  પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
-  'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

## લેખકોને :

-  'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
-  લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા 4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
-  **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો જ અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ રદ ગણવી. પૉસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
-  **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ' ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

ઉમાશંકર જોશીના પત્રોના સંચયનો પ્રથમ ભાગ પ્રગટ થઈ ચૂક્યો છે.

તમારી નકલ આજે જ મેળવી લો.

# પત્રો

## (૧૯૨૮—૧૯૫૦)

## ઉમાશંકર જોશી

સંપાદન : નંદિની જોશી, દેવેન્દ્ર જોષી

પ્રકાશક : ગંગોત્રી ટ્રસ્ટ, ૨૦૦૯, પૃષ્ઠસંખ્યા : ૪૪૨, મૂલ્ય : રૂ. ૩૦૦

પ્રાપ્તિસ્થાન :

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ ૩૮૦૦૦૧

ગ્રંથાગાર,
ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઈમ્સની પાછળ,
આશ્રમમાર્ગ, અમદાવાદ ૩૮૦૦૦૯

તથા

જાણીતા અન્ય વિક્રેતાઓ

## ગુજરાતી સાહિત્ય પરિષદનાં પ્રકાશનો : નવલકથા, નવલિકા

| શીર્ષક | પ્રકાશનવર્ષ | લેખક/સંપાદક | કિંમત રૂ. |
|---|---|---|---|
| ધોધમાર | 2009 | રેણુકા એચ. પટેલ | 70 |
| ઉઘાડા આકાશનો એક ટુકડો | 2009 | સુહાસ ઓઝા | 90 |
| કોતરની ધાર પર | 1982 | કાનજી પટેલ | 10 |
| જળદુર્ગ | 1983 | રવીન્દ્ર પારેખ | 22 |
| પારસમણિના સ્પર્શે | 2003 | મુકુલ કલાર્થી | 70 |
| યુધિષ્ઠિર | 1968 | જયંતી દલાલ | 6 |
| હનુમાન-લવકુશમિલન | 1982 | ભૂપેશ અધ્વર્યુ | 15 |
| સ્વપ્નવટો | 1986 | રવીન્દ્ર પારેખ | 20 |
| ક્યાંય નહિ, કદી નહિ | 1998 | મનેશચંદ્ર કંસારા | 90 |
| સવ્ય-અપસવ્ય | 1998 | અનિલ વ્યાસ | 120 |
| વ્યથાનો અવાજ | 2000 | નીલા શાહ | 40 |
| કાંઠાનું જળ | 2000 | કંદર્પ ર. દેસાઈ | 70 |
| ઉન્મેષ | 2000 | જિતેન્દ્ર પટેલ | 95 |
| વિકલ્પ (લઘુકથા) | 2003 | મોહનલાલ પટેલ | 105 |
| તિરાડનો અજવાસ | 2004 | નવનીત જાની | 90 |
| અહા, કેટલી સુંદર ! | 2006 | રજનીકુમાર પંડ્યા | 80 |
| પ્રવેશદ્વાર | 2006 | દીવાન ઠાકોર | 80 |
| ગુજરાતી નવલિકાચયન : 1994-95 | 1998 | સં. વીનેશ અંતાણી | 110 |
| ગુજરાતી નવલિકાચયન : 1996 | 1998 | સં. કિરીટ દૂધાત | 65 |
| ગુજરાતી નવલિકાચયન : 1997 | 2000 | સં. રવીન્દ્ર પારેખ | 112 |
| ગુજરાતી નવલિકાચયન : 1998 | 2000 | સં. બિપિન પટેલ | 70 |
| ગુજરાતી નવલિકાચયન : 1999 | 2001 | સં. યોગેશ જોષી | 100 |
| ગુજરાતી નવલિકાચયન : 2000 | 2002 | સં. શરીફા વીજળીવાળા | 85 |
| ગુજરાતી નવલિકાચયન : 2001 | 2004 | સં. શિરીષ પંચાલ | 55 |
| ગુજરાતી નવલિકાચયન : 2002 | 2004 | સં. નવનીત જાની | 80 |
| ગુજરાતી નવલિકાચયન : 2003 | 2004 | સં. દીપક રાવલ | 60 |
| ગુજરાતી નવલિકાચયન : 2004 | 2006 | સં. ભરત નાયક | 115 |
| ગુજરાતી નવલિકાચયન : 2005 | 2007 | સં. મોહન પરમાર | 100 |
| ગુજરાતી નવલિકાચયન : 2006 | 2008 | સં. હસમુખ કે. રાવલ | 80 |
| ગુજરાતી નવલિકાચયન : 2007 | 2008 | સં. હિમાંશી શેલત | 75 |

પ્રાપ્તિસ્થાન

ગ્રંથાગાર

પોસ્ટ બૉક્સ 4161 • ગુજરાતી સાહિત્ય પરિષદ ભવન 'ટાઇમ્સ' પાછળ • નદી-કિનારે • આશ્રમ માર્ગ • અમદાવાદ 380009 • ફોન : (079) 26587949, 26580712 • Email : granthagar@yahoo.com

## ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત તદ્દન નવાં પ્રકાશનો




**['યાત્રિક'** : પ્રબોધકુમાર સાન્યાલ, અનુ. સુજ્ઞા શાહ, પ્ર.આ. ૨૦૦૯, ડિમાઈ, કાચું પૂંઠું, પૃ. ૮+૧૪૪, કિં. રૂ. ૯૫/-]

બંગાળી સાહિત્યના ખ્યાતિપ્રાપ્ત સર્જક પ્રબોધકુમાર સાન્યાલ એમની પ્રવાસકથાઓ – ભ્રમણવૃત્તના સર્જક તરીકે જાણીતા છે. એમના પ્રવાસવૃત્ત 'મહાપ્રસ્થાનેર પથે'નો ગુજરાતી અનુવાદ સુજ્ઞાબહેન શાહે તૈયાર કરી આપ્યો છે. આ ભ્રમણવૃત્ત ઉપરથી 'યાત્રિક' નામક સુંદર ફિલ્મ પણ બનીહતી. લેખકે ચાર યાત્રાધામોની યાત્રાના વિકટ માર્ગનું અને તેની પ્રકૃતિનું અદ્‌ભુત વર્ણન કરીને એને જીવંત બનાવી છે. યાત્રાના રસ્તે મળેલાં અજાણ્યાં સહયાત્રીઓનાં પાત્રો લેખકે કથામાં ખૂબીથી ગૂંથ્યાં છે. લેખક આવાં અજાણ્યાં સહયાત્રીઓ સાથે લાગણીના તંતુથી જોડાય છે, એનું માર્મિક આલેખન કરે છે, જે આ ભ્રમણવૃત્તની આગવી વિશેષતા છે.

સુજ્ઞાબહેન બંગાળી સાહિત્યનાં અભ્યાસી છે. એમણે પૂર્વે પણ બંગાળીમાંથી અનુવાદ કર્યા છે.

સદ્‌ગત હીરાલાલ પો. શાહની સ્મૃતિમાં પ્રગટ થયેલ પુસ્તક-પ્રકાશનશ્રેણીનું આ ચોથું પુસ્તક છે. સહૃદય ભાવકો આ ભ્રમણકથાને ઉમળકાભેર આવકારશે એવી અપેક્ષા છે.

**['ધોધમાર'** : રેણુકા એમ. પટેલ, પ્ર. આ. ૨૦૦૯, ડિમાઈ, કાચું પૂંઠું, પૃ. ૮+૧૧૨, કિં. રૂ. ૭૦/-]




શ્રી બી. કે. મજુમદાર શ્રેણી અંતર્ગત આ વાર્તાસંગ્રહ 'ધોધમાર' બાવીસમા મણકા રૂપે પ્રગટ થઈ રહ્યો છે. આ સંગ્રહના વાર્તાકાર રેણુકા એચ. પટેલે વાર્તાસર્જનનો આરંભ હિન્દી સામયિક 'સરિતા' દ્વારા યોજાયેલી વાર્તાસ્પર્ધામાં પુરસ્કૃત થયેલી વાર્તાની પ્રેરણાથી કર્યો છે. એ પછી એમણે ગુજરાતીમાં વાર્તાલેખન આરંભ્યું અને ગુજરાતી સાહિત્યનાં વિવિધ સામયિકોમાં એમની વાર્તાઓ પ્રકાશિત થતી રહી છે. ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આયોજિત એનીબહેન સરૈયા વાર્તાસ્પર્ધામાં એમની વાર્તા 'હું : આલોક જોષી' પ્રથમ સ્થાને પુરસ્કૃત થઈ છે. નારીચેતનાના નિરૂપણમાં સક્રિય રસ દાખવનાર વાર્તાકાર રેણુકાબહેનનો આ પ્રથમ વાર્તાસંગ્રહ છે. એમની મોટાભાગની વાર્તાઓમાં સ્ત્રી કેન્દ્રસ્થાને રહી છે. 'હું આવું ?', 'અનુનો ઓરડો', 'પોટલી', 'માનસપુત્રી', 'ગૃહપ્રવેશ' વગેરેમાં સ્ત્રી અને સ્ત્રી વચ્ચેના લાગણીભીના સંબંધોના તાણાવાણાની વાત છે. વાર્તારસિક વાચકોને આ સંગ્રહ દ્વારા વાર્તાવાચનનો આનંદ સાંપડશે એવી આશા છે.

### ગુજરાતી સાહિત્ય પરિષદ

નદીકિનારે, 'ટાઈમ્સ' પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૭૯૪૭



## ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત તદ્દન નવાં પ્રકાશનો



**['ઉઘાડા આકાશનો એક ટુકડો'** : સુહાસ ઓઝા, પ્ર.આ. ૨૦૦૯, ડિમાઈ, કાચું પૂંઠું, પૃ. ૧૦+૧૪૬, કિં. રૂ. ૯૦/-]

ગુજરાતી સાહિત્ય પરિષદની શતાબ્દી ગ્રંથશ્રેણીનું આ ચોત્રીસમું પુસ્તક છે. આ વાર્તાસંગ્રહનાં લેખિકા સુહાસબહેન ઓઝા વાર્તાકાર ઉપરાંત નવલકથાકાર તેમજ કવયિત્રી પણ છે. જીવનની ચડતી-પડતી અને સુખ-દુઃખને પચાવી જાણનાર વ્યક્તિના હૃદયમાં અનેક સંવેદનાઓ જાગે છે. આ વિવિધ સંવેદનાની સચ્ચાઈને લેખિકાએ આ વાર્તાઓમાં વાચા આપી છે. વળી, એમની વાર્તાઓમાં સ્ત્રીપાત્રોનું નિરૂપણ વિશેષ મહત્ત્વ ધરાવે છે. સાઈઠના દાયકાથી આરંભાયેલી તેમની વાર્તાલેખનની યાત્રા ચાર દાયકાથી વધુ સમયમાં વિસ્તરે છે. એમની કેટલીક વાર્તાઓનો અંગ્રેજી અને હિંદીમાં અનુવાદ થયો છે.

સુરતી મોઢ વણિક જ્ઞાતિના મુખપત્ર 'જ્યોતિર્ધર'ના સૌજન્યથી પુસ્તક-પ્રકાશનાર્થે ગુજરાતી સાહિત્ય પરિષદને મળેલ આર્થિક સહયોગથી આ વાર્તાસંગ્રહ પ્રગટ થાય છે. ભાવકો આ વાર્તાસંગ્રહને આવકારશે એવી આશા છે.

**['ગુજરાતી નાટક'** : સતીશ વ્યાસ, પ્ર.આ. ૨૦૦૯, ડિમાઈ, પાકું પૂંઠું, પૃ. ૮+૩૨૬, કિં. રૂ. ૧૭૫]




ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાય-મંદિર અંતર્ગત શ્રી ભોગીલાલ સાંડેસરા સ્વાધ્યાયપીઠના સંશોધક અધ્યાપક તરીકે વરાયેલા, ગુજરાતીના જાણીતા નાટ્યલેખક અને વિવેચક શ્રી સતીશભાઈ વ્યાસના સ્વાધ્યાયના ફળસ્વરૂપે 'ગુજરાતી નાટક' (વિવેચન) પ્રકાશિત થાય છે. દલપતરામકૃત 'લક્ષ્મી નાટક'થી આરંભાઈને પરેશ નાયકકૃત નાટક 'ઈ.સ. ૨૦૨૨' સુધી વિસ્તરતા આ પુસ્તકમાં ગુજરાતી નાટકનાં ભરતીઓટ વિશે જ નહીં, યુગકારી પ્રભાવ અને તેનાં પરિબળો વિશે વિચારણા થઈ. નાટ્યસમીક્ષાની પૂર્વે લેખકે એક વિશિષ્ટ સ્વરૂપ લેખે નાટકની વિલક્ષણતાઓ ચીંધી છે; એટલું જ નહીં, નાટ્યસર્જનની પ્રક્રિયા અને પ્રસ્તુતિનો પણ વિચાર કર્યો છે. અહીં પારસી નાટકોની વાત છે, તેમજ ઉમાશંકરના અગ્રંથસ્થ 'અનાથ' નાટકની પણ વાત છે. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં ગુજરાતી નાટકોનાં સ્થિત્યંતરોનું અહીં આલેખન થયું છે. અપેક્ષા છે નાટ્યલેખન-વિવેચન અને નિર્માણ – ઉભય પક્ષે કાર્યરત સૌને આ ગ્રંથની સહાય મળશે.

### ગુજરાતી સાહિત્ય પરિષદ

નદીકિનારે, 'ટાઈમ્સ' પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૭૯૪૭